# સંશોધન સારસંગ્રહ

૧૯૮૧—૮૨

: સંકલન :

ડૉ. ઠાકોરભાઈ નાયક

મુસ્તાઅલી મસવી

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪
૧૯૮૨

113

પ્રકાશક
રામલાલ ડાહ્યાભાઈ પરીખ
વ્યવસ્થાપક ટ્રસ્ટી,
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ–૩૮૦૦૧૪.

૧૯૮૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | મૂળ લેખક/સારદોહન | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૧. | ગુજરાતના હરિજનો | લેખક : મુસ્તાઅલી મસવી<br>સારદોહન : ચંદ્રકાન્ત ઉપાધ્યાય | ૧ |
| ૨. | હરિજન સાહિત્યકારો અને સામાજિક પરિવર્તન | લેખક : કાન્તિભાઇ મકવાણા<br>સારદોહન : " | ૧૦ |
| ૩. | પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો: સાગટાળા (જિ. પંચમહાલ) | લેખક : ભીખાભાઇ પટેલ<br>સારદોહન : " | ૧૫ |
| ૪. | પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો : ભાનબાઇ (જિ.સુરત) | લેખક : મુસ્તાઅલી મસવી અને ભીખાભાઇ પટેલ<br>સારદોહન : ભીખાભાઇ પટેલ | ૨૩ |
| ૫. | પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો મોહિની (જિ. સુરત) | લેખક : ગૌરીશ પંડયા<br>સારદોહન : જશવંતસિંહ રાઠોડ | ૩૦ |
| ૬. | પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો : મલાવ (જિ.વલસાડ) | લેખક : ગૌરીશ પંડયા<br>સારદોહન : જશવંતસિંહ રાઠોડ | ૩૮ |
| ૭. | બાવચા : ગુજરાતની એક અજાણી અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ | લેખક : ચંદ્રકાન્ત પટેલ<br>સારદોહન : " | ૪૫ |
| ૮. | પોમલા : ગુજરાતની એક અજાણી અનુસૂચિત જનજાતિનો વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અભ્યાસ | લેખક : ચંદ્રકાન્ત ઉપાધ્યાય<br>સારદોહન : " | ૫૨ |
| ૯. | વાઘરી : સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન | લેખક : સિદ્ધરાજ સોલંકી<br>સારદોહન : ચંદ્રકાન્ત પટેલ | ૬૦ |
| ૧૦. | ઠાકોર : સામાજિક પછાતપણાનો એક માનવશાસ્ત્રીય અધ્યયન | લેખક : ગૌરીશ પંડયા અને શંકરભાઇ પટેલ<br>સારદોહન : જશવંતસિંહ રાઠોડ | ૭૩ |
| ૧૧. | બળદલોનું મૂલ્યાંકન | લેખક : શ્રીમતી ભારતીબહેન દેસાઇ<br>સારદોહન : " | ૭૮ |

# ગુજરાતના હરિજનો

(૧૯૮૧-૮૨ના વર્ષમાં સ્પેશ્યલ કોમ્પોનન્ટ પ્લાન હેઠળ આવરી લીધેલ ૩૧૬ ગામોનો સામાજિક-આર્થિક અભ્યાસ)

અહેવાલ લેખન : મુસ્તાઅલી મસવી

સારદોહન : ચંદ્રકાન્ત ઉપાધ્યાય

પાના : ૧૭૦

આપણા દેશની બંધારણની કલમ ૪૬ માં કેન્દ્ર અને રાજય સરકારને નબળા વર્ગોની શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષની ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. આથી સમાજના નબળા વર્ગો જેવા કે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સર્વાંગી વિકાસ માટે રાજયે ખાસ પ્રબંધ કરવાનો રહે છે. શરૂઆતમાં અનુસૂચિત જાતિના કે કલ્યાણ કાર્યક્રમો માત્ર પછાતવર્ગ કલ્યાણને લગતી યોજનાઓ ચલાવનાર ખાતા દ્વારા અમલમાં મૂકવામાં આવતા હતા. પરંતુ વખત જતાં આ દિશામાં નક્કર કાર્યક્રમ હાથ ધરવાનાં પગલાં લે દેશની નીતિને અનુરૂપ 'સ્પેશ્યલ કોમ્પોનન્ટ' પ્લાનનું આયોજન કરવામાં આવ્યું. આ યોજનાના અમલીકરણ પૂર્વે અથવા તો યોજનાનો વ્યવહારૂ અમલ થાય તે માટે અનુસૂચિત જાતિના લોકોની સામાજિક-આર્થિક સ્થિતિ જાણવી જરૂરી જ નહીં પરંતુ અનિવાર્ય બને છે. આ માટે ૧૯૮૦-૮૧માં સમાજ કલ્યાણ ખાતા દ્વારા ૨૮૫ ગામોની તપાસ કરવામાં આવી હતી, ૧૯૮૧-૮૨માં ૩૧૬ ગામોની આવી જ રીતની તપાસ ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સમાજ કલ્યાણ ખાતા દ્વારા સોંપાામાં આવી હતી.

અનુસૂચિત જાતિઓમાં ઢેડ, ભંગી, ચમાર, વણકર જેવી અસ્પૃશ્ય ગણાતી બધી જ જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ભારતમાં અનુસૂચિત જાતિઓની વસ્તી ૭,૯૯,૯૫,૮૯૬ છે જે ભારતની કુલ વસ્તીના ૧૪.૬૦ ટકા થાય છે. ગુજરાતમાં ૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ અનુસૂચિત જાતિની વસ્તી ૧૮,૨૫૪૩૨ની છે. એટલે કે એ કુલ વસ્તીના ૬.૮૪ ટકા છે.

ગુજરાતમાં અનુસૂચિત જાતિની વસ્તીમાં ઢેડ ૪૩ ટકા, ચમાર ૨૨ ટકા, ભંગી ૧૪ ટકા, મેઘવાળ ૧૧ ટકા, સેન્વા ૩ ટકા, ગરોડા ૩ ટકા અને અન્ય જાતિના ૪ ટકા લોકો વસે છે.

૧૯૮૧-૮૨ના વર્ષમાં જે ૩૧૬ ગામોની તપાસ કરવામાં આવી છે તેમાં કુલ ૩૪૧૧૮ કુટુંબોને આવરી લીધાં હતાં. જિલ્લાવાર કુટુંબોની સંખ્યા નીચે પ્રમાણે હતી :

| ક્રમ | જિલ્લો | કુટુંબ સંખ્યા |
|---|---|---|
| ૧. | ખેડા | ૪૭૨૪ |
| ૨. | અમદાવાદ | ૪૬૧૭ |
| ૩. | મહેસાણા | ૪૩૭૫ |
| ૪. | સાબરકાંઠા | ૩૧૫૩ |
| ૫. | જૂનાગઢ | ૨૭૬૭ |
| ૬. | બનાસકાંઠા | ૨૬૧૩ |
| ૭. | સુરેન્દ્રનગર | ૨૨૩૧ |
| ૮. | વડોદરા | ૧૫૬૨ |
| ૯. | અમરેલી | ૧૪૨૮ |
| ૧૦. | પંચમહાલ | ૧૧૪૭ |
| ૧૧. | કચ્છ | ૧૪૧૭ |
| ૧૨. | રાજકોટ | ૧૦૩૨ |
| ૧૩. | જામનગર | ૭૭૮ |
| ૧૪. | ભાવનગર | ૭૭૨ |
| ૧૫. | ભરૂચ | ૬૦૯ |
| ૧૬. | સુરત | ૪૩૫ |
| ૧૭. | ગાંધીનગર | ૨૫૪ |
| ૧૮. | વલસાડ | ૨૦૪ |
| | કુલ | ૩૪૧૧૮ |

સર્વેક્ષણમાં આવરી લીધેલ કુલ ૩૪૧૧૮ કુટુંબોની સભ્યસંખ્યા ૧,૬૦,૨૯૩ની હતી જેમાંથી ૮૩,૧૬૧ પુરુષો અને ૭૭,૧૩૨ સ્ત્રીઓ હતી. સર્વેક્ષણ કરેલ કુટુંબોનું કુટુંબકદ ૪.૭૦ નું હતું.

શિક્ષણ :

સર્વેક્ષણમાં આવરી લીધેલ ૩૧૬ ગામોમાં અનુસૂચિત જાતિના લોકોની કુલ ૧,૬૦,૨૯૩ની વસ્તીમાંથી ૯૦,૦૨૫ વ્યકિતઓ એટલે કે (એમની કુલ વસ્તીના ૫૬.૧૬ ટકા) અભણ હતી. જ્યારે ૭૦,૨૫૮ વ્યકિતઓ (એટલે કે ૪૩.૮૪ ટકા) ભણેલી હતી. પુરુષોમાં ૪૯.૩૧ ટકા અભણ અને સ્ત્રીઓમાં ૬૮.૯૪ ટકા અભણ હતાં

અક્ષરજ્ઞાન ધરાવતી કુલ વ્યકિતઓમાંથી ૬૯ ટકા પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ, ૧૬.૩૫ ટકા માધ્યમિક કક્ષા સુધીનું, ૧૦.૭૭ ટકા મેટ્રિક થયેલા અને ૨.૭૮ ટકા સ્નાતક થયેલા હતા. જ્યારે અનુસ્નાતક અને ટેકનીકલ શિક્ષણ ધરાવનારનું પ્રમાણ ૧ ટકાથી પણ ઓછું હતું.

તપાસ સમયે ૭થી ૧૪ વર્ષના ૩૪,૫૭૧ કુલ બાળકોમાંથી ૮૨૦૯ (૨૩.૭૪ ટકા) શાળાએ જતાં ન હતાં. શાળાએ ન જવા અંગેનાં કારણો અંગે પૂછતાં એવું જાણવા મળ્યું કે ૭૦.૩૪ ટકા નબળી આર્થિક સ્થિતિને લીધે, ૫.૧૨ ટકા મા બાપને ધંધામાં મદદ કરવા, ૪.૫૩ ટકા મા બાપ મજૂરી પર જતાં ઘરમાં નાનાં ભાઇ બહેનોની સંભાળ રાખવા તેમજ ૧.૭૯ ટકા ખેતીના કામમાં મદદ કરવા રોકાવાનો લીધે અને ૦.૮૮ ટકા ઢોર ચરાવવામાં રોકાવાને લીધે ભણી શકતાં નથી. ૮.૩૧ ટકા બાળકોનું ન ભણવાનું કારણ તેમને ભણવામાં રસ નથી તેથી તેમનાં મા બાપ તેમને ભણવા મોકલતાં નથી, જ્યારે ૪.૮૬ ટકા બાળકોનું ન ભણવાનું કારણ તેમનાં માત પિતા છે, તેમજ ૧૯ બાળકો અસ્પૃશ્યતાને કારણે ભણવા જતાં નહોતાં.

આર્થિક સ્થિતિ :

સર્વેક્ષણ નીચે આવરી લીધેલાં કુટુંબોમાંથી ૫૯ ટકા લોકો મજૂરી કરતા હતા, એટલે કે એમનો મુખ્ય વ્યવસાય મજૂરી ગણી શકાય, ૧૧ ટકા કુટુંબો ખેતી કરતાં હતાં, જ્યારે વંશપરંપરાગત ધંધો કરતાં માત્ર ૧૨ ટકા કુટુંબો હતાં. નોકરી કરતાં કુટુંબોની સંખ્યા ૧૬ ટકા હતી, વેપાર ધંધામાં ૧.૨૦ ટકા લોકો રોકાયેલા હતા, આધુનિક પ્રકારના વ્યવસાયોમાં માત્ર ૦.૧૪ ટકા કુટુંબો હતાં. જ્યારે ભિક્ષાવૃત્તિ અને સફાઇકામની ટકાવારી નહિવત્ હતી. ટૂંકમાં આ લોકોને એક વ્યવસાયમાંથી પોતાનું જીવન ગુજરાન ચલાવી શકાય તેમ ન હોવાથી તેમને અનેક પ્રકારના ધંધા રોજગારમાં જોડાવું પડે છે. સર્વેક્ષણમાં આવરી લીધેલ કુટુંબોની આર્થિક સ્થિતિ સારી જોવા મળી નહોતી. કુલ ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૨૨૯૫૪ (૬૭.૨૮ ટકા)ની વાર્ષિક આવક ૨૪૦૦ સુધીની હતી, તે જ રીતે ૫૩૮૬ કુટુંબ(૧૫.૭૮ ટકા)ની વાર્ષિક આવક રૂ.૨૪૦૧થી ૩૬૦૦, ૨૭૯૬ (૮.૨૦) કુટુંબની આવક ૩૬૦૧થી ૪૮૦૦ સુધી,

૨૩૩૯ (૬.૮૬ ટકા) કુટુંબોની આવક રૂ.૪૮૦૧થી ૭૨૦૦ સુધી, જ્યારે ૬૪૩ (૧.૮૮ ટકા) કુટુંબોની આવક રૂ.૭૨૦૧થી ઉપરની હતી. કુલ કુટુંબોમાંથી ૯૦ ટકા વ્યક્તિઓની માથાદીઠ માસિક આવક રૂ.૬૦થી ઓછી હતી. મતલબ કે તેઓ ગરીબી રેખાની નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

સર્વેક્ષણ કરેલ કુટુંબોમાંથી ચમાર, ભંગી, ગરોડા, સેનવા, તુરી, બાવા વગેરે જાતિનાં કુટુંબોની સ્થિતિ ઘણી જ કપરી છે. આ જાતિઓનાં ૬૦ ટકાથી વધુ કુટુંબોની આવક રૂ.૨૪૦૦થી ઓછી છે. માત્ર મેઘવાળ જાતિના ૫૮.૩ ટકા કુટુંબોની આવક રૂ.૭૨૦૦થી વધુ જોવા મળી હતી.

વપરાશી ખર્ચ :

અનુસૂચિત જાતિના લોકોની આવક ઓછી હોવાથી, તેઓ ખૂબ જ કરકસરથી રહે છે. બીજી રીતે કહીએ તો પ્રાથમિક જરૂરિયાતની વસ્તુઓ પણ તેઓ વાપરી શકતા નથી. તપાસમાં આવરી લીધેલ કુટુંબનો વાર્ષિક વપરાશી ખર્ચ નીચે પ્રમાણે હતો :

| ક્રમ | ખર્ચજૂથ | કુટુંબ સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧. | રૂ.૨૪૦૦ સુધી | ૧૬૮૯૦ | ૪૯.૫૦ |
| ૨. | રૂ.૨૪૦૧થી ૩૬૦૦ | ૮૬૯૬ | ૨૫.૪૯ |
| ૩. | રૂ.૩૬૦૧થી ૪૮૦૦ | ૪૪૩૪ | ૧૩.૦૦ |
| ૪. | રૂ.૪૮૦૧થી ૭૨૦૦ | ૨૯૮૮ | ૮.૭૬ |
| ૫. | રૂ.૭૨૦૧થી વધુ | ૧૧૧૦ | ૩.૨૫ |

ઉપરોક્ત આંકડાથી ખ્યાલ આવશે કે માથાદીઠ વાર્ષિક રૂ.૭૨૦થી ઓછો વપરાશી ખર્ચ હોય તો ગરીબી રેખા નીચે સુધીનો ગણાય એ માપદંડ ધ્યાનમાં લઈએ તો કુલ કુટુંબોમાંથી ૭૫ ટકા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં.

સર્વેક્ષણમાં આવરી લીધેલાં ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૬૧૬૩ (૧૮.૦૬%) કુટુંબો દેવાદાર હતાં. કુલ ૬૧૬૩ દેવાદાર કુટુંબોમાંથી ૧૨૦૯ (૧૯.૬૨%) કુટુંબોને રૂ.૫૦૦નું દેવું હતું, ૧૪૧૬ કુટુંબોને (૨૨.૯૮%) કુટુંબોને રૂ.૫૦૧થી ૧૦૦૦ સુધીનું ૫૮૫ (૯.૪૯%) કુટુંબોને રૂ.૧૦૦૧થી ૧૫૦૦ સુધીનું, ૧૧૭૭ (૧૯.૧૦%) કુટુંબોને ૧૫૦૧થી ૨૫૦૦ સુધીનું અને ૧૭૭૬ (૨૮.૮૧%) કુટુંબોને રૂ.૨૫૦૦થી વધુ દેવું હતું. સૌથી વધારે દેવાદાર કુટુંબોની સંખ્યા ભાવનગર (૪૧.૯૬%) જિલ્લામાં હતી. જ્યારે સૌથી ઓછા દેવાદાર કુટુંબોની સંખ્યા જામનગર (૧.૬૭%) જિલ્લામાં હતી.

ઉપર્યુકત દેવું શાહુકાર અને વેપારીનું હતું. દેવું કરવા પાછળ સામાજિક ખર્ચા અને નિભાવ ખર્ચ મુખ્ય હતાં. ઘણા કિસ્સાઓમાં હરિજન કુટુંબોએ જમીન ગીરો મૂકી હોય તેવું પણ જોવા મળ્યું હતું. નબળી આર્થિક સ્થિતિને કારણે તેઓને દેવું કરવાની ફરજ વારંવાર પડે છે. તેઓ શાહુકાર વેપારીના દેવાના ચક્રમાંથી છૂટે તે માટે કંઇક ત્વરિત પગલાં લેવાં પડે તેવી સ્થિતિ છે.

રહેઠાણ અને આરોગ્ય :

તપાસેલ ગામોમાં મોટા ભાગનાં હરિજન કુટુંબો ગામના છેવાડે રહેતાં હતાં જયાં ગામના ઉકરડા, મળત્યાગની ખુલ્લી જગ્યા, ગટર નિકાલ વગેરેથી ઘરોની સ્થિતિ ઘણી જ ખરાબ જોવા મળી હતી. કેટલાંક ઘરોમાં ૧૦થી ૧૫ સ્ત્રી પુરુષ સભ્યો સાથે રહેતાં હોય તેવું પણ જોવા મળ્યું હતું. ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૨૬૩૮૦ કુટુંબોને પોતાની માલિકીનાં મકાન હતાં, ૭૭૩૮ કુટુંબો ભાડાના મકાનમાં રહેતાં હતાં.

અનુસૂચિતજાતિના કુટુંબના કુલ રહેઠાણના મકાનોમાંથી ૩૧૬૫૩ (૯૨.૪૮%) મકાનોમાં જાજરૂની સગવડ ન હતી. ૩૦૧૩૯ (૮૮.૩૩%) મકાનોમાં નાવણિયું ન હતું. ૨૪૦૦૫ (૭૦.૩૫%)મકાનોમાં વીજળીની સુવિધા ન હતી. ૨૯૩૮૦ (૮૬.૧૧%) મકાનોમાં પાણીના નળની સગવડ ન હતી. ૨૮૧૧૪ (૮૪.૧૬%) મકાનોમાં પાણીના નિકાલની વ્યવસ્થા ન હતી અને ૩૦૦૮૬ (૮૮.૧૭%) મકાનોમાં નિર્ધૂમ ચૂલાની વ્યવસ્થા ન હતી.

ઉપર્યુકત આંકડાકીય સ્થિતથી સ્પષ્ટ ખ્યાલ આવશે કે અનુસૂચિત જાતિના સભ્યો માટે રહેઠાણ માટે ત્વરિત આયોજન ઘડવું પડે તેવી સ્થિતિ છે.

ઘરથાળનો પ્લોટ :

૩૪૧૧૮ કુટુંબોમાંથી માત્ર ૩૯૮૦ (૧૧.૬%) કુટુંબોને ઘરથાળનો પ્લોટ મળ્યો હતો. આમાંથી પણ ૨૭૪ કુટુંબોને ઘરથાળનો પ્લોટ અનુકૂળ ન હતો. તે માટેનાં વિવિધ કારણો જાણવા મળ્યાં જેમકે જમીન અપૂરતી હતી, પ્લોટની જગ્યા ગામથી ઘણે દૂર હતી, જમીન નિચાણવાળા વિસ્તારમાં હતી. કેટલીક વ્યકિતઓ પાસેથી એવું પણ જાણવા મળ્યું કે પ્લોટ મળ્યો છે પરંતુ તે હજુ ઝઘડામાં છે, તેમજ ઘણી જગ્યાએ વગદાર માણસો દ્વારા પ્લોટ ખાલી કરાવવા માટે દબાણ કરતા હોય તેવા પણ દાખલા જોવા મળ્યા.

આરોગ્ય

આરોગ્ય :

તપાસ દરમ્યાન કુલ ૩૭૧૧ વ્યકિતઓ કોઇને કોઇ રોગથી પીડાતી હતી. આ રોગોમાં ૧૨૯૭ ક્ષયના રોગથી, ૧૮૯ કેન્સર, ૧૦૫૦ દમ, ૭૫ પાંડુ રોગ, ૨૦૫ રકતપિત્ત, ૬૭ લકવા અને ૮૨૮ અન્ય મહારોગથી પીડાતા હતા.

ઉપર્યુકત દર્દીઓને સમાજ કલ્યાણ ખાતા તરફથી આર્થિક સહાય આપવામાં આવે છે જેનો લાભ માત્ર ૩૨૪ વ્યકિતઓને રૂ.૮૫૪૩નો મળ્યો હતો. આ લાભ વ્યકિતદીઠ રૂ.૨૪નો થાય છે. સગર્ભા માતાઓ અને છ વર્ષની નીચેનાં બાળકોને માટે જે પોષક આહારની યોજના ચાલે છે તેનો લાભ ૧૧૬૨ વ્યકિતઓને મળ્યો હતો.

ખોડખાંપણ :

કુલ વ્યકિતઓમાંથી ૧૮૫૩ વ્યકિતઓને કોઇને કોઇ પ્રકારની ખોડખાંપણ હતી. આમાં સૌથી વધુ સંખ્યા લૂલા, બહેરા, આંધળા અને બાળલકવાની હતી. કુલ ૧૮૫૩ ખોડખાંપણવાળી વ્યકિતઓમાંથી ૫૯૩ તો ૧થી ૧૪ વર્ષની ઉંમરનાં બાળકો હતાં.

આર્થિક, સામાજિક, શિક્ષણ અને આરોગ્ય વિષયક જરૂરિયાત :

(૧) વંશપરંપરાગત ધંધાની જરૂરિયાત : તપાસમાં આવરી લીધેલ ૩૧૬ ગામોમાંથી ૯૧૮૮ વ્યકિતઓએ તેમના વંશપરંપરાગત ધંધાના વિકાસ માટે વિવિધ પ્રકારની જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં નાણાંકીય સહાય, કાચો માલ, સાધનો, તાલીમ અને ધંધા માટે તાંત્રિક માર્ગદર્શન અને વેચાણ માટે મદદની જરૂરિયાતનો સમાવેશ થાય છે.

(૨) ખેતીના વિકાસ અંગેની જરૂરિયાતો : (જમીન-કૂવા) : તપાસમાં આવરી લીધેલાં કુલ કુટુંબોમાંથી ૬.૪૪% કુટુંબો થોડા વત્તા પ્રમાણમાં જમીન ધરાવતાં હતાં. કુલ ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૧૮૫૬૯ કુટુંબોએ ખેતી માટેની જમીનની જરૂરિયાત દર્શાવી હતી. જેમની પાસે હાલ જમીન છે તેમાંથી ૧૧૨૭ કુટુંબોએ કયારી બનાવવા, ૨૧૩૮ કુટુંબોએ પાળા બંધકામ કરવા, ૨૯૦૫ કુટુંબોએ જમીન સમતળ કરવા અને ૮૧૨ કુટુંબોએ વાડ કરવા માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી. ૩૬૫૬ કુટુંબોએ ખેતીમાં પીયત માટે નવા કૂવાની જરૂરિયાત દર્શાવી હતી. જયારે ૧૧૭૮ કુટુંબોએ જૂના કૂવાના સમારકામ માટે સહાયની જરૂરિયાત દર્શાવી હતી.

(૩) ખેતીનાં સાધનો, શાકભાજી વાવેતર અને ફળાઉ ઝાડની વિગતો : તપાસમાં આવરી લીધેલાં ગામોમાંથી ૪૫૩૬ કુટુંબોએ હળની, ૩૬૨૨ કુટુંબોએ રાંપની, ૩૪૭૨ કુટુંબોએ રાંપડીની, ૩૩૪૩ કુટુંબોએ સમારની, ૪૨૧૯ કુટુંબોએ ગાડાની, ૩૨૯૫ કુટુંબોએ વાવણિયાની, ૩૧૭૬ કુટુંબોએ લોખંડના હળની, ૨૬૪૦ કુટુંબોએ ઉપણવાના પંખાની, ૨૫૫૬ કુટુંબોએ મોઘની અને ૨૦૦૨ કુટુંબોએ અન્ય નાનાં મોટાં ખેતીનાં સાધનોની જરૂરિયાત દર્શાવી હતી. ૬૨૭૯ કુટુંબોએ ખેતીનું ઉત્પાદન વધે એ માટે સુધરેલ બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ છાંટવાના સાધનોની જરૂરિયાત દર્શાવી હતી.

તપાસેલ કુટુંબોમાંથી ૩૩૯૮ કુટુંબોએ શાકભાજીનું વાવેતર કરવાની, ૯૨૧ કુટુંબોએ વાંસ ઉગાડવાની અને ૩૧૦૫ કુટુંબોએ ફળાઉ ઝાડના વાવેતરની જરૂરિયાત દર્શાવી હતી.

(૪) પશુપાલન : આવકના સાધન તરીકે અથવા તો આવકની વૃદ્ધિ માટે કોઈ ઢોરની જરૂર હોય તેના અનુસંધાને તપાસેલ ૩૪૧૧૮ કુટુંબોમાંથી ૧૮૫૫૮ કુટુંબોએ વિવિધ પ્રકારની મળી કુલ ૩૧૧૪૧ ઢોરની જરૂરિયાતો દર્શાવી હતી. જેમાં ભેંસ અને ગાયની જરૂરિયાતની સંખ્યા વિશેષ હતી.

(૫) પરિવહનનાં સાધનોની તેમજ સ્વરોજગાર માટે તાલીમની જરૂરિયાત : આવકમાં વૃદ્ધિ માટે તપાસ દરમ્યાન આ બધાં ગામોમાંથી પરિવહનનાં સાધનોમાં ૧૨૯૬ વ્યક્તિઓએ ઊંટલારી, અને ૧૮૩૯ વ્યક્તિઓએ હાથલારીની જરૂરિયાત દર્શાવી હતી.

આ સિવાય અનુસૂચિત જાતિના સભ્યોએ વંશપરંપરાગત ધંધા સિવાય આધુનિક વ્યવસાયમાં જોડાવવા કેટલીક કેટલાક નાના પાયાના ધંધા-રોજગારની જરૂરિયાત દર્શાવી હતી. જેમાં ૮૮૩ વ્યક્તિઓએ દળવાની ઘંટી, ૧૧૨૨ વ્યક્તિઓએ સાયકલ રીપેરીંગ દુકાન, ૧૫૩૭ વ્યક્તિઓએ હાથશાળ (પાવરલુમ)ની જરૂરિયાત છે દર્શાવી છે.

જયારે કેટલીક વ્યક્તિઓએ ધુ આધુનિક વ્યવસાયમાં જોડાવા માટેની તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. તેમાં ૨૩૧૦ વ્યક્તિઓએ સિવણકામની, ૧૫૬ વ્યક્તિઓએ ઘડિયાળ રીપેરીંગ, ૧૮૨ વ્યક્તિઓએ રેડિયો રીપેરીંગ, ૩૦૬ વ્યક્તિઓએ મોટો રીપેરીંગ, ૨૬૩ વ્યક્તિઓએ સુથારીકામ, ૩૬૯ વ્યક્તિઓએ કડિયાકામ, ૬૩૧ ઝ વ્યક્તિઓએ હીરા ઘસવાની તાલીમની ઇચ્છા દર્શાવી હતી.

(૬) રહેઠાણ અંગેની જરૂરિયાત : તપાસ દરમ્યાન જણાયું હતું કે કુલ કુટુંબોમાંથી ૨૩૬૭૦ કુટુંબોએ નવા મકાનોની, ૧૮૯૦૩ કુટુંબોએ મકાન સમારકામ માટે નાણાંકીય સહાયની, ૨૨૪૮૧ એ ઘરથાળના પ્લોટ માટે અને ૨૮૬૩૭ કુટુંબોએ નિર્ધૂમ ચૂલાની જરૂરિયાત દર્શાવી હતી. આમાં એક કુટુંબે એકથી વધારે પણ જરૂરિયાત દર્શાવી છે.

(૭) ખોડખાંપણ અંગેની જરૂરિયાત : તપાસમાં આવરી લીધેલ કુલ વ્યક્તિઓમાંથી ખોડખાંપણવાળી વ્યક્તિઓએ જુદી જુદી જરૂરિયાતો દર્શાવી છે. જેમાં ૨૭૧ વ્યક્તિઓએ સાધનોની, ૧૮૮૪ વ્યક્તિઓએ નાણાંકીય મદદની, ૨૬૪ વ્યક્તિઓએ યોગ્ય સારવારની અને ૯૦ ખોડખાંપણવાળી વ્યક્તિઓએ વ્યવસાયિક તાલીમની જરૂરિયાત દર્શાવી હતી. ૫૩૭૬ વ્યક્તિઓએ આરોગ્ય માટે સારવારની તેમજ ૫૨૭૩ વ્યક્તિઓએ દવા માટે આર્થિક મદદની જરૂરિયાત દર્શાવી હતી.

<u>અનુસૂચિત જાતિના વસવાટવાળાં ફળિયાંમાં પાયાની સુવિધાઓ :</u>

તપાસમાં આવરી લીધેલ ૩૧૬ ગામોમાં કુલ ૭૩૪ ફળિયાં હતાં. આ ફળિયાંમાં હાલ કઇ કઇ સુવિધાઓ છે તે અંગે જે માહિતી મળી તે આ પ્રમાણે છે :

૧. શિક્ષણ : ૭૩૪ ફળિયાંમાંથી ૮૫ ફળિયાંમાં બાલવાડી, ૧૨૭ ફળિયાંમાં પ્રાથમિક શાળાનો વર્ગ, ૨૯ ફળિયાંમાં પ્રૌઢ શિક્ષણનો વર્ગ તેમજ માત્ર ૨ ફળિયાંમાં કિસાનવર્ગ ચાલતા હતા.

વાસથી પ્રાથમિક શાળાએ જવાના રસ્તા બાબત એવું જાણવા મળ્યું કે ૭૩૪ ફળિયાંમાંથી ૩૪૩ ફળિયાંથી પ્રાથમિકશાળાનો રસ્તો ખરાબ હતો. જ્યારે ૭૩ ફળિયાંથી શાળા જવાના રસ્તામાં ચોમાસામાં બહુ જ પાણી ભરાઇ જતું હતું. ૯૬ ફળિયાંથી પ્રાથમિક શાળાએ જવા માટે નદી કે વહેરો ઓળંગવો પડતો હતો.

૨. પીવાનું પાણી : ૭૩૪ ફળિયાંમાંથી ૫૭ ફળિયાંમાં વસતા લોકોના મકાનમાં નળ હતો. જ્યારે ૨૫૦ વાસના લોકો ગ્રામ પંચાયતના નળોથી, ૧૫૫ વાસના લોકો વાસમાં ગોઠવેલ હેન્ડ પંપથી, ૨૩૨ વાસના લોકો કૂવા પરથી પાણી ભરી લાવતા હતા. જ્યારે ૧૬ વાસવાળા તળાવ અને ૨૭ વાસવાળા પીવાના પાણી માટે નદીનો ઉપયોગ કરતાં હતાં.

૫૬૪ ફળિયાવાળાને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં મળી રહેતું હતું. બાકીનાં ફળિયાવાળાઓ પૂરતુ પાણી ન મળવાથી કૂવો અને ડેમના પાણીનો ઉપયોગ કરતાં હતાં. ત

૪ કુટુંબોએ એવું જણાવેલ કે અસ્પૃશ્યતાને કારણ કૂવા પરથી પાણી ભરવા દેતાં નથી.

કુલ ૭૩૪ ફળિયાંમાંથી ૪૭૯ ફળિયામાં જાહેર પાણી પૂરવઠાની વ્યવસ્થા હતી જેમાંથી ૩૭૪ ફળિયાને તેનું જોડાણ આપવામાં આવ્યું હતું.

૩. વીજળી તથા અન્ય સવલતો : ૭૩૪ ફળિયાંમાંથી ૫૪૯ વાસમાં વીજળીની સગવડ હતી. ૭૩૪ ફળિયાંમાંથી ૬૮૭ મહોલ્લાના રહેવાસીઓએ જણાવેલ કે જુદાં જુદાં ખાતાંના સરકારી કર્મચારીઓ ફળિયાંની મુલાકાત લે છે. ૭૩૪ ફળિયાંમાંથી ૧૪ ફળિયાંના પ્રવેશ આગળ પગથિયાં હતાં અને ૨૯ ફળિયાંના રસ્તાઓ ઈંટ પથ્થરથી પૂરેલા હતા. બાકીના રસ્તાઓમાં માટી હતી. જેને કારણે ચોમાસામાં કાદવ થતો હતો. ૭૩૪ ફળિયાંમાંથી માત્ર ૯૨ ફળિયામાં ગંદા ગંદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા હતી. ૧૦૮ ફળિયામાં ખુલ્લી ગટર અને ભૂગર્ભ ગટર હતી.

૭૩૪ ફળિયાંમાંથી ૧૬૫ ફળિયાને ગામમાં જવાનો રસ્તો સારો, ૧૮૯ ફળિયાંનો રસ્તો ખરાબ, ૩૩૮ ફળિયાંનો રસ્તો કાચો અને ૩૩ ફળિયાંનો રસ્તો પાકો હતો.

૭૩૪ ફળિયાંમાંથી માત્ર ૩૪ ફળિયાંમાં જાજરૂની સગવડ હતી ૭૦૦ ફળિયામાં વસવાટ કરનારા લોકો બહાર ખુલ્લામાં જાજરૂ માટે જતાં હતાં.

૭૩૪ ફળિયાંમાંથી ૩૬૪ ફળિયાંની પાસે ગામના ઉકરડા હતા, તો કેટલાંક ફળિયાં ગામ લોકોનિ જાજરૂ જવાની જાહેર જગ્યાઓ પાસે હતાં.

આમ સ્પષ્ટ રીતે જણાય આવશે કે અનુસૂચિત જાતિના લોકો પાયાની અને સામાન્ય સુવિધાઓથી પણ વંચિત છે. અને તેથી આ અંગે સત્વરે પગલાં લઈ તેઓની મુશ્કેલી દૂર કરવા માટે ઘટતું કરવું જોઈએ. તેઓ કેટલી બધી મુશ્કેલીઓથી પિડાય છે, તે ઉપર્યુક્ત હકીકતોથી જાણી શકાય છે.

...

વિભાગ-૧ લેખકનો પરિચય

વિભાગ-૨ લેખનકાર્યની માહિતી

વિભાગ-૩ પોતાનું લેખનકાર્ય અને રચનાઓ

વિભાગ-૪ વૈચારિક પ્રવાહોના પ્રતિભાવો

આ મુદ્દાઓને અનુરૂપ ચર્ચા કરી છે. અને પરિવર્તન આવ્યું હોય એવા કુટુંબો અને સમૂહોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને અને તેઓની મુલાકાત લીધી છે. સંદર્ભ ગ્રંથોનું વાચન કરીને જરૂર જણાય ત્યાં તેનો ઉપયોગ કર્યો છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન રાજ્યમાં પ્રવર્તતી અશાંત પરિસ્થિતિને કારણે ઘણી મુશ્કેલીઓ પડી પરંતુ તે દ્વારા ઘણું બધું, નવું નવું જાણવા પણ મળ્યું.

પ્રકરણ-૨ હરિજનો અને પરિચયાત્મક માહિતી :

હરિજનો અંગેની ઐતિહાસિક માહિતી, 'હરિજન' નામનું મૂળ, અમને 'મેઘવાળ' કહો તેવો આ સમાજના વિધવાનો અને આ ધર્મના સંપ્રદાયના કેટલાક આગેવાનોનો મત છે. 'મેઘવાળ' શબ્દ સાથે અમારો ઇતિહાસ છે જેનાથી અમને અળગા ન કરો તેમ તેઓ કહે છે. જિલ્લાવાર હરિજનોની વસ્તી, જાતિવાર હરિજનોની વસ્તી, જાતિઓનો ટૂંકમાં પરિચય, જાતિઓનું આર્થિક અને સામાજિક સ્તરીકરણ, ગુજરાતના હરિજન સંતોની સાહિત્યમાં અને સંસ્કૃતિકરણમાં ફાળો વગેરેની ચર્ચા આ પ્રકરણમાં કરી છે.

પ્રકરણ-૩ લેખકો વિષે માહિતી :

આ નિબંધમાં પસંદ થયેલા મોટા ભાગના લેખકો આઝાદી બાદ જન્મેલા છે. તથા થોડા ઘણા આઝાદી પહેલા જન્મેલા છે. ૭૦ ટકા નવયુવાન લેખકો છે. મધ્યમવર્ગીય સ્થિતિ વહન કરતા આ લેખકો સંયુક્ત કુટુંબમાં જ રહે છે. તેઓનો અભ્યાસ પહેલી ચોપડીથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધીનો છે. સુપ્રસિદ્ધ લેખકોની વાડાબંધી, નવોદિતો પ્રત્યે રખાતું ઓરમાયું વર્તન, નબળી આર્થિક સ્થિતિ જ્ઞાતિની સગવડ કે સહાયનો અભાવ આ બધી મર્યાદાઓ ઓળંગીને આપ બળે આગળ આવેલા આ લેખકોમાં મોટા ભાગના નોકરિયાત છે. જેમનો વ્યવસાય લેખનકાર્ય નથી. હરિજન સમાજમાં પુરુષ સાહિત્યકારો જ નજરે ચડે છે. હા, તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે બે ત્રણ બહેનો લખતાં હતાં. પણ ક્યાંય છપાતું નથી એટલે એમને નિબંધમાં સમાવિષ્ટ કરવાનું માંડી વાળ્યું.

લેખકોનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ, લેખકોની જાતિ પ્રમાણે વર્ગીકરણ, લેખકોનું અભ્યાસ પ્રમાણે વર્ગીકરણ, તેઓની આવક અને ખર્ચ પ્રમાણે વર્ગીકરણ, લેખક સાથે સંબંધ કોણ કેટલો ધરાવે છે તે અંગેની માહિતી અને સગાઓનું શિક્ષણ કેટલું છે વગેરેની ચર્ચા આ

વિભાગ-૧ લેખકનો પરિચય

વિભાગ-૨ લેખનકાર્યની માહિતી

વિભાગ-૩ પોતાનું લેખનકાર્ય અને રચનાઓ

વિભાગ-૪ વૈચારિક પ્રવાહોના પ્રતિભાવો

આ મુદ્દાઓને અનુરુપ ચર્ચા કરી છે. અને પરિવર્તન આવ્યું હોય એવા કુટુંબો અને સમૂહોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને અને તેઓની મુલાકાત લીધી છે. સંદર્ભ ગ્રંથોનું વાંચન કરીને જરૂર જણાય ત્યાં તેનો ઉપયોગ કર્યો છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન રાજયમાં પ્રવર્તતી અશાંત પરિસ્થિતિને કારણે ઘણી મુશ્કેલીઓ પડી પરંતુ તે દ્વારા ઘણું બધું , નવું નવું જાણવા પણ મળ્યું.

પ્રકરણ-૨ હરિજનો અને પરિચયાત્મક માહિતી :

હરિજનો અંગેની ઐતિહાસિક માહિતી, 'હરિજન' નામનું મૂળ, અમને 'મેઘવાળ' કહો તેવો આ સમાજના વિદ્વાનો અને આ ધર્મના સંપ્રદાયના કેટલાક આગેવાનોનો મત છે. 'મેઘવાળ' શબ્દ સાથે અમારો ઇતિહાસ છે જેનાથી અમને અળગા ન કરી તેમ તેઓ કહે છે. જિલ્લાવાર હરિજનોની વસ્તી, જાતિવાર હરિજનોની વસ્તી, જાતિઓનો ટૂંકમાં પરિચય, જાતિઓનું આર્થિક અને સામાજિક સ્તરીકરણ, ગુજરાતના હરિજન સંતોની સાહિત્યમાં અને સંસ્કૃતિકરણમાં ફાળો વગેરેની ચર્ચા આ પ્રકરણમાં કરી છે.

પ્રકરણ-૩ લેખકો વિષે માહિતી :

આ નિબંધમાં પસંદ થયેલા મોટા ભાગના લેખકો આઝાદી બાદ જન્મેલા છે. તથા થોડા ઘણા આઝાદી પહેલાં જન્મેલા છે. ૭૦ ટકા નવયુવાન લેખકો છે. મધ્યમવર્ગીય સ્થિતિ વહન કરતા આ લેખકો સંયુકત કુટુંબમાં જ રહે છે. તેઓનો અભ્યાસ પહેલી ચોપડીથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધીનો છે. સુપ્રસિધ્ધ લેખકોની વાડાબંધી, નવોદિતો પ્રત્યે રખાતું ઓરમાયું વર્તન, નબળી આર્થિક સ્થિતિ જ્ઞાતિની સગવડ કે સહાયનો અભાવ આ બધી મર્યાદાઓ ઓળંગીને આપ બળે આગળ આવેલા આ લેખકોમાં મોટા ભાગના નોકરિયાત છે. જેમનો વ્યવસાય લેખનકાર્ય નથી. હરિજન સમાજમાં પુરુષ સાહિત્યકારો જ નજરે ચડે છે. હા, તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે બે ત્રણ બહેનો લખતાં હતાં. પણ કયાંય છપાતું નથી એટલે એમને નિબંધમાં સમાવિષ્ટ કરવાનું માંડી વાળ્યું.

લેખકોનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ, લેખકોની જાતિ પ્રમાણે વર્ગીકરણ, લેખકોનું અભ્યાસ પ્રમાણે વર્ગીકરણ, તેઓની આવક અને ખર્ચ પ્રમાણે વર્ગીકરણ, લેખક સાથે સંબંધ કોણ કેટલો ધરાવે છે તે અંગેની માહિતી અને સગાઓનું શિક્ષણ કેટલું છે વગેરેની ચર્ચા આ

આ પ્રકરણમાં કરી છે.

પ્રકરણ -૪ લેખન અને લેખક :

પ્રકાશનનું માધ્યમ, તથા હજિન સામયિકોની માહિતી, લેખકોનાં છપાયેલાં પુસ્તકોની યાદી, જુદા જુદા વિષય પર લખાયેલા લેખોની યાદી, લેખકોના સાહિત્યનો આસ્વાદ, લેખન પ્રારંભની વય અને સાલ વિષેની માહિતી, લેખન પરત્વે રૂચિ જગાડનાર કોણ ? પ્રેરણા કયાંથી મળે છે ? લેખનમાં ઘડકતો સમાજ, લખનમાં કોને મહત્વનું સ્થાન આપે છે ? લેખનનો ઉદ્દેશ શો છે ? લેખનના પ્રતિરોધક બળો કયાં કયાં છે ? તદ્ઉપરાંત સાહિત્ય અને સમાજ પરિવર્તન વિષે થોડોક ખ્યાલ આ પ્રકરણમાં છે.

પ્રકરણ -૫ લેખન : સામાજિક સંદર્ભમાં :

ઉત્તરદાતા લેખકોને પ્રશ્નો પૂછયા હતા અને તેઓએ જે જવાબો આપ્યા હતા તેનું વિશ્લેષણ કર્યું છે. તેના મુદ્દાઓ આ પ્રમાણે છે : સમાજમાં થતી લેખનકાર્યની અસર, લેખનનો ખાસ પ્રભાવ ન પડયો હોય તો તેનાં કારણો અને લેખનની સમાજ ઉપર ખાસ અસર થઇ હોય તો તેનાં કારણો. લેખનકાર્ય કરવા પાછળના પ્રેરક બળો વગેરેની આ પ્રકરણમાં ચર્ચા કરવામાં આવી છે.

પ્રકરણ -૬ લેખન અને સામાજિક પરિવર્તન :

સામાજિક પરિવર્તનના સંદર્ભમાં લેખકોને પ્રશ્નો પૂછીને તેમનો મત જાણવાનો પ્રયત્ન કર્યો હતો. સામાજિક પરિવર્તન લાવવા માટે કેવું લેખન હોવું જોઇએ અને તે દ્રષ્ટિએ તમારો આદર્શ લેખક કોણ છે ? કયા સાહિત્યમાં, વિચાર સાહિત્યમાં, ચર્ચાત્મક સાહિત્યમાં અને નૌકાપોથીના સાહિત્યમાં, લેખન શા માટે હોવું જોઇએ તેના વિષેનો તેમનો ખ્યાલ, વાચકોના ઝીલાયેલા પ્રતિભાવો તથા તેઓના લેખનથી પરિવર્તન આવ્યું હોય તેવા સ્થળ, સમૂહ અને ગામોની માહિતી આ પ્રકરણમાં દર્શાવવામાં આવી છે.

પ્રકરણ -૭ ઉપસંહાર, નિષ્કર્ષ, સૂચનો અને ભવિષ્ય :

યુવાનવય ધરાવતા તપાસમાં લીધેલા લેખકો ધંધાદારી લેખકો નથી તેમ છતાં શા માટે લખે છે ? કેવું લખે છે ? જયારે લેખનપ્રવૃત્તિ કરે છે ત્યારે સમાજનું પ્રતિબિંબ તેનામાં વધુ પડે છે અને તે રીફલેક્ટ કરીને સમાજ તરફ રજૂ કરે છે. તેમના પોતાના પર, કુટુંબ પર, સામાજિક જીવન પર અને સમગ્ર સમાજ પર શી અસર થાય છે આ બધું તેમના વલણો તપાસતાં નીચે મુજબ જાણવા મળે છે.

સૂચનો રૂપે કેટલાક મહત્વના મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

૧. આ લેખકોને કેટલીક પાયાની સવલતો આપવી જોઇએ અને તેઓના વિસ્તારમાં સરકારે ગ્રંથાલયની સગવડ કરી આપવી જોઇએ.

૨. સાહિત્યિક મીટીંગ કરાવવી જોઇએ, એ સરકારનું અને મંડળોનું કામ છે.

૩. તેઓના સાહિત્યની કદરદાની રૂપે અને ઉત્તેજન માટે રાજય સરકાર પ્રોત્સાહન ઇનામો આપવાં જોઇએ.

૪. અભ્યાસ દરમ્યાન ઘણું બધું ઉત્તમ પ્રકારનું લખાયેલું સાહિત્ય મેં પેટીમાં સડતું જોયું હતું. તથા છપાયેલાં ઉત્તમ પુસ્તકો તેઓ પૈસાના અભાવે ફરીવાર છપાવી શકતા નથી. તે તેમના લેખના પ્રકાશનની પણ વ્યવસ્થા કરવી જોઇએ.

૫. રેડિયો, ટીવી., વગેરે કેન્દ્રોએ તેમને આમંત્રણ આપીને તેમની પાસે જુદા જુદા વિષયો પર લખાવવું જોઇએ.

૬. આ બધા લેખકોનો પ્રવાસ કરાવવો જોઇએ. જેથી તે જુદા જુદા પ્રદેશના લોકોની સમસ્યાઓ સમજે અને તેમની દ્રષ્ટિનો વ્યાપ વધતાં કંઇક નવું સર્જન કરે.

આમાં કેટલાક સંશોધનના પ્રશ્નો પણ ઊભા થાય છે.

૧. મેં અભ્યાસમાં લેખકો લીધા છે. ગુજરાતના બધા હરિજનોને આવરી લેતો અભ્યાસ કરવો જોઇએ. (જેથી મારાં તારણો બરાબર છે કે નહીં તેની ખબર પડે.)

૨. હરિજનોના સાહિત્યનું સમાવેશ- વિશ્લેષણ કરવું જોઇએ.

૩. હરિજન સંતોના સાહિત્યમાં અને ધર્મમાં ફાળો અને વિષય પણ સંશોધન માટે લઇ શકાય.

૪. હરિજન ધર્મસંપ્રદાયો અને ધર્મસ્થાનોનો અભ્યાસ થવો જોઇએ.

૫. લેખક સમાજનો અગ્રવર્ગ ( Elite ) છે. તેવી જ રીતે સાહસિકો, રાજનેતાઓ, અધિકારીઓ, સંશોધકો, લોકસભા અને રાજસભાના સદસ્યો અને બીજા આગેવાનો એ પણ અગ્રવર્ગના ગણાય. હરિજન લેખકોની જેમ આ અભ્યાસ કર્યો તેમ ઉપરોકત અગ્રવર્ગીયોનો અભ્યાસ પણ કરવો જોઇએ.

આ ઉપરથી હરિજન સમાજનો વિકાસ કેવો, કેટલો અને કઇ દિશામાં થાય છે તેનો કંઇક ખ્યાલ આવે.

...

પ્રથમ તો આ લેખકોને લખવાની પ્રેરણા જીવન સંઘર્ષમાંથી મળે છે. જીવનસંઘર્ષની વાતો અને સામાજિક અભાવ તેમને લખવા માટે પ્રેરિત કરે છે. આ એક લેખકનો મત ઘણા બધા લેખકોનો પણ હોઇ શકે. "My stories are some pages of my life"

યુવા કવિ નીરવ પટેલ "Buring from both the end ની કવિતાઓ પોલાદી સ્થિતિમાંથી આવેલા નકકર વિચારોનું ઉદાહરણ છે.

લેખનકાર્ય કરતા લેખકોની આર્થિક સ્થિતિમાં કશો ફેર પડયો નથી. તપાસ દરમ્યાન જાણવા મળ્યું હતું કે પ્રકાશકો આ લેખકો વ્દારા મલાઇ તો ખાય છે પણ કેટલાક પ્રકાશકો નો વધી ઘટી છાસ પણ તેઓના ભાગે આવવા દેતા નથી. ધાર્મિક અસર વિષે તેઓનો મત એવો છે કે સામાજિક પરિવર્તનમાં ધર્મ લિમેન્ટીગ ફેકટર છે. ધર્મમાં બોધ વ્દારા અપાયેલું જ્ઞાન જલદી અસર કરે છે.

લેખકના સામાજિક જીવનમાં લેખનકાર્યથી સારો એવો ફેરફાર થયો છે. શિક્ષણમાં વધારો, આચાર-વિચાર, રહેણીકરણીમાં પરિવર્તન, કુટુંબમાં આનંદભર્યુ અને સંસ્કારી વાતાવરણ રહે છે. પત્નીએ સાથે રહીને સાહિત્યનો રસ કેળવ્યો છે. જૂનાં મૂલ્યોને સ્થાને પરિવર્તન રુપે સ્ત્રીને કુટુંબમાં માનથી જુએ છે. તેના દરજ્જામાં પણ ફેરફાર થયો છે.

સમાજમાં ખાસ લેખનનો પ્રભાવ પડયો હોય તો તેમાં સમાજના સળગતા પ્રશ્નોનું નિરુપણ હતું એવો લેખકોનો મત છે. લેખનનો દ્રષ્ટિકોણ એવો છે કે લેખન આદર્શ વિકાસ યા પરિવર્તન માટે જ હોવું જોઇએ.

સાહિત્ય માનસને તૈયાર કરે છે. માનવને માનવના રુપમાં કે વિચારશીલતાના રુપમાં રજૂ કરે છે. સમાજ પરિવર્તનમાં સાહિત્યની મહત્તા બતાવતા લેખકોએ લેખનથી પરિવર્તન આવ્યું હોય તેવા સમૂહો, ગામ, શહેરોનાં નામ આપ્યાં છે. આ બધું નિબંધની તપાસમાં વિગતે જોતાં એમ સ્પષ્ટ થાય છે કે : લેખનથી સામાજિક પરિવર્તન આવે છે. તેનો પ્રભાવ પ્રત્યક્ષ રુપમાં નહીં તો પરોક્ષરુપમાં પણ આવે જ છે. તેમ છતાં સામાજિક પરિવર્તનની ગતિ અત્યંત ધીમી છે. આ લેખકો સામાજિક પરિવર્તનમાં પરિવર્તનનો સંકેત કરવાની અને તેની ગતિ ઝડપી કરવાની પોતાની ભૂમિકા પણ ખૂબ સારી રીતે ભજવે છે. તેમ છતાં પરિવર્તનની આ સ્થિતિ હોય તો તેને માટે કેટલાક કારણો જવાબદાર છે અને તે નિબંધમાં દર્શાવ્યાં છે.

ગુજરાતનાં
પરિવર્તન પામતાં આદિવાસી ગામો 

## સાગટાળા (પંચમહાલ જિલ્લો)

અહેવાલ લેખન : શ્રી ભીખાભાઇ પટેલ

સારદોહન : શ્રી ભીખાભાઇ પટેલ

પાનાં : ૧૩૧

### પ્રાસ્તાવિક :

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૬૯-૭૦ ના વર્ષમાં ગુજરાતની જુદી જુદી આદિવાસી જાતિઓ પર અભ્યાસગ્રંથ રચવાનું કામ હાથ પર લેવામાં આવ્યું હતું. તેમાં નાયકા જાતિના અભ્યાસ માટે પંચમહાલ જિલ્લાના દેવગઢબારિયા તાલુકાનું 'સાગટાળા' ગામ પસંદ કરવામાં આવ્યું હતું અને ગામનું સર્વેક્ષણનું કામ હાથ ધરી માહિતી એકત્રિત કરી હતી. પરંતુ તેના વિષે લેખનકાર્ય પછી તે કામ અટકી ગયું હતું. જેથી દસ વર્ષ પછી તેનાં તે જ ગામો અને કુટુંબોની પુનઃતપાસનું કામ કેન્દ્રની અન્ય પ્રવૃત્તિઓની સાથે સાથે સાંકળી લેવામાં આવ્યું હતું. તેની ૧૯૭૯-૮૦ના વર્ષમાં આ ગામની પુનઃતપાસ કરી હતી.

### તપાસનો ઉદ્દેશ :

૧૯૬૯ની પ્રથમ તપાસ વખતે જે તે ગામ અને જે તે કુટુંબો પસંદ કરાયાં હતાં. તેનાં તે જ ગામો અને કુટુંબોની પુનઃમોજણી કરવામાં આવી હતી. જેનો મુખ્ય હેતુ ૧૯૬૯થી ૧૯૭૯ના દસ વર્ષના ગાળામાં ગામમાં આવેલાં પરિવર્તનો, ગામની પરિસ્થિતિમાં થયેલા ફેરફારો, કુટુંબોની આર્થિક, સામાજિક અને વ્યવસાયિક પરિસ્થિતિમાં આવેલાં પરિવર્તનો અંગેની જાણકારી મેળવવાનો હતો.

### તપાસની પદ્ધતિ :

'સાગટાળા' ગામની પુનઃતપાસનું કામ સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સાથે ગ્રામ્ય જીવનને લગતાં પાસાંઓની માહિતી એકત્રિત કરવા સહભાગી નિરીક્ષણ અને મુલાકાત પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સાથે સાથે પ્રથમ તપાસ વખતે પ્રશ્નાવલીનો ઉપયોગ કરી સામાજિક-આર્થિક સર્વેક્ષણ કર્યું હતું તે જ રીતે પુનઃતપાસ વખતે પણ ગામપત્રક, પ્રશ્નાવલી કે જેમાં ભૌતિક સંસ્કૃતિ, ઘરવખરી, આવકનાં સાધનો, પ્રાપ્ય થતી આવક, ખર્ચ અને ઉત્પાદનનો ખ્યાલ મેળવવા બનાવી હતી તેનો પણ ઉપયોગ કરાયો હતો. આ ઉપરાંત સમાજ જીવનને સ્પર્શતી કેટલીક બાબતો જેવી કે રહેઠાણ, ગ્રામ્યરચના, સામાજિક રીતરિવાજો, લગ્ન, જન્મ, મરણ અને ભૂત-પ્રેત તેમજ ધાર્મિક બાબતોની માહિતી એકત્રિત

કરવા આ પ્રશ્નાવલી ઉપયોગમાં લીધી હતી. આમ આ તપાસમાં માત્રાત્મક પાસાંઓની સાથે સાથે ગુણાત્મક પાસાંઓની પણ માહિતી ભેગી કરીને અહેવાલ લેખનના ઉપયોગમાં લેવાઈ હતી.

**વિસ્તાર પરિચય :**

પંચમહાલ જિલ્લો ગુજરાત રાજ્યના વડોદરા વિભાગમાં આવેલો છે. જિલ્લાનો કુલ વિસ્તાર ૮૮૬૬ ચો. કિ. મીટર છે. તેમાં કુલ ૯ શહેરો અને ૧૯૪૪ ગામડાંઓ આવેલાં છે. જિલ્લાની કુલ વસ્તી ૧૮૫ લાખની (૧૯૭૧ મુજબ) હતી. આખો જિલ્લો જુદા જુદા ૧૧ તાલુકાઓનો બનેલો છે. જેમાં દેવગઢબારિયા તાલુકો આવેલો છે. તાલુકાનો કુલ વિસ્તાર ૧૧૪૪૫૫ હેક્ટર છે. તાલુકામાં કુલ ૧૮૭ ગામો આવેલાં છે. જેમાં ૧ શહેર છે. તાલુકાની કુલ વસ્તી ૨૧૯૩૭૩ ની હતી. જેમાં આદિવાસી જાતિની વસ્તી ૬૦૪૦૮ની (૧૯૭૧ મુજબ) હતી. તાલુકાના કુલ વિસ્તારમાંથી ૧૯૭૧માં જુદા જુદા પાક હેઠળનો કુલ વિસ્તાર ૬૭૨૮૬ હેક્ટર હતો. જેમાં એકથી વધુવાર પાક લીધેલ વિસ્તાર ૬૨૦૫ હેક્ટરનો હતો. આમ કુલ ચોખ્ખો વાવેતર વિસ્તાર ૬૦૦૮૧ હેક્ટર હતો. જેમાંથી ૨૫૧૫ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની વ્યવસ્થા હતી.

**ગામનો પરિચય :**

સાગટાળા ગામ બારિયા તાલુકાના મથકથી ૧૭ કિલોમીટર દૂર બારિયા-છોટાઉદેપુર માર્ગ પર આવેલું છે. ગામમાં પાકા રસ્તા, વાહનવ્યવહાર, શિક્ષણ, આરોગ્ય અને જુદા જુદા પ્રકારની સહકારી મંડળીઓ આવેલી છે. સાગટાળા ગામની મુખ્ય વસ્તી આદિવાસી નાયકા જાતિની છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગામની કુલ વસ્તી ૬૧૧ની હતી. ગામનો કુલ વિસ્તાર ૫૪૬૩ એકર અને ૨૧ ગુંઠાનો છે. જેમાંથી ખેડવાલાયક વિસ્તાર ૪૯૬.૧૬ એકર છે. એટલે કે કુલ વિસ્તારના ૯ ટકા વિસ્તાર ખેડવાલાયક છે. જ્યારે બાકીનો વિસ્તાર જંગલ અને તળાવ નીચે છે. ખેતી લાયક જમીનમાં મોટે ભાગે વૃક્ષો વધુ નજરે પડે છે. જમીનની જાત પણ ખૂબ હલકી છે જેથી સારા પાક પણ લઈ શકાતા નથી.

**દેખાવ, પહેરવેશ, ઘરેણાં :**

નાયકા જાતિ દેખાવે નીચી, સૂકલકડા શરીરવાળી છતાં ચપળ છે. બહાદૂર પણ એટલા જ છે. તેઓ ખોરાકમાં મકાઈ, જુવાર, અડદની દાળ વગેરેનો ઉપયોગ કરે છે. ઊંચી જાતના અનાજનો ઉપયોગ ભાગ્યે જ કરે છે. પીણામાં દારૂ, તાડી, અને ચા નો ઉપયોગ કરે છે. પોશાક જોઈએ તો પુરુષો ટૂંકી પોતડી અને બંડી પહેરે છે. સ્ત્રીઓ ચોળી ઓઢણું વાપરે છે. બાળકો ટૂંકી ચડી અને ખમીસ પહેરતા હોય છે. ઘરેણાંમાં સોના ચાંદી

સિવાય કાચની બંગડીઓ, ચાંદીનો ઢોળ ચઢાવેલ નીકલના ઘરેણાંનો ઉપયોગ કરે છે.

શિક્ષણની દ્રષ્ટિએ જોઈએ તો ઘણા પછાત છે. ગામમાં બાલમંદિરથી માંડીને હાઈસ્કૂલ સુધીની સુવિધા અને ૧૭ કિ.મી. દૂર કોલેજકક્ષાનું શિક્ષણ પ્રાપ્ય હોવા છતાં શિક્ષણમાં રસ ઓછો લે છે. તેનું મુખ્ય કારણ તેમની દયનીય પરિસ્થિતિ ગણી શકાય.

નાયકડા જાતિ ગુજરાતી ભાષા સારી રીતે સમજી શકે છે. પરંતુ અંદરોઅંદરની વાતચીતમાં તેઓ પોતાની આગવી બોલીનો ઉપયોગ કરે છે. નાયકાઓમાં પ્રચલિત કહેવતો જીવન વ્યવહાર સંબંધી તેમજ પ્રકૃતિ અને ધર્મનીતિ સંબંધી કહેવતો સાંભળવા મળે છે.

દા.ત. – છાશ લેવા જવું અને દોણી સંતાડવી.

– કજિયાનું મૂળ હાસી અને રોગનું મૂળ ખાસી

– ગરીબ બોલે તો ટપલાં પડે, પૈસાદાર બોલે તો તાલી પડે

– ખરચી ખૂટી અને દોસ્તી તૂટી

– નહીં લેણીનો રામ લેણી.

આમ ઉપરના મુજબની જુદા જુદા પાસાઓને લગતી કહેવતો ઉપરાંત કેટલાંક ઉખાણાં પણ પ્રચલિત છે. જેમાંથી જવાબ શોધી કાઢવાનો હોય છે.

(૧) કાકા કહે મેં કૌતુક દીઠું ભર્યા તળાવમાં તરતું દીઠું
પાણી છે પણ પીતું નથી, ઘાસ છે પણ ખાતું નથી. (દીવાની દીવેટ)

(૨) ખાઉં ત્યારે લીલી, જાઉં ત્યારે પીળી
આવું મારા દેહમાં, ને જાઉં મારા વેહમાં (કેરી)

(૩) વાંકી ચૂકી નદી, સીધું પાણી જાય. (તીર કામઠું)

(૪) ત્રણ પગવાળી ટીટોડી ઊભે બજારે જાય
લોકો કહે આ કયું જનાવર જાય (ત્રાજવું)

(૫) બત્રીસ પીપળાને એક જ પાન (જીભ)

(૬) ભરા હિમાળામાં ડોસો કેડ બાંધી રહે (ઘાસનો પૂળો)

(૭) વાડે વાડે બાંડો સાપ, છોકરૂ કહે તારો બાપ (નોળિયો)

(૮) એક ભાઈ પડી જાય તો બીજા વીસ ભાઈ દોડી જાય. (આંગળીઓ)

(૯) ચાર ભાઈઓ ચાલે બેઠા એકબીજાની હોળમાં બેઠા (ખાટલાના પાયા)

આમ એકબીજાને સંદેહમાં નાખે તેવા ગૂઢવાકાભર્યા, વ્યવહારિક, શરીરસંબંધી, કુદરત સંબંધી ઉપરાંત વનસ્પતિને લગતાં કેટલાંક ઉખાણાંનો ઉપયોગ કરતા હોય છે.

સાગટાળા : ૧૯૬૯ :

સાગટાળા ગામ બારિયા તાલુકાની દક્ષિણ પૂર્વ દિશામાં આવેલું છે. તપાસ સમયે ગામમાં લગભગ ૧૨૦ કુટુંબો હતાં. જેમાંથી ૬૪ કુટુંબો તપાસ માટે પસંદ કર્યાં હતાં. જે નાયકા જાતિનાં હતાં. નમૂનાનાં કુટુંબોની સભ્યસંખ્યા ૩૧૨ની હતી. કુટુંબનું કદ સરેરાશ ૫ સભ્યોનું બનેલું હતું. નમૂનાનાં કુટુંબોનાં ઘરો કાચાં, સાંઠીની દીવાલવાળાં, દેશી નળિયાનાં છાજથી છવાયેલાં હતાં. જેમાં મોટા ભાગનાં ઘરો એક ખંડવાળાં હતાં. દરેક ઘરનું ક્ષેત્રફળ સરેરાશ ૨૦x૧૫ નું હતું. દરેક કુટુંબ ૨ સભ્યોથી માંડીને ૧૧ સભ્યસંખ્યા હોય તેવાં કુટુંબો હતાં. ૬૮.૭ ટકા કુટુંબો વિભક્ત હતાં. કુલ સભ્ય સંખ્યામાંથી ૬૧.૨ ટકા સભ્યો પરિણીત હતા. જેમણે ૧૫ વર્ષથી ૩૦ વર્ષની વચ્ચેની ઉંમરમાં લગ્ન કર્યાં હતાં.

નાયકા જાતિ પાસે ઘરવખરીનાં સાધનો ખૂબ જ ઓછાં જોવા મળ્યાં હતાં. જેમાં એલ્યુમિનિયમ અને માટીનાં વાસણો સૌથી વિશેષ હતાં. આ જાતિ પાસે ઘરવપરાશ માટેનાં સાધનો ખૂબ જ ઓછાં જોવા મળ્યાં હતાં. નમૂનાના કુટુંબોમાં કુટુંબદીઠ ૨૦ જેટલાં નાનાં મોટાં ઘરવખરીનાં વાસણો અને ફર્નિચર હતાં. (ખાટલા એકલાનો સમાવેશ થાય છે.)

નમૂનાનાં કુટુંબો પાસે પશુધન પણ ખૂબ જ ઓછું હતું. કુટુંબદીઠ પશુધન ૧૦નું હતું. જેમાં મરઘાંનો પણ સમાવેશ થતો હતો. પશુધનમાં ખેતીલાયક બળદોની સંખ્યા ૯૬ ની હતી. જ્યારે દૂધાળાં ઢોરની સંખ્યા ૨૬ની હતી.

ખેતીનાં સાધનોમાં હળ, કરલ, સમાર, વાવણિયો, નાનાં ઓજારો એમ મળી કુલ સંખ્યા કુટુંબદીઠ ૫ સાધનો હતાં એટલે કે ખેતી કરવા માટેનાં સાધનો પણ મર્યાદિત હતાં. ખેતીલાયક જમીન કુટુંબદીઠ ૩.૧ એકર જેટલી હતી. જમીનનું પ્રમાણ ખૂબ ઓછું હતું, અને જમીનની જાત પણ હલકી ગણાવી શકાય. જેમાંથી જીવનનિર્વાહ જેટલું ઉત્પાદન મળવી શકાતું નથી.

ગામમાં લગભગ બધાં જ કુટુંબો પાસે થોડી ઘણી ખેતીની જમીન હતી. પરંતુ મર્યાદિત સાધનો, હલકા પ્રકારની જમીન હોવાને પરિણામે ઘણી મુશ્કેલીઓ વેઠવી પડતી અને મોટે ભાગે મજૂરી જેમાં ખેતમજૂરી, જંગલમજૂરી અને છૂટક કામો પર આધાર રાખવો પડતો હતો. બધાનો મુખ્ય આધાર ખેતી પર રહેતો.

ખેતીમાં તેઓ મકાઈ, ડાંગર, કઠોળનું વાવેતર કરતા હતા. હલકા ધાન્યોમાં કોદરા, બાવટો વગેરેનું પણ વાવેતર કરતા હતા. રોકડિયા પાકનું વાવેતર ખૂબ જ ઓછું જોવા મળ્યું હતું. બીજું કે ખેડૂત કુટુંબો પાસે ખેતીનાં સાધનો અપૂરતાં, વરસાદની અનિયમિતતા,

નબળી આર્થિક સ્થિતિ તેમજ કામ કરવાની પદ્ધતિ અને સાધનો જૂનાં હોવાથી સારી આવક પ્રાપ્ત કરી શકાતી નહોતી અને ઉત્પાદન પણ ઓછું લઇ શકાતું હતું. કુટુંબમાં કમાતા સભ્યો પર નહિ કમાતા સભ્યોનું ભારણ, એકલી ખેતી પર આધાર હોવાથી આર્થિક મુશ્કેલીઓ વેઠવી પડતી હતી, અને જીવન જીવવા જેટલી આવક પણ પ્રાપ્ત થતી ન હતી.

આવક, ખર્ચ :

નમૂનાનાં કુટુંબના સભ્યો ખેતીપ, પશુપાલન, ખેતમજૂરી, જંગલમજૂરી, વન્યપેદાશ એકઠી કરીનેય ઘાસકામ અને છૂટક રોકડકામ-બાંધકામની મજૂરી કરીને જીવનનિર્વાહ પૂરતી આવક પ્રાપ્ત કરતાં હતાં. આમ ઉપરોકત જુદા જુદા ધંધામાંથી કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૧૦૦૦ની થતી. જેમની માથાદીઠ વાર્ષિક આવક રૂ. ૨૦૫ની થતી હતી. આ આવક વ્યકિતને જીવન જીવવા જેટલી આવક જરૂરી છે તેના ચોથા ભાગની આવક પ્રાપ્ત થતી. આ ઉપરથી અનુમાન કરી શકાય કે એમની આર્થિક પરિસ્થિતિ કેવી હશે. આમ જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી આવકમાંથી કુટુંબનું ભરણપોષણ થતું ન હતું. જેથી અન્ય સામાજિક, ધાર્મિક, મકાન બાંધકામની તો વાત જ શી. માટે આવા જીવનનિર્વાહ ઉપરાંતના ખર્ચને પહોંચી વળવા તેમને દેવું કરવાની ફરજ પડતી. જુદા જુદા ધંધામાંથી પ્રાપ્ત થતી આવકની તુલનામાં ખર્ચનું પ્રમાણ જોઇએ તો કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૭૦૫નું હતું જયારે માથાદીઠ વાર્ષિક ખર્ચ સરેરાશ ૧૪૫ રૂ. નું હતું. દાયકા પહેલાંના ભાવોની દૃષ્ટિએ જોઇએ તો પણ તેમની સ્થિતિ ર સારી ન લેખી શકાય. કેમ કે મોટા ભાગની આવક ખાધ ચીજો પાછળ જ ખર્ચાઇ જતી હતી. જેથી દેવું કરવાની ફરજ પડતી.

દેવું :

નમૂનાનાં કુટુંબોએ ૧૯૬૯ના વર્ષમાં કુલ કુટુંબોમાંથી ૪૭ કુટુંબો દેવાદાર હતાં દેવાદાર કુટુંબદીઠ દેવું ૧૩૨ રૂ. નું હતું અને આ દેવું મકાન બાંધકામ, નિર્વાહ ખર્ચ, ખેતીનાં સાધનો, દવાઓ અને સામાજિક ખર્ચમાં ઉપયોગ કર્યો હતો. દેવાની રકમનો મોટો ભાગ નિર્વાહ પાછળ ખર્ચાઇ જતો હતો.

અસ્કયામત :

નમૂનાનાં કુટુંબો પાસે અસ્કાયમતના સ્વરૂપમાં મકાન, જમીન, ખેતસાધનો, પશુધન વગેરે હતું. તેમની માથાદીઠ અસ્કયામત ૪૦૬ રૂપિયાની હતી. જયારે કુટુંબદીઠ અસ્કયામત ૧૯૭૮ રૂ. ની હતી.

આમ ઉપરોક્ત જુદી જુદી હકીકતોના તારણ પછી એટલું સ્પષ્ટ થાય છે કે આજથી દસ વર્ષ પહેલાંની વિકટ પરિસ્થિતિમાં જે જીવન જીવતા તે જ આજે પણ જોવા મળે છે.

બીજી તપાસ વખતે તેનાં તે જ કુટુંબોની મોજણી હાથ ધરવામાં આવી હતી. દસ વર્ષ પછી પુનઃતપાસ વખતે કુલ ૬૪ કુટુંબોમાંથી ૧૫ કુટુંબોના વડા ગુજરી ગયા હતા. અને ૭ કુટુંબોના વડાએ સ્થળાંતર કર્યું હોવાથી * બાકીનાં ૪૨ કુટુંબોની તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રથમ તપાસ વખતે લીધેલાં કુટુંબોમાંથી બીજી તપાસ વખતે જે કુટુંબોની મોજણી કરી તેની તુલનામાં ૧૯૭૯ના વર્ષની પરિસ્થિતિ નીચે મુજબ હતી.

સાગટાળા ૧૯૭૯ :

સાગટાળા ગામની પુનઃતપાસ વખતે કુલ ૪૨ કુટુંબો હયાત હતાં. તેમની કુલ સભ્યસંખ્યા ૨૪૦ની હતી. જે ૧૯૬૯માં ૨૦૬ની હતી. એટલે કે એક દાયકામાં ૩૪ની સંખ્યા વધી હતી. કુટુંબ કદ ૫ માણસનું હતું. જે પુનઃતપાસ વખતે ૬ માણસનું થયું હતું તેનું કારણ કુટુંબમાં લગ્ન અને નવું બાળક આવવાથી વધારો થયો હતો. પ્રથમ તપાસ અને બીજી તપાસ વખતે કુટુંબોના પ્રકારમાં પણ ફેરફાર થયો હતો. વિભક્ત કુટુંબોની સંખ્યા વધવા પામી હતી.

પ્રથમ અને બીજી તપાસ વખતે શિક્ષણમાં કોઇ ફેરફાર જોવા મળ્યો ન હતો. ઊલટાનું શિક્ષણનું પ્રમાણ ઘટવા પામ્યું હતું. મકાનની સ્થિતિમાં પણ ફેરફાર જોવા મળ્યો ન હતો.

નમુનાનાં કુટુંબોની ઘરવખરીમાં એલ્યુમિનિયમ અને પિત્તળનાં વાસણોનો ઉપયોગ વધ્યો હતો. માટીનાં વાસણોનો ઉપયોગ ઘટયો હતો. કુટુંબદીઠ ઘરવખરી અને ફર્નિચરની સંખ્યામાં કોઇ ફેરફાર જોવા મળ્યો નહી. તેમના પશુધનની સંખ્યા ઘટવા પામી હતી. કુટુંબદીઠ પશુધન ૧૨નું હતું તે ૯નું થયું હતું.

ખેતીનાં સાધનોમાં વધારો થયો હતો. ખેતી ઉપયોગી કરબ, હળ, સમાર, વાવણિયો, નાનાં ઓજારોની સંખ્યા વધી હતી. ખેતીની પદ્ધતિમાં પણ કંઇક અંશે ફેરફાર જોવા મળ્યો હતો. કુટુંબમાં કમાનાર અને બિન કમાનારની સભ્યસંખ્યામાં પણ ફેરફાર થયા હતા.

કુટુંબદીઠ જમીનનું કદ પ્રથમ તપાસ સમયે ૨.૭ એકરનું હતું તે વધીને બીજી તપાસ વખતે ૩.૫ એકરનું થયું હતું. જમીનના કદમાં વૃદ્ધિ થતાં ખેત પદ્ધતિમાં સુધારો અને સાધનોનો બહોળો ઉપયોગ તેમજ ખેડખાતરમાં સુધારાના પરિણામે જુદા જુદા પાકોનું કુલ ઉત્પાદન વધ્યું હતું પ્રથમ તપાસ સમયે કુલ ઉત્પાદન ૧૯૯૭૨ કિલોનું હતું જે બીજી તપાસ સમયે ૩૯૪૫૦ થયું હતું. આમ ઉત્પાદનમાં વૃદ્ધિની સાથે ખર્ચ પણ વધ્યું હતું.

**આવક :**

નમૂનાનાં કુટુંબોની આવક વધી હતી. પ્રથમ તપાસ વખતે આવકનાં જે સાધનો હતાં તે જ સાધનોમાંથી લગભગ બેગણી આવક મેળવતા થયા હતા. તેમને પશુપાલન, ખેતી, મજૂરી, જંગલમજૂરી, વન્યપેદાશ વગેરે ધંધામાંથી ૧૯૬૯માં કુટુંબદીઠ ૯૮૨ રૂ.ની આવક પ્રાપ્ત થતી હતી જે ૧૯૭૯માં કુટુંબદીઠ ૨૧૧૫ રૂ.ની હતી.

**ખર્ચ :**

આવક વધવાની સાથે કુટુંબદીઠ વપરાશી ખર્ચ પણ વધ્યું હતું. ૧૯૬૯માં કુટુંબદીઠ વપરાશી ખર્ચ રૂ.૭૦૩નું હતું જે ૧૯૭૯માં ૧૯૭૫ રૂ.નું થયું હતું. કુટુંબદીઠ વપરાશી ખર્ચમાં વધારો વધતા જતા ભાવોને લઇને થયું હતું પરંતુ તેમની વપરાશી વસ્તુનો ઉપભોગ અને માળખામાં કોઇ ફેરફાર થયો ન હતો.

**દેવું :**

વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવું પડતું અને સૌથી વધુ દેવું નિર્વાહ પાછળ થતું હતું. ૧૯૬૯માં દેવાદાર કુટુંબદીઠ દેવુ ૧૩૨ રૂ.નું હતું જે વધીને ૧૯૭૯માં ૧૪૦ રૂ.નું થયું હતું. દેવું નિર્વાહખર્ચ અને ખેતીનાં સાધનોના હેતુ માટે થયું હતું.

**અસ્કયામતો :**

નાયકા જાતિની અસ્કયામતોની કિંમત વધી હતી. કુટુંબદીઠ અસ્કયામતો પણ વધી હતી. જેમાં જમીન, પશુધન, ઘર, ઘરવખરીનો સમાવેશ થાય છે. કુટુંબદીઠ અસ્કયામત ૧૯૭૮ની હતી જે વધીને ૧૯૭૯માં ૧૦૬૯૭ રૂ.ની થઇ હતી.

નાયકા જાતિની ૧૯૬૯ અને ૧૯૭૯ની તપાસ સમયની પરિસ્થિતિ, આવેલાં પરિવર્તનો-નો ખ્યાલ કોઠા પરથી વધુ સ્પષ્ટ થશે. કુટુંબમાં શું પરિવર્તન આવ્યુ તે પણ જોઇ શકાશે.

(૮)

તુલનાત્મક સ્થિતિ : ૧૯૬૯ : ૧૯૭૯ :

| ક્રમ | વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧. | કુલ કુટુંબ સંખ્યા | ૪૨ | ૪૨ |
| ૨. | સભ્યસંખ્યા | ૨૦૬ | ૨૪૦ |
| ૩. | કુટુંબ કદ | ૫ સભ્ય | ૬ સભ્ય |
| ૪. | કુટુંબનો પ્રકાર : સંયુક્ત | ૨૨ | ૧૯ |
| | વિભક્ત | ૨૦ | ૨૩ |
| ૫. | શિક્ષણ : ભણેલા | ૧૪ | ૧૦ |
| | અભણ | ૧૯૨ | ૨૩૦ |
| ૬. | કુટુંબદીઠ ઘરવખરી | ૨૪ | ૨૫ |
| ૭. | કુટુંબદીઠ પશુધન | ૧૨ | ૯ |
| ૮. | કમાનાર સભ્યો | ૧૪૦ | ૧૪૬ |
| ૯. | કુટુંબદીઠ જમીન | ૨.૭ એકર | ૩.૫ એકર |
| ૧૦. | કુલ ઉત્પાદન (કિલોમાં) | ૧૯૯૭૨ | ૩૯૪૫૦ |
| ૧૧. | ખેતીનાં સાધનોની સંખ્યા | ૬ | ૮ |
| ૧૨. | ઉત્પાદન ખર્ચ | ૨૯૯૦ | ૧૦૬૩૦ |
| ૧૩. | કુટુંબદીઠ ચોખ્ખી આવક | ૯૮૨ | ૨૧૧૫ |
| | માથાદીઠ આવક (વાર્ષિક) | ૧૯૬ | ૩૫૩ |
| ૧૪. | કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ | ૭૦૩ | ૧૯૭૪ |
| ૧૫. | માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૪૩ | ૩૪૬ |
| ૧૫. | દેવાદાર કુટુંબો | ૩૧ | ૫ |
| ૧૬. | દેવાદાર કુટુંબદીઠ દેવું | ૧૩૧ | ૧૪૦ |
| ૧૭. | કુટુંબદીઠ અસ્કયામત | ૧૯૭૮ | ૧૦૬૯૭ |
| ૧૮. | માથાદીઠ અસ્કયામત | ૪૦૩ | ૧૮૭૨ |

## ભાતખાઇ ( સુરત જિલ્લો )

અહેવાલ લેખન : મુ. ઇ. મસવી
ભીખાભાઇ પટેલ

સારદોહન : ભીખાભાઇ પટેલ

પાના : ૧૨૬

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા ૧૯૬૯-૭૦ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસગ્રંથ રચવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ માટે જુદા જુદા આદિવાસી વિસ્તારોમાંથી જુદી જુદી આદિવાસીઓની વસ્તી ધરાવતાં ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં. અને ક્ષેત્રકાર્ય કરીને જુદાં જુદાં પાસાંઓ પર માહિતી એકઠી કરવામાં આવી હતી. પરંતુ તેના વિષે આગળ કામ થયું ન હતું. ચૌધરી જાતિની તપાસ માટે સુરત જિલ્લાના માંડવી તાલુકામાંથી 'ભાતખાઇ' ગામ પસંદ કરવામાં આવ્યું હતું. જેની પુનઃતપાસનું કાર્ય પણ ચાલુ વર્ષમાં પૂરું કરવામાં આવ્યું હતું.

### તપાસનો ઉદ્દેશ :

૧૯૬૯માં જે ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં અને જે તે ગામમાંથી પહેલી તપાસ વખતે જે કુટુંબોની તપાસ કરવામાં આવી હતી તે જ કુટુંબો પુનઃમોજણી વખતે તપાસવામાં આવ્યાં હતાં. આ તપાસનો મુખ્ય હેતુ છેલ્લાં દસ વર્ષના ગાળામાં આ ગામમાં કેવા પ્રકારના પરિવર્તનો આવ્યાં છે તેમજ સામાજિક આર્થિક જીવનમાં શું ફેરફારો થયા, ગામમાં વસતા લોકોના જીવનધોરણમાં શું પરિવર્તનઅ આવ્યું, તેમની રહેણીકરણી અને અન્ય જીવનને સ્પર્શતાં પાસાંઓમાં ફેરફાર થયો છે કે કેમ તે વિષે જાણકારી મેળવવાનો હતો.

### તપાસ પદ્ધતિ :

પુનઃતપાસ અને અગાઉની તપાસ વખતે સર્વેક્ષણ પદ્ધતિ દ્વારા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. સાથે સાથે સહભાગી નિરીક્ષણ પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ તેમજ આ તપાસમાં માનાત્મક પાસાંઓની સાથો સાથ ગુણાત્મક પાસાંઓને પણ મહત્વ આપવામાં આવ્યું હતું. આ તપાસ માટે અગાઉની જેમ સામાજિક અને આર્થિક પાસાંઓને સ્પર્શતી બાબતોના અભ્યાસ માટે પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. પ્રથમ તપાસ વખતે ભાતખાઇ ગામનું ક્ષેત્રકાર્ય કેન્દ્રના સંશોધન અધિકારી શ્રી ગૌરીશભાઇ પંડયા અને મુસ્તાઅલી મસવી તેમજ આંકડા મદદનીશ શ્રી હરગોવિંદભાઇ પ. પટેલે કર્યું હતું. બીજી તપાસ વખતે શ્રી સુમનભાઇ ચૌધરીએ તે ગામની

પુનઃતપાસ કરી હતી., અને માહિતી એકઠી કરી હતી.

પ્રથમ તપાસ વખતે ગામમાંથી કુલ ૫૪ કુટુંબોની તપાસ કરી હતી. જયારે પુનઃતપાસ સમયે પાંચ કુટુંબના વડા ગુજરી ગયા હોવાથી અને બે કુટુંબોના વડા બીજે ગામ -અંબાપારડી ગયા હોવાથી કુલ ૪૭ કુટુંબોનો સંપર્ક કરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી.

વિસ્તાર પરિચય :

લાનખાઇ ગામ સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલું છે. માંડવી તાલુકો જિલ્લાની ઉત્તરે આવેલો છે. તાલુકાનો વિસ્તાર લગભગ ૨૭૬ ચો.મા. છે. ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે તાલુકાની કુલ વસ્તી ૧૧૯૧૬૮ની હતી. જેમાં આદિવાસીઓની વસ્તી ૯૦૯૪૪ની હતી. તાલુકામાં કુલ ૧૫૮ ગામો છે. જેમાં ૨૬ ગામો જંગલ વિસ્તારમાં આવેલાં છે. ૨૪ ગામો ઉજજડ છે. તાલુકાના મુખ્ય પાક ડાંગર, કપાસ, જુવાર, મગફળી અને તુવેર છે. તાલુકાનો કુલ વિસ્તાર ૧૭૮૯૦૩ એકર છે. જેમાંથી જંગલ વિસ્તાર ૪૨૦૬૨ એકર છે. અને ખેડાણ હેઠળનો વિસ્તાર ૧૦૯૨૭૦ એકર છે, સિંચાઇ હેઠળનો વિસ્તાર ૧૧૧૪૦ એકર છે. એટલે કે ખેડાણ હેઠળની જમીનનાં માન ૧૦.૨ ટકા વિસ્તાર સિંચાઇ હેઠળ છે. કાકડાપાર અને ગોડધા નહેરને લીધે તાલુકામાં ખેતી ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ થઇ છે. તાલુકામાં વાહનવ્યવહાર, તબીબી અને શિક્ષણ ક્ષેત્રે સારી સગવડો છે. તાલુકામાં ખેતીવાડી અને પશુસંવર્ધન ક્ષેત્રે સારી પ્રગતિ થઇ છે. આ ઉપરાંત તાલુકામાં સહકારી પ્રવૃત્તિને સારો એવો વેગ સાંપડયો છે. તાલુકામાં વિવિધ પ્રકારની કુલ ૭૫ જેટલી સહકારી મંડળીઓ આવેલી છે.

ગામનો પરિચય :

આ ગામ જંગલ વિસ્તારમાં આવેલું છે., તેમજ તાલુકા મથકથી ૫ માઇલ દૂર અંતરિયાળના વિસ્તારમાં આવેલું છે. જિલ્લા મથકથી ૩૫ માઇલ દૂર છે. ગામનો કુલ વિસ્તાર એક ચોરસમાઇલ જેટલો છે. ગામથી થોડે દૂર જંગલ વિસ્તાર આવેલો છે. ગામમાં કોઇ ખાસ સગવડો નથી. ગામનો બધો જ વ્યવહાર તાલુકા મથક સાથે છે. ગામની સરહદે બોડધા, બડતલ, સુરકુઇ અને વરેઠ ગામો આવેલાં છે. જે લાનખાઇ ગામથી વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ મોટાં હોઇ બધી જ સગવડો ત્યાં પ્રાપ્ય છે.

આર્થિક સ્થિતિ : ૧૯૬૯ :

પ્રથમ તપાસ સમયે ગામમાંથી ૫૪ કુટુંબો આવરી લીધાં હતાં બધાંજ કુટુંબો વત્તેઓછે અંશે જમીન ધરાવતાં હતાં. ૧૯૬૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગામમાં કુલ વ્યકિતઓના ૫૩.૮ ટકા વ્યકિતઓ કામ કરનારી હતી. જયારે જિલ્લામાં આ પ્રમાણ ૪૮.૨ ટકા હતું.

સ

આમ જિલ્લાના ગ્રામ વિસ્તારની સરખામણીમાં કામ કરનારાઓનું પ્રમાણ વધારે હતું.

તપાસના વર્ષ દરમ્યાન દરેક કુટુંબ ખેતીના વ્યવસાય પર નિર્ભર હતું. ગામમાં જમીન ધરાવતાં કુટુંબોને તે જમીન ગણોતધારા હેઠળ પ્રાપ્ત થઇ હતી. અને તેમણે ગણોતનાં નાણાં સરકારને હપ્તેથી ચૂકવી આપ્યાં હતાં. પહેલાં પણ જમીનના માલિકો તેઓ પોતે જ હતા. પરંતુ બાપ દાદાએ આ લીધી જ જમીન માંડવીમાં ધરી અને વાણિયાઓનાં દેવાં ભરપાઇ કરવા પટે આપી દીધી હતી, પરંતુ ૧૯૬૫ પછી ગણોતધારા હેઠળ ખેડહકકમાં આ જમીન તેમને પાછી મળી હતી.

ગામમાં જમીન ધારણ કરનાર ડબ્જેદારોની સંખ્યા ૫૫ હતી. જેમની પાસે ૨૭૩.૭૪ એકર જમીન હતી. કુલ કબ્જેદારો માંથી ૪૯.૧ ટકા કુટુંબો ૫ એકર સુધીની જમીન ધરાવતાં હતાં જ્યારે બાકીનાં ૫૦.૯ ટકા કુટુંબો પાંચથી ૨૫ એકર સુધીની જમીન ધરાવતાં હતાં. ગામમાં કુલ ૫૪ કુટુંબોમાંથી પર કુટુંબો પાસે જમીન હતી, જ્યારે ૨ કુટુંબો ભાગે જમીન ખેડતાં હતાં. કુટુંબદીઠ ૫ એકર જેટલી જમીન હતી.

ગામમાં જમીનનો વપરાશ જોઇએ તો તપાસના વર્ષે કુલ વિસ્તારના માત્ર ૪૧.૯ ટકા જમીન પાક હેઠળ હતી. સિંચાઇનો વિસ્તાર માત્ર ૭.૪ ટકા જેટલો હતો. જેથી એક કરતાં વધુવાર પાક લેવાની શકયતા પણ ઘણી ઓછી હતી.

ગામમાં મુખ્ય પાકો જુવાર, ડાંગર, કપાસ, તુવેર, વાલ, દિવેલા તેમજ મગફળીનો છે. જેમાં રોકડિયા પાકનું ઉત્પાદન ઘણું ઓછું હતું. તપાસના વર્ષની તુલનારી જોઇએ તો પણ ખ્યાલ આવે છે કે કુલ વિસ્તારના માત્ર ૪૧.૫ ટકા વિસ્તાર ખાધ પાકો નીચે અને ૧૨.૮ ટકા વિસ્તાર કઠોળના વાવેતર નીચે હતો.

આ જાતિ ખેતી, ખેતમજૂરી, નોકરી તેમજ છૂટક કામો કરી પોતાની આજિવીકા મેળવે છે. આ જાતિનો જીવનનિર્વાહનો મુખ્ય આધાર ખેતી અને ખેતમજૂરી છે. ચૌધરી લોકોને કુલ આવકના ૮૦થી ૯૦ ટકા આવક ખેતીના ધંધામાથી થાય છે. આવક ઓછી હોવાથી દેવું કરવું પડે છે.

૧૯૬૯ની પ્રથમ તપાસ સમયે તેમની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ.૧૧૬૪.૨૯ની હતી. જ્યારે માથાદીઠ વાર્ષિક આવક રૂ.૧૮૦.૧૫ ની હતી.

આવક અને ખર્ચનું પાસુ જોઇએ તો કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ ૧૦૫૦.૦૯ રૂ.નું હતું. આવક અને ખર્ચ લગભગ સરખા પ્રમાણમાં રહેતું જેથી સામાજિક પ્રસંગો કે ખેતી સુધારણા માટે દેવું કરવાની ફરજ પડતી.

તપાસના વર્ષે કુલ કુટુંબોમાંથી ૨૪ કુટુંબો દેવાદાર હતાં. જેમણે ઘરખર્ચ, ખેતીખર્ચ અને સામાજિક ખર્ચ પેટે દેવું કર્યું હતું. તેમની કુટુંબદીઠ અસ્કયામતો પણ ૭૯૩૬.૭ રૂ.ની હતી. જેથી મોટું ખર્ચ કાઢવા માટે વધારે પૈસાની જરૂર પડે તો તે મેળવવામાં મુશ્કેલી હતી.

આમ ઉપર મુજબ જોઇએ તો ચૌધરી જાતિ દસ વર્ષ પહેલાં ખૂબ જ વિકટ પરિસ્થિતિમાં જીવન વિતાવતી હતી. આવક અને ખર્ચનું પ્રમાણ પણ એક સરખું હતું જેથી સામાજિક પ્રસંગોએ દેવું કરવું પડતું. ખેત ઉત્પાદન પણ ઘણું ઓછું હતું. ખેતી પદ્ધતિઓ પણ જૂની પુરાણી હતી. કે કોઇ ખાસ પરિવર્તન દેખાતું નહોતું.

**આર્થિક સ્થિતિ : ૧૯૬૯-૧૯૭૯ દાયકા દરમ્યાન આવેલું પરિવર્તન :**

ફરીથી દસ વર્ષ બાદ ૧૯૭૯ના વર્ષમાં તેનાં તે જ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. ૧૯૬૯માં તપાસેલાં ૫૪ કુટુંબોમાંથી ૧૯૭૯માં હયાત કુટુંબોની તપાસ કરી બંને વર્ષની સઘળી પરિસ્થિતિનો તુલનાત્મક રીતે અભ્યાસ કર્યો હતો.

ચૌધરી જાતિમાં બાહ્ય સમાજની અસરો શિક્ષણ અને અન્ય કારણોને લીધે તેમના સમાજજીવનમાં સારું પરિવર્તન જોવા મળ્યું હતું.

અહીં ૧૯૭૯ના વર્ષમાં તપાસેલાં ૪૭ કુટુંબોને આધારે આજ કુટુંબો કે જેની ૧૯૬૯માં તપાસ કરાઇ હતી તેની સાથે રાખી બંને તપાસ વર્ષના આધારે માહિતી દર્શાવી છે.

(૧) ૧૯૬૯ અને ૧૯૭૯ના વર્ષમાં તપાસેલ કુટુંબોની સભ્ય સંખ્યા ૩૦૭થી વધીને ૩૬૫ની થઇ હતી. સભ્ય સંખ્યા વધવા પામી હતી જેમાં નવાં જન્મેલાં બાળકો, ઘરજમાઇ તરીકે આવેલ પુરુષો અને નવી પરણીને આવેલી સ્ત્રીઓનો સમાવેશ થાય છે.

(૨) કુટુંબના પ્રકારમાં પણ ફેરફાર જોવા મળ્યા હતા. જેમાં કેન્દ્રીય કુટુંબોનું પ્રમાણ વધ્યું હતું, કુટુંબનું કદ પણ વધ્યું હતું.

(૩) રહેણાંકના મકાનોમાં કોઇ ખાસ ફેરફાર જોવા મળ્યો ન હતો. માત્ર એક કુટુંબે પાકું ઘર બાંધ્યું હતું. આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે ઓછી આવકને લીધે રહેણાંકના ઘરોની સ્થિતિ એક સરખી જ રહેવા પામી હતી.

(૪) નમૂનાનાં કુટુંબો પાસેની ઘરવખરીનાં સાધનોમાં વધારો થયો હતો. પ્રથમ તપાસ વખતે કુટુંબદીઠ સરેરાશ સાધનોની સંખ્યા જેની હતી જે વધીને બમણી થઇ હતી.

(૫) બંને તપાસના આધારે એટલું સ્પષ્ટ જોઇ શકાય છે કે છેલ્લા દાયકાથી શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં રસ પેદા થયો છે, શિક્ષણનું મહત્વ સમજાયા છે. શિક્ષણનું પ્રમાણ પણ વધવા લાગ્યું છે.

(૬) દસ વર્ષના સમયગાળામાં જમીન ધારણના કદમાં પણ ફેરફાર થયેલા જોવા મળ્યા હતા. જમીનનું પ્રમાણ વધવાને બદલે ઘટયું હતું. ૧૯૬૯માં ૨.૫ એકર જમીન ધરાવતાં ૫ કુટુંબો પાસે માત્ર ૭.૩૭ એકર જમીન હતી. જે દસ વર્ષમાં ૨.૫ સુધીની જમીન ધરાવતાં કુટુંબોની સંખ્યા વધીને ૧૩ની થઇ હતી. જયારે અઢીથી ૫ એકર સુધીની જમીન ધારણ કરતાં કુટુંબોનું પ્રમાણ ઘટતું ગયું હતું. કુટુંબદીઠ સરેરાશ જમીન પણ ૫.૩ એકરથી ઘટીને ૪.૯ એકર થઇ હતી.

(૭) તપાસનાં બંને વર્ષોમાં પશુધનનું પ્રમાણ લગભગ એક સરખું જોવા મળ્યું હતું. પરંતુ દૂધાળાં ઢોરની સંખ્યા વધવા પામી હતી. પરંતુ ખેતી ઉપયોગી પશુઓની સંખ્યા ઘટવા પામી હતી. બીજી તપાસ વખતે ગાય ભેંસોની સંખ્યા ૬૬થી વધીને ૮૫ની થઇ હતી, જયારે બળદોની સંખ્યા ૭૩થી ઘટીને ૬૮ની થઇ હતી. મરઘાંની સંખ્યા પણ રોગચાળો અને ખરાબ હવામાનથી ઘટી ગઇ હતી.

(૮) પ્રથમ તપાસ કરતાં બીજી તપાસ વખતે ખેતીનાં સાધનોમાં પરિવર્તન જોવા મળ્યું હતું. ખેતીનાં નવાં ઓજારોનો ઉપયોગ વધ્યો હતો, ખેતીમાં હળ, કરબનો ઉપયોગ વધાર્યો હતો. આમ ખેતી અને ખેત પધ્ધતિઓ તેમજ સાધનોમાં આવેલાં પરિવર્તનોથી ઉત્પાદન પણ વધવા પામ્યું હતું. સાથે સાથે તેમની આવક પણ વધવા પામી હતી પરંતુ આજની પરિસ્થિતિમાં તેમની વધતી આવક વધતા જતા ભાવોની તુલનામાં વધારો કહી શકાય નહીં.

(૯) છેલ્લા દાયકામાં કુટુંબદીઠ વાર્ષિક આવક ૧૨૧૧.૫ રૂ.ની હતી જે વધીને ૧૭૪૬.૬ રૂ.ની હતી જેમાં ખેતી અને પશુપાલનની આવક વિશેષ હતી.

(૧૦) આવકનું પ્રમાણ વધવાની સાથે ખર્ચમાં પણ વધારો થયો છે. ૧૯૦૧.૬ થી વધીને ૨૫૭૪.૭ રૂ. થયું હતું. આમ આવક અને ખર્ચનો વધારો એક સરખો જોવા મળ્યો હતો. જેટલી આવક વધી હતી તેટલા જ પ્રમાણમાં ખાધચીજો અને અન્ય ચીજોના ભાવો વધ્યા હોવાથી બધી જ આવક નિર્વાહખર્ચ પાછળ ખર્ચાઇ જતી હતી.

છેલ્લાં દસ વર્ષમાં ખર્ચમાં ખોરાક પાછળનું ખર્ચ ઘટવા પામ્યું છે, જયારે કપડાં જોડાંનું ખર્ચ વધવા પામ્યું છે. આ ઉપરાંત ખોરાકમાં તેલ, માંસ, ઈંડાનો ઉપયોગ વધ્યો છે. બિન આદિવાસી સમાજનો સંપર્ક વધવાથી રહેણીકરણી, પહેરવેશ, ખાણી પાણીમાં પણ પરિવર્તન જોવા મળે છે.

(૧૧) ચૌધરી કુટુંબોમાં છેલ્લાં દસ વર્ષમાં આવક વધવા પામી છે. આવક વધવાની સાથે ખર્ચમાં પણ વૃદ્ધિ જોવા મળે છે. વધતા જતા ખર્ચને પહોંચી વળવા તેમજ જીવનનિર્વાહના ખર્ચને લીધે અને ખેતીનાં સાધનોના વધેલા ઉપયોગને કારણે દેવું કરવું પડે છે. ૧૯૬૯ના વર્ષમાં કુટુંબદીઠ દેવાનું પ્રમાણ ૬૯.૯ રૂ. હતું જે વધીને ૫૯૨.૦ રૂ. થયું હતું.

(૧૨) નમૂનાનાં કુટુંબોમાં તેમની અસ્કયામતોમાં વધારો થયો છે. છેલ્લા દાયકામાં કુટુંબદીઠ અસ્કયામતનું પ્રમાણ ૮૩૮૧.૭ રૂ. થી વધીને ૨૦૭૮૩.૪ રૂ.ની થઇ છે. અસ્કયામતોનું પ્રમાણ વધવા પાછળ દૂઝાળાં ઢોરની ખરીદી અને જમીનની કિંમતમાં થયેલો વધારો ગણાવી શકાય.

આમ એકંદરે જોઇએ તો છેલ્લા દાયકામાં ચૌધરી જાતિમાં જીવનને સ્પર્શતી દરેક બાબતોમાં વત્તે ઓછે અંશે ફેરફારો થયેલા જોવા મળે છે. તેમની રહેણીકરણી, શિક્ષણ, આવક, ખર્ચ અને અન્ય બાબતોમાં પરિવર્તન જોવા મળે છે. ખાસ ખેતીની પદ્ધતિમાં આવેલું પરિવર્તન અને નવાં ખેતીનાં સાધનોનો ઉપયોગ વધ્યો છે. પરંતુ ધંધાની દ્રષ્ટિએ જોઇએ તો ખેતી પર ભારણ વધવા પામ્યું છે. તેમની આર્થિક પરિસ્થિતિ સુધરવા પામી છે છતાં બધા ગરીબાઇની રેખા ઓળંગવા માટેના તેમના પ્રયાસો વધતા જાય છે.

ચૌધરી જાતિની ૧૯૬૯ અને ૧૯૭૯ના વર્ષની તુલનાત્મક સ્થિતિ નીચેના કોઠામાં દર્શાવવામાં આવી છે.

## ૧૯૬૯ અને ૧૯૭૯ના વર્ષની તુલનાત્મક સ્થિતિ દર્શાવતો કોઠો

| ક્રમ | વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|---|
| ૧. | કુટુંબ સંખ્યા | ૪૭ | ૪૭ |
| ૨. | સભ્યસંખ્યા | ૩૦૭ | ૩૬૫ |
| ૩. | કુટુંબ કદ | ૬.૫ | ૭.૮ |
| ૪. | મુખ્ય ધંધો | ખેતી | ખેતી |
| ૫. | કુટુંબદીઠ સરેરાશ ઘરવખરીનાં સાધનો | ૧૨ | ૨૦ |
| ૬. | કુટુંબદીઠ પશુધન | ૬ | ૬ |
| ૭. | કુટુંબદીઠ જમીન | ૫.૩ એકર | ૪.૯ એકર |
| ૮. | કુટુંબદીઠ વાર્ષિક આવક | ૧૨૧૧.૫ | ૧૭૪૬.૬ |
| ૯. | માથાદીઠ વાર્ષિક આવક | ૧૮૫.૫ | ૨૨૪.૯ |
| ૧૦. | કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ | [illegible] | ૨૫૭૪.૭ |
| ૧૧. | માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ | ૧૬૭.૧ | ૩૯૪.૨ |
| ૧૨. | કુટુંબદીઠ દેવું | ૬૯.૯ | ૫૭૨.૦ |
| ૧૩. | કુટુંબદીઠ અસ્કયામત | ૮૩૮૧.૭ | ૨૦૭૮૩.૪ |

...

## મોહિની (સુરત જિલ્લો)

અહેવાલ લેખન : શ્રી ગૌરીશ પંડયા
સારદોહન : શ્રી જશવંત રાઠોડ
પાના : ૮૪

**પ્રસ્તાવના :**

ગુજરાતમાં ભીલ અનુસૂચિત જનજાતિની વસ્તી ગુજરાતની કુલ અનુસૂચિત જનજાતિઓમાં ૪૦ ટકાની છે. ભીલોનો વસવાટ દાંતાથી ડાંગ સુધીના વિસ્તારમાં છે. આ ભીલોના જુદા જુદા વિસ્તારોમાંથી ૧૯૬૯માં ૮ ગામોમાં તપાસ કરવામાં આવી હતી. આ જ આઠ ગામોની એ જ કુટુંબોની પુનઃતપાસ ૧૯૭૯માં કરવામાં આવી હતી. જેમાં આ અહેવાલમાં જે ઉચ્છલ તાલુકાના મોહિની ગામમાં વસાવાઓની પુનઃતપાસ કરેલી.

**તપાસનો ઉદ્દેશ :**

૧૯૬૯ની સાલમાં જે કુટુંબની તપાસ કરવામાં આવી હતી તે જ કુટુંબોની વ્યક્તિગત મુલાકાત લઇ માહિતી એકત્ર કરવામાં આવી હતી. જેનો ઉદ્દેશ એ હતો કે ૧૦ વર્ષની આદિવાસી વિકાસ ઘટકોની અનેકવિધ કામગીરી થયેલી હોવાથી તેમજ આર્થિક સુધારણા માટેની વિવિધ યોજનાઓનું અમલીકરણ થવાથી તે ઉપરાંત આદિવાસી વિસ્તાર પેટા યોજના દાખલ થતાં આ ગામમાં આર્થિક રીતે કેટલું પરિવર્તન આવ્યું છે, તેમજ સામાજિક પરિવર્તન માટેના અનેકવિધ પરિબળોના પરિપાકરૂપે ગામની સામાજિક આર્થિક માળખામાં કયા કયા કેવાં પરિવર્તનો આવ્યાં છે.

**તપાસ પધ્ધતિઓ :**

આ તપાસ માટે ૧૯૬૯માં નમૂના પધ્ધતિ દ્વારા ૪૭ કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી. આ ૪૭ કુટુંબોની વ્યક્તિગત મુલાકાત લઇ ત્રણ પ્રકારની અનુસૂચિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં એક કુટુંબપત્રક બીજું સામાજિક માહિતી માટેની અનુસૂચિ અને ત્રીજા નંબરમાં આર્થિક માહિતી માટે અનુસૂચિ બનાવી માહિતી ઊંડાણપૂર્વક એકત્ર કરવામાં આવી હતી. આ ઉપરાંત મુલાકાત, અવલોકન, કિસ્સા એકમ કરવાની પધ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧૯૭૯માં પણ એ જ ૪૭ કુટુંબોને પસંદ કરી જેમાંથી મૃત્યુ પામેલ અને ગામ છોડી ગયેલાં કુટુંબોને છોડી દઇ ૩૮ કુટુંબોમાં કુટુંબપત્રક અને આર્થિક માહિતી માટેની અનુસૂચિ સાથે જોડી દઇ માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ સિવાય બીજી માહિતી મુલાકાત, અવલોકન વગેરે પધ્ધતિઓને આધારે એકત્ર કરવામાં આવી હતી.

વિસ્તાર-આબોહવા :

સુરત જિલ્લાના સુરતથી પૂર્વ દિશામાં ઉચ્છલ તાલુકો આવેલો છે. તેની આબોહવા માર્ચથી જુલાઇ સુધી ગરમ અને ભેજવાળી રહે છે. જયારે નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી હવામાન સૂકું અને ઠંડું રહે છે. જુલાઈ અને ઓગસ્ટમાં અહીં વરસાદ વધુ પડે છે. આ વિસ્તાર જંગલોથી છવાયેલો છે જેને કારણે વરસાદનું પ્રમાણ વધુ છે.

ગામ :

મોહિની ગામની આજુબાજુનો વિસ્તાર જંગલોથી છવાયેલો હતો અને તપાસના વર્ષ દરમ્યાન કેટલોક વિસ્તાર ઉકાઇ જલાગાર યોજનામાં ડૂબમાં જતાં ગામોને વસાવવા માટે કપાઇ રહયાં છે. મોહિની ગામમાં બંને બાજુ હારબંધ ઘરો છે. ગામમાં ઘરો છૂટાછવાયાં નહીં પણ ગામઠાણની જગ્યામાં એક જગ્યાએ બંધાયેલાં છે. ગામમાં તે સિવાય બહાં જ મકાનો કાચાં છે. ગામની વચ્ચે એક કૂવો છે જ કૂવાનો ઉપયોગ ગામના લોકો પાણી પીવા માટે તથા નહાવા ધોવા માટે કરે છે.

વસ્તી :

તપાસના વર્ષ દરમ્યાન કુલ ૯૬ કુટુંબો ગામમાં હતાં જેમાંથી ૫૦ ટકા કુટુંબોને અભ્યાસ માટે પસંદ કરવામાં આવ્યાં હતાં. ૧૯૬૧ની વસ્તી ગણતરી મુજબ મોહિની ગામમાં ૭૯ કુટુંબો હતાં અને કુલ વસ્તી ૫૦૫ની હતી. જેમાં ૨૬૩ પુરુષો અને ૨૪૨ સ્ત્રીઓ હતી.

તપાસના વર્ષમાં ગામમાં ૯૬ કુટુંબોમાંથી ૪૮ કુટુંબો પસંદ કરવામાં આવ્યાં હતાં જે આ પ્રમાણે હતાં :

| ક્રમ | જાતિ | કુટુંબો | વસ્તી |
|---|---|---|---|
| ૧. | વસાવા | ૪૫ | ૩૨૭ |
| ૨. | કથોડી | ૧ | ૫ |
| ૩. | કોટવાળિયા | ૧ | ૨ |
| ૪. | હરિજન | ૧ | ૭ |
| | કુલ | ૪૮ | ૩૩૯ |

ઘરવખરી :

વસાવાઓ પાસે થોડા પ્રમાણમાં જ ઘરવખરીનાં સાધનો હતાં. તેમની જરૂરિયાત પ્રમાણે માટીનાં રાંધવાનાં વાસણો, એકાદ બે એલ્યુમિનિયમનાં વાસણો જેવાં કે તપેલાં રાખે છે. તેમની પાસે પિત્તળનો લોટો, થાળી કે પ્યાલા જૂજ કુટુંબમાં હતા. મોટે ભાગે

માટીનાં વાસણો વ્દારા જ તેઓ ચલાવે છે. ગામમાં સ્ટીલ કે તાંબા પીત્તળનાં વાસણોનો ઉપયોગ ખાસ થતો ન હતો. તેઓ ઘરમાં બે ઘંટી રાખે છે. ખાટલા કાથીના અને વાંસના બનાવેલા હતા.

દરેક કુટુંબ 'આસવી' રાખે છે. કેટલાક કુટુંબો પાસે ફાનસ હતી. જ્યારે મોટા ભાગનાં કુટુંબો ચીમની રાખતાં હતાં. આમ આ છામાં ઓછાં ઘરવખરીનાં સાધનો જોવા મળ્યાં.

પહેરવેશ :

સામાન્ય રીતે પુરુષો ધોતિયું અને ખમીશ પહેરે છે. પથી ૭ વર્ષના બાળકો ચડી અને ખમીશ કે બુશર્ટ પહેરે છે. યુવાન વયના પુરુષો પાટલુન, ખમીશ, બુસર્ટ પહેરે છે. સ્ત્રીઓ મહારાષ્ટ્રીયન સ્ત્રીઓની માફક કછોટો મારીને સાડી પહેરે છે. ઉપરના ભાગમાં કબજો પહેરે છે. મોટા ભાગની નાની છોકરીઓ લંગોટ બાંધે છે.

૧૯૭૯માં દેખાતાં પરિવર્તનો :

ગામ : પસંદ કરેલ મોહિની ગામ સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકામાં આવેલું છે. આ વિસ્તાર ડુંગરો અને જંગલોથી છવાયેલો હતો. જેમાં અનેક નદીનાળાં અને ડુંગરાળ જમીન છે. આ તાલુકામાં ૧૯૬૧માં કુલ ૬૯ ગામો હતાં જેમાંથી ૮ ગામો ઉજ્જડ હતાં અને ૧૮ ગામો ઉકાઇ જલાગાર યોજનામાં ડૂબમાં જતાં હતાં. જે યોજના મુજબ પસંદ કરેલ મોહિની ગામ ૧૯૬૯માં ચાર બાજુ જંગલવાળો પ્રદેશ હતો તેની જગ્યાએ અત્યારે જંગલો કાપી નવાં ગામ વસાવવામાં આવ્યાં છે.

ગામમાં ૧૯૬૯માં એક દુકાન હતી. જેમાં જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ ગામના લોકો મેળવી શકતા પણ ૧૯૭૯માં મોહિની ગામમાં એકપણ દુકાન નથી. જેથી જીવનજરૂરિયાતની વસ્તુઓ લેવા માટે ઉચ્છલ નવાપુર કે નવી વસાહતના ઘુપી ગામે જાય છે.

ગામમાં કુલ ૧૫૧ કુટુંબો તાં જેમાંથી ૪૧૬ પુરુષો અને ૪૩૫ સ્ત્રીઓ મળી કુલ ૮૫૧ની વસ્તી હતી. જેમાં એક કુટુંબ અનુસૂચિત જાતિનું હતું અને બે કુટુંબ કાથોડી જાતિના હતાં. તે ઉપરાંત બધાં કુટુંબો વસાવા જાતિનાં હતાં. છેલ્લા દસ વર્ષમાં જન્મ મરણના આંકડા તપાસતાં લાગે છે કે જન્મ પ્રમાણ વધતું જાય છે. અને મૃત્યુ પ્રમાણનો દર ઘટતો જાય છે. છેલ્લાં દસ વર્ષમાં ૧૫ મૃત્યુ થયાં છે અને ૮૦ નવાં જન્મેલાંની સંખ્યા ગામમાં છે. અન્ય સગવડોમાં ગામમાં દવાખાનું નથી. પણ ગામની જ એક વ્યક્તિને તાલીમ આપી પ્રાથમિક દવાઓ તે આપે છે. તે સિવાય મેલેરિયા નાબુદી યોજના નીચે એક વ્યક્તિ ગામમાં રહે છે. આ ઉપરાંત ગામમાં ગ્રામસેવક અને બે શિક્ષકો ભાડેથી મકાન રાખીને રહે છે.

ગામમાં પીવાના પાણીના બે કુવા છે. દુકાન કે સહકારી મંડળી ગામમાં નથી. નેસુ જંગલ મંડળીના ૪૦ સભ્યો મોહિની ગામના છે.

મોહિની ગામમાં કુલ ૧૫૧ કુટુંબો છે. જેમાંથી માત્ર ૭૮ કુટુંબો ખાતેદારો છે. બીજાં કુટુંબો ખેતમજૂરી પર જીવનનિર્વાહ કરે છે. તપાસના વર્ષે ૧૯૬૯માં ૯૬ કુટુંબો હતાં જયારે આજે ૧૫૧ કુટુંબો છે. અને જમીન ધારણ કરનાર બે જ કુટુંબો છે. જેઓનાં અલગ ખાતાં પડતાં નથી. જેને કારણે કુટુંબોમાં છોકરાઓ લગ્ન બાદ અલગ રહે જેથી કુટુંબોની સંખ્યા વધતી જાય છે.

૧૯૬૯માં ૪૭ કુટુંબોની પસંદગી કરવામાં આવી હતી તે જ કુટુંબોની દશા પ્રમાણે વર્ગીકરણ જોઇએ તો ખેતી કરતાં ૧૯૬૯માં ૩૪ કુટુંબો હતાં તે ઘટીને ૧૯૭૯માં ૨૫ થયા અને ખેતમજૂરી કરતાં ૧૯૬૯માં ૧૩ કુટુંબો હતાં તે ૧૯૭૯માં પણ ૧૩ કુટુંબો હતાં. મૃત્યુ પામેલાં ૩ કુટુંબો હતાં અને બહારગામ મજૂરી માટે ચાલ્યા ગયેલા ૬ કુટુંબોને છોડી દઇ ૩૮ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. એટલે છેલ્લા દસ વર્ષમાં જમીન માલિકીમાં પણ ફેરફાર થયા છે.

<u>શિક્ષણ :</u> છેલ્લા દસ વર્ષમાં શિક્ષણમાં પણ ગામમાં મોટું પરિવર્તન દેખાતું નથી. નિશાળનો એક ઓરડો ૧૯૬૯માં હતો અને આજે પણ તેનો તે જ ઓરડો છે. તેની બાજુમાં નવો બંધાય છે. એક જ ઓરડામાં ૧થી ૪ ધોરણ સુધીના વિધાર્થીઓ અને શિક્ષકો બેસે છે. ૧૯૬૯માં ૧ થી ૪ ધોરણમાં અભ્યાસ કરતા વિધાર્થીઓની સંખ્યા ૭૭ની હતી તે જ પ્રમાણે ૧૯૭૯માં ૭૬ વિધાર્થીઓની સંખ્યા હતી. આ જોતાં દસ વર્ષમાં શિક્ષણ લેનાર વિધાર્થીઓની સંખ્યા જોતાં લાગે છે કે સંખ્યા વધવાને બદલે ઘટતી જાય છે.

<u>કુટુંબનું કદ :</u>

કુટુંબના કદમાં જ્યાંથી ૬ સભ્યોવાળાં કુટુંબોની સંખ્યા બન્ને વર્ષમાં વધુ છે. એટલે લગભગ સરેરાશ ૬ સભ્યસંખ્યા મોહિનીમાં જોવા મળી હતી.

<u>મિલકત :</u>

| | કુટુંબદીઠ | વ્યકિતદીઠ |
|---|---|---|
| ખેતી કરતાં કુટુંબ ૧૯૬૯ | ૧૦૨૫૦.૭ | ૧૩૪૦.૫ |
| ખેતમજૂરી કરતાં ૧૯૬૯ | ૧૦૧૬.૪ | ૧૬૯.૪ |
| ખેતી કરતાં કુટુંબો ૧૯૭૯ | ૨૨૪૮૭.૮ | ૩૭૨૩.૧ |
| ખેતમજૂરી કરતાં ૧૯૭૯ | ૧૨૨૭.૩ | ૨૨૭.૯ |

(૫)

મિલકતનો કોઠો જોતાં પ્રથમ નજરે લાગે છે કે મિલકતમાં વધારો થયો છે. જો કે મિલકતમાં બહુ વધારો થયો નથી. છતાં ભાવોની સપાટી ઊંચી હોવાથી બજાર કિંમત ગણતાં મિલકતમાં વધારો થયો છે. ૧૯૬૯માં બે મકાન પાકાં હતાં તેની જગ્યાએ ૧૯૭૯માં બીજાં ૩ મકાનો પાકાં થયાં છે. આ સિવાય પશુઓની સંખ્યા વધી છે. ૧૯૬૯માં ગામમાં પિયત માટેના કૂવા નહોતા તેની જગ્યાએ બે કૂવા અને બે ઓઇલ એન્જીન આવ્યાં છે. જે મિલકતમાં ખેતી કરતાં કુટુંબોમાં સીધો વધારો સૂચવે છે. આ સિવાય ભૌતિક વસ્તુઓમાં કોઇ ફરક દેખાતો નથી. ૧૯૭૯માં એક બે કુટુંબોમાં સ્ટીલના પની જગ્યાએ ૧૦ વાસણો થયાં છે તે ઉપરાંત ૧૯૬૯માં ઘડિયાળ અને રેડિયો ગામમાં નહોતાં તે ૧૯૭૯માં ૨ ઘડિયાળ અને એક રેડિયો આવ્યા છે. માટીનાં વાસણોના વપરાશની સંખ્યા વધી છે. ૧૯૬૯માં માત્ર ૪ ફાનસ હતાં તેની જગ્યાએ ૧૯૭૯માં ૧૪ ફાનસ વપરાશમાં છે. કપડાં મૂકવાની પેટીઓની સંખ્યા ૧૯૭૯માં ૨૮ની છે જે ૧૯૬૯માં માત્ર ૭ની હતી. પિત્તળનાં વાસણોની સંખ્યા ઘટી છે. એલ્યુમિનિયમનાં વાસણોનો વપરાશ વધ્યો છે.

આવક :

મોહિની ગામની ચારે બાજુ નવી વસાહતો થવાથી મોહિની ગામમાં જમીનના ભાવો વધ્યા છે. કારણ કે આજુબાજુમાં વસાવેલાં કુટુંબોને માત્ર ૪ એકર જમીન જ આપવામાં આવી છે. જેથી જમીન ખરીદનાર તેમજ ગીરો કે ભાગે આપનાર /વાવનાર કુટુંબોની સંખ્યા વધી છે. આને કારણે જમીન પરનું ભારણ વધ્યું છે. સાથે સાથે મોહિની ગામના લોકોની જંગલોની જે આવકો ૧૯૬૯માં હતી તે ઓછી થઇ છે. આવકના સાધનોમાં ખેતી, ખેતમજૂરીની આવકો મુખ્ય છે. જેમની પાસે જમીન નથી તેવા ૧૩ કુટુંબો ખેતમજૂરી કરે છે. તેઓ બારડોલી બાજુ મજૂરી માટે જાય છે. ગામમાં કે આજુબાજુના વિસ્તારોમાં મજૂરી કાયમ તેમજ વધારે મળી શકતી નથી. તે સિવાય જંગલ મજૂરી થોડો સમય ચાલે છે. આ સિવાય તેમની પાસે આવકનાં બીજાં કોઇ સાધનો નથી.

આવક દર્શાવતો કોઠો ૧૯૬૯ તથા ૧૯૭૯ (રૂપિયામાં)

| | | ખેતી અને પશુપાલનની આવક | | મજૂરીની આવક | | જંગલ પેદાશ અને મજૂરીની આવક | | નોકરીની આવક | | અન્ય આવક | | કુલ આવક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખેતી કરતાં કુટુંબો | ખેતમજૂરી કરતાં કુટુંબો | ખેતી કરતાં કુટુંબો | ખેતમજૂરી કરતાં કુટુંબો | ખેતી કરતાં કુટુંબો | ખેતમજૂરી કરતાં કુટુંબો | ખેતી કરતાં કુટુંબો | ખેતમજૂરી કરતાં કુટુંબો | ખેતીકરતાં કુટુંબો | ખેતમજૂરી કરતાં કુટુંબો | ખેતી કરતાં કુટુંબો | ખેતમજૂરી મ કરતાં કુટુંબો |
| ૧૯૭૯ | કુટુંબદીઠ | ૩૧૯૬ | ૧૩૭ | ૫૩૭ | ૧૪૯૦ | ૮૧ | ૬૦૨ | ૨૭ | - | ૨ | ૬ | ૩૯૯૪ | ૨૨૩૬ |
| | વ્યક્તિદીઠ | ૫૨૯ | ૨૫ | ૮૯ | ૨૭૭ | ૧૩ | ૧૧૨ | ૧૬૮ | - | ૧ | ૬૬૧ | ૪૧૫ | |
| (ગ) ૧૯૬૯ | કુટુંબદીઠ | ૧૧૬૨ | ૪૧ | ૨૫૪ | ૫૫૫ | ૧૮ | ૩૧ | - | - | ૯૦ | ૪૬ | ૧૫૧૪ | ૬૭૮ |
| | વ્યક્તિદીઠ | ૧૫૨ | ૭ | ૩૩ | ૯૨ | ૨ | ૫ | - | - | ૧૨ | ૮ | ૧૯૮ | ૧૩૩ |

આવકનો કોઠો જોતાં ખ્યાલ આવે છે કે ખેતી કરનાર કુટુંબોની તેમજ ખેતમજૂરી કરતાં કુટુંબોની આવકમાં કુટુંબદીઠ અને વ્યક્તિદીઠ ફેરફાર જોવા મળે છે. એટલે કે આવક વધી છે.

આવક અને ખર્ચ :

| વિગત | | આવક | | ખર્ચ | |
|---|---|---|---|---|---|
| | | ૧૯૬૯ | ૧૯૭૯ | ૧૯૬૯ | ૧૯૭૯ |
| ખેતી કરતાં કુટુંબો | કુટુંબદીઠ | ૧૫૧૪ | ૩૯૯૪ | ૧૩૮૯ | ૪૧૪૧ |
| | વ્યક્તિદીઠ | ૧૯૮ | ૬૬૧ | ૧૮૧ | ૬૮૫ |
| ખેતમજૂરી કરતાં કુટુંબો | કુટુંબદીઠ | ૬૭૮ | ૨૨૩૬ | ૬૯૪ | ૨૩૨૭ |
| | વ્યક્તિદીઠ | ૧૧૩ | ૪૧૫ | ૧૧૫ | ૪૩૨ |

આવક અને ખર્ચના આંકડા જોતાં લાગે છે કે ૧૯૬૯ અને ૧૯૭૯ બંને તપાસ વર્ષોમાં ખેતી કરતાં કુટુંબો અને ખેતમજૂરી કરતાં કુટુંબો એ બંને પ્રકારના વ્યવસાયવાળાં કુટુંબોની આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધારે છે. જયારે ૧૯૭૯માં ૧૯૬૯ કરતાં પણ ખર્ચ વધારે દેખાય છે. આ રીતે મોટા ભાગનાં કુટુંબો દેવાદાર છે.

દેવું : દેવાનું પ્રમાણ ૧૯૬૯થી ૧૯૭૯માં વધ્યું છે. દેવું ખાસ કરીને જીવનનિર્વાહ માટે કરવું પડે છે. કારણ કે જીવનનિર્વાહ માટે આવકનાં સાધનો પૂરતાં નથી. દેવાની રકમ વધતી જાય છે તેમાં ખેતી કરવાવાળા અને ખેતમજૂરી કરનાર બંને દેવાદાર છે. અને બંને વર્ગોનું દેવાનું પ્રમાણ વધતું જાય છે. આ ગામમાં ખાસ કરીને દેવું શાહુકાર અને સગાસંબંધીઓનું છે. સરકારનું દેવું તો માત્ર ૦.૦૨ ટકા જ છે. જે ખેતી માટે લીધેલ છે. તે સિવાય સઘળા દેવું જીવનનિર્વાહ માટે જ કરવું પડે છે.

સૂચનો :

૧. જેમની પાસે જમીન છે તેમને બિયારણ ખાતર અને ખેતીનાં સાધનો તથા રોકડ રકમ જોઈએ ત્યારે તેની વ્યવસ્થા કરવી જોઈએ.

૨. સિંચાઈની વ્યવસ્થા કરવી જોઈએ.

૩. જમીન ધરાવતા ખેડૂતો અને ખેતમજૂરોને દૂધાળાં ઢોર આપવાની યોજના કરવામાં આવે તો તેમાંથી પૂરક રોજી પ્રાપ્ત થાય.

૪. ઉંડાઈ જળાશય યોજનામાં ખેતમજૂરોને પણ માછલી પકડવાની છૂટ આપવામાં આવે અને તેમને તાલીમ આપી હોડીઓ અપાય તો તેઓને અન્ય વિસ્તારમાં રખડવું ના પડે.

૫. જંગલ સહકારી મંડળીઓ તેમને દર અઠવાડિયે નિયમિત સ્થળ પર જ પૈસા ચૂકવે.

૬. નવું પ્લાન્ટેશન આ મડળીઓ દ્વારા થાય તો ત્યાં જ વ્યક્તિઓને મજૂરી કાયમી મળી શકે અને મજૂરી માટે બહારગામ જવું ના પડે.

૭. ખેતમજૂરીના દર ઉચ્છલ તાલુકામાં બહુ ઓછા છે તો તેઓને મજૂરીના લઘુત્તમ દરો મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

૮. મરઘાં ઉછેર કેન્દ્ર અથવા કુટુંબદીઠ પાંચ દસ મરઘાં આપી તેના ઈંડાને શહેર સુધી પહોંચાડવાની વ્યવસ્થા કરી હોય તો પૂરક રોજી મળી શકે.

૯. ઉચ્છલ તાલુકામાં મચ્છીમારી મંડળીઓ ચાલે છે તો નાનાં નાનાં તળાવો બનાવી સારી જાતની માછલીઓ ઉછેરી હોય તો તેઓ તેમાંથી પકડી મંડળીને વેચી શકે.

૧૦. જંગલ પર આધારિત ઉદ્યોગો કરવામાં આવે તો તેમાંથી પણ થોડુંક કામ મળી શકે.

૧૧. યુવાન છોકરાઓને સુથારીકામ, દરજીકામ, હીરા ઘસવાનું કામ, લાઇટ ફીટીંગ, મોટર ડ્રાઇવીંગ વગેરે કામોની તાલીમ આપી શકાય તેટલાં સાધનો આપવામાં આવે તો મોટા ભાગનાને કામકાજ તે વિસ્તારમાં જ મળી રહે.

૧૨. ગામમાં એક પણ દુકાન નથી તો જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વ્યાજબી ભાવે મળે તે માટે સહકારી મંડળી દ્વારા સસ્તા અનાજની દુકાન કરવી જોઇએ.

૧૩. શિક્ષણની વ્યવસ્થા ૧૯૬૯માં હતી તેમાં બહુ ફરક પડયો નથી તો તેઓ શિક્ષણ લેતા થાય તે માટેના પ્રયત્નો કરવા જોઇએ.

...

## મલાવ (જિલ્લો વલસાડ)

અહેવાલ લેખન : શ્રી ગીરિશ પંડયા
સારદોહન : જશવંત રાઠોડ

### તપાસનો ઉદ્દેશ :

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિઓનું પ્રમાણ ગુજરાતની કુલ વસ્તીમાં ૧૩.૯૯ ટકા છે. જેમાંથી દસ જાતિઓ એવી છે કે જેની વસ્તી એક લાખ કરતાં વધુ છે. આવી એક લાખ કરતાં વધુ વસ્તી ધરાવતી અનુસૂચિત જનજાતિઓના સાંસ્કૃતિક અભ્યાસો કરવાનું ૧૯૬૯માં નક્કી કરી જુદા જુદા વિસ્તારોમાંથી જે તાલુકામાં વધુ સંખ્યામાં એક લાખ કરતાં વધુ વસ્તીવાળી જાતિઓ હોય તે તાલુકો પસંદ કરી તેનો સામાજિક આર્થિક અભ્યાસ કરવો તે મુજબ 'વારલી' જાતિનો અભ્યાસ ૧૯૭૦માં ઉંબરગામ તાલુકાના 'મલાવ' ગામમાં કરવામાં આવ્યો હતો. જેના પ્રાથમિક અહેવાલો લખાયેલા હતા પણ તે જ ગામ અને તે જ કુટુંબમાં દસ વર્ષમાં આર્થિક રીતે કેટલું અને કેવું પરિવર્તન આવ્યું તેનો અભ્યાસ કરવાનું સૂચન કર્યું અને તે મુજબ ૧૯૬૯-૭૦માં જે ગામોનો અભ્યાસ કર્યો હતો તે જ ગામોનો અને તે જ કુટુંબોનો અભ્યાસ ૧૯૭૯-૮૦માં કરવામાં આવ્યો. જે દ્વારા તે ગામમાં ૧૯૬૯-૭૦માં જે તે કુટુંબોની સ્થિતિ હતી તેમાં વિકાસના આટલા પ્રયત્નો બાદ છેલ્લા દસ વર્ષમાં કયાં કયાં નોંધપાત્ર આર્થિક અને સામાજિક પરિવર્તનો આવ્યાં છે તે તપાસવામાં આવ્યું છે.

### તપાસ પદ્ધતિઓ :

આ તપાસ માટે ૧૯૬૯-૭૦માં મલાવ ગામમાં જે કુલ ૧૭૯ કુટુંબ હતાં જેમાંથી વારલીનાં ૧૪૦ કુટુંબો અને ધોડિયાનાં ૩૩ કુટુંબોમાંથી ૩૩ ટકા પ્રમાણે નિયમિત અંકન પદ્ધતિ દ્વારા વારલીનાં ૪૬ કુટુંબો અને ધોડિયાનાં ૧૧ કુટુંબો નમૂનામાં પસંદ થયાં હતાં. જેમનો અભ્યાસ કરવામાં આવ્યો હતો તે જ કુટુંબોનો અભ્યાસ ૧૯૮૦માં કરવામાં આવ્યો. પણ તે જ કુટુંબો અભ્યાસમાં લેવાનાં હોવાથી કેટલાંક કુટુંબોમાં મુખ્ય માણસોનાં મૃત્યુ થવાથી અને કેટલાંક કુટુંબો ગામ છોડી અન્ય જગ્યાએ મજૂરી માટે ચાલ્યાં ગયાં હોવાથી તે કુટુંબો છોડી દીધાં હતાં. તેથી વારલીનાં ૪૬ કુટુંબોમાંથી ૩૩ કુટુંબો અને ધોડિયાનાં ૧૧ કુટુંબોમાંથી ૯ કુટુંબોનો સંપર્ક સાધી શકાયો હતો.

નમૂના પધ્ધતિઓ માં ૧૯૬૯માં જે પધ્ધતિઓ નો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે જ પધ્ધતિઓ દ્વારાં ૧૯૮૦માં પણ અભ્યાસ કર્યો હતો. વ્યક્તિગત મુલાકાતો લઇ કુટુંબદીઠ અનુસૂચિ ભરવામાં આવી હતી. તે ઉપરાંત અન્ય માહિતી માટે સહભાગી અવલોકન, મુલાકાત તથા ગહન અધ્યયન પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

વિસ્તાર :

વલસાડ જિલ્લાનો સૌથી દક્ષિણનો તાલુકો ઉમરગામ છે. ગુજરાત રાજ્ય મહારાષ્ટ્રથી ૧લી મે ૧૯૬૦માં જુદું પડયું ત્યારે થાણા જિલ્લાના ઉમરગામ તાલુકામાંથી ૫૦ ગામો ગુજરાતના પારડી તાલુકામાં જોડાયાં હતાં. આ નવનિર્મિત વિસ્તારને ઉમરગામ તાલુકો આપવામાં નામ આપવામાં આવ્યું.

ઉમરગામ તાલુકાની ઉત્તરે દમણ અને પારડી તાલુકા, દક્ષિણે થાણા જિલ્લો, પૂર્વે નગરહવેલી અને થાણા જિલ્લો, પશ્ચિમે દરિયો આવેલો છે. વિસ્તાર ૩૬૧ ચો. કિ. મી.નો છે. જેમાં પૂર્વ પશ્ચિમ પહોળાઇ ૨૪ કિ. મી. છે. ઉમરગામ તાલુકામાં 'કાલુ' અને વરોળી' નદીઓ મુખ્ય છે. તેમજ ઇન્દ્રગઢ, જોગણીડો, ટાલિયો અને લાકડીઆ ડુંગરો આવેલા છે.

તાલુકાની હવા દરિયાને લીધે સમધાત છે. તાલુકામાં દરિયા કિનારે ખારાપાટના મેદાનો છે. તે સિવાયની જમીન ખાડા ટેકરા અને ઢાળવાળી છે. તાલુકામાં વરસાદ ૬૦થી ૧૨૦ ઇંચ સુધી થાય છે.

૧૯૬૯માં જયારે અભ્યાસ હાથ ધર્યો ત્યારે આ તાલુકામાં ઉદ્યોગોનો વિકાસ થયો ન હતો. પણ ૧૯૭૯-૮૦માં ઉમરગામ તાલુકામાં અનેક પ્રકારના ઉદ્યોગોનો વિકાસ જોવા મળ્યો હતો. દરિયા કિનારાના કારણે મચ્છીમારીનો ઉદ્યોગ અને મીઠાના ઉદ્યોગનો અત્યારે સારો વિકાસ થયેલો જોવા મળે છે.

મલાવ :

મલાવ ગામ ઉમરગામ-ભીલાડના રોડ પર આવેલું છે. જે બસ વ્યવહારથી સંકળાયેલ છે. જયારે ગામની બીજી બાજુ અમદાવાદ મુંબઇ રાષ્ટ્રીય ધોરી માર્ગ એક કિલોમીટર દૂર આવેલો છે. અહીં હાટ પણ ભરાય છે, ગામમાં ત્રણ ધોરણની નિશાળ ૧૯૭૦માં હતી. માધ્યમિક શાળા અને બજાર ગામથી પાંચ કિલોમીટર દૂર સંજાણમાં છે. ગામની ઉત્તરે દહેલી, દક્ષિણે તુંબ, પૂર્વે નદીગામ અને પશ્ચિમે માંડાગામ આવેલાં છે.

(૩)

મલાવ ગામની વચ્ચેથી ખાડી વહે છે. ગામ બે ભાગમાં વહેંચાયેલું છે. ગામમાં કુલ ૧૭૯ કુટુંબો ૧૯૭૦માં હતાં જેમાંથી ૧૪૦ કુટુંબો વારલીનાં, ૩૩ કુટુંબો ધોડિયાનાં, ૫ કુટુંબો હળપતિનાં અને એક કુટુંબ પારસીનું હતું.

ગામનું ક્ષેત્રફળ ૧૪૦૩ એકરનું છે. જેમાં ૬૨૫ એકર જંગલ, ૭૬ એકર ખેડાણમાં ઉપયોગ ન થઇ શકે તેવી છે, ૩૪ એકર જમીનમાં પડતર અને ગૌચર છે. બાકીની જમીન ખેડાણ નીચે છે. ખેડાણના ઉપયોગમાં લેવાતી જમીનો પણ સપાટ ન હોઇ કોતરો અને ઢાળવાળી છે. ગામમાં ખજૂરીનાં પુષ્કળ ઝાડો છે. આંબા અને ચીકુનાં ઝાડ પણ કયાં કયાંક નજરે પડે છે.

મલાવ ગામની વસ્તી :

| | ૧૯૭૦ | ૧૯૮૦ |
|---|---|---|
| પુરુષ | ૫૪૫ | ૫૨૩ |
| સ્ત્રી | ૬૦૮ | ૫૮૬ |
| કુલ વસ્તી | ૧૧૫૩ | ૧૧૦૯ |

૧૯૭૦ કરતાં ૧૯૮૦માં તપાસ દરમ્યાન કુટુંબોની સંખ્યા ઓછી થયેલી દેખાય છે. ૧૯૭૦માં ૫૭ કુટુંબોને અભ્યાસમાં પસંદ કર્યા હતાં તેમાંથી ૧૯૮૦માં તે જ કુટુંબોનો અભ્યાસ કરતાં વારલીના ૪૬ કુટુંબોમાંથી ૩૩ અને ધોડિયાનાં ૧૧ કુટુંબોમાંથી ૯ કુટુંબોનો જ સંપર્ક સાધી શકાયો હતો. કેટલાક કુટુંબોના મુખ્ય માણસો મૃત્યુ પામ્યા હતા તો કેટલાક કુટુંબો મજૂરીની શોધમાં અન્ય જગ્યાએ ગયેલાં માલુમ પડયાં હતાં. કુટુંબોનાં વિભાજન થતાં રહે છે જેથી કુટુંબોની સંખ્યા વધેલી છે. જયારે વસ્તી અન્યત્ર મજૂરી માટે ગયેલી હોવાથી ઘટાડો જોવા મળે છે.

૧૯૮૦માં દેખાતાં પરિવર્તનો :

પસંદ કરેલ મલાવ ગામની આસપાસ જે જંગલ વિસ્તાર હતો તે જંગલો દિવસે દિવસે કપાઇ જતાં જંગલ ઉપર નભતાં કુટુંબોનો આશ્રય ઓછો થતો જાય છે. આ વિસ્તારનું ૧૯૭૦ પછીના વર્ષોમાં ઔદ્યોગિક વિસ્તાર તરીકે ઉંમરગામ તાલુકાનો વિકાસ થઇ રહયો છે. ગામમાં નોંધપાત્ર ફેરફારો દેખાતા નથી. સિંચાઇના કૂવાઓની સંખ્યામાં પણ વધારો થયો નથી. ૧૯૮૦માં ૪૬ વારલી કુટુંબોમાંથી ૩૩ કુટુંબો અને ધોડિયાઓનાં ૧૧ કુટુંબોમાંથી ૯ કુટુંબોનો સંપર્ક કરી શકાયો હતો. બીજાં કુટુંબોના વડીલો મૃત્યુ પામવાથી અને કેટલાક કુટુંબો મજૂરી માટે બહાર ગયાં હોવાથી સંપર્ક સાધી શકાયો ન હોતો.

લૌકિક જીવન :

જીવન જરૂરિયાતની વસ્તુઓમાં ૧૯૭૦માં જે ઘરવખરી હતી તેમાં બહુ મોટો ફરક દેખાતો નથી. ૧૯૭૦માં જુદી જુદી ધાતુનાં વાસણો વાપરનાર કરતાં એલ્યુમિનિયમ અને પિત્તળમાં કુટુંબ સંખ્યા વધી છે. જ્યારે તાંબાનાં વાસણો વાપરનારની સંખ્યા ઓછી થઇ છે. તેની જગ્યાએ કાસાનો વપરાશ ૬૦ ટકા જેટલાં કુટુંબો કરતાં થયાં છે. ખાટલા ૪ ટકામાંથી ૧૫ ટકા કુટુંબો વાપરતાં થયાં છે. લાકડાનું ફરનીચર ૬.૫ ટકામાંથી ૯ ટકા જ્યારે ફાનસ અને પ્રેટોમેક્સનો વપરાશ ૧૯૭૦માં હતો તેની જગ્યાએ નાની નાની સસ્તી ચીમનીઓનો વપરાશ બધાં કુટુંબોમાં જોવા મળ્યો હતો. ઘંટીના વપરાશમાં ઘટાડો થયેલો જોવા મળે છે. જ્યારે ઘડિયાળનો વપરાશ ૨ ટકામાંથી ૯ ટકાનો થયો છે. આ ફેરફારો સામાન્ય પ્રકારના છે.

પહેરવેશ :

પહેરવેશમાં પણ કોઇ ખાસ પરિવર્તન જોવા મળ્યું નથી. માત્ર બજારમાં વેચાતી નકલી કેટલીક ચીજોનો વધારો થયો છે. સાથે થોડાં ઘણાં ચાંદી અને રૂપાનાં ઘરેણાં હતાં તે ઓછાં થયેલાં જોવા મળ્યાં હતાં.

શિક્ષણ :

ગામની શાળામાં દસ વર્ષ સુધીમાં ત્રણ ધોરણથી આગળ શાળા વધી નથી. બાળકોની સંખ્યા લગભગ બમણી થયેલી જોવા મળે છે. બહેનોની સંખ્યા બંને તપાસોના વર્ષોમાં ઓછી રહી છે. ૧૯૭૦માં ૧થી ૩ ધોરણ સુધીમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૫ હતી તે ૧૯૮૦માં વધીને ૯૬ થઇ છે. તપાસમાં લીધેલ વારલી કુટુંબોમાંથી ૧૯૭૦માં જે સ્થિતિ શિક્ષણની હતી તેમાં વધારો થવાના બદલે ૧૯૮૦માં ઘટાડો થયેલો છે. તપાસનાં બંને વર્ષોમાં માધ્યમિક કે ઉચ્ચ શિક્ષણ પામેલ કોઇ હતું નહીં.

કુટુંબનું કદ :

૧૯૭૦માં સંયુકત કુટુંબોનું પ્રમાણ વધારે હતું જ્યારે ૧૯૮૦માં કેન્દ્રીય કુટુંબોનું પ્રમાણ વધેલું જોવા મળ્યું હતું.

જમીન :

૧૯૭૦ કરતાં ૧૯૮૦માં કુટુંબદીઠ જમીનો વધેલી માલુમ પડી છે. જેમાં ૨.૫ એકરથી ૭.૫ એકર સુધીની જમીન ધરાણ કરનારની જમીન થોડી વધી છે. જ્યારે ૧૯૭૦માં ૭.૫ એકર કરતાં વધુ જમીન ધરાવતાં કુટુંબો હતાં તેમાંથી ૧૯૮૦માં એકપણ કુટુંબ હતું નહીં.

આવક :

મલાવ ગામમાં આર્થિક સાધનો જે હતાં તેનાં તે જ રહયાં છે. ચોમાસા પૂરતી ખેતી કરી બાકીનો સમય મજૂરીએ જાય છે. જેમાં ખેતમજૂરી, બાંધકામ મજૂરી, જંગલમજૂરી તથા ઘાસ કાપવાની મજૂરી છે. મજૂરી માટે ગામ છોડીને બહાર જવું પડે છે. છેલ્લાં દસ વર્ષમાં ઔદ્યોગિક વિસ્તાર થવા છતાં આ ગામમાંથી મજૂરીએ થોડા માણસો જાય છે.

દેવું :

આવકના પ્રમાણમાં ખર્ચ ઓછું હોવા છતાં કેટલાક કુટુંબોએ દેવું કરવું પડે છે. જો કે કુટુંબ જમીન વિહોણાં કુટુંબોમાં ૧૯૭૦ અને ૧૯૮૦ બંને તપાસ વર્ષમાં દેવું કરનાર એક પણ કુટુંબ ન હતું. પણ ખેતી કરવાવાળાં કુટુંબોમાં દેવું જોવા મળ્યું હતું.

મિલકત :

મિલકતમાં વર્તમાન કિંમતો પ્રમાણે ગણતાં ૧૯૭૦ કરતાં તેનું પ્રમાણ વધારે દેખાય છે. વધુમાં વધુ મિલકતના રૂપમાં જમીનો છે. જે કુટુંબદીઠ ૬૭૧૨ રૂપિયાની હતી. ૧૯૭૦માં ૧૯૦૭ રૂપિયાની હતી. આટલો મોટો ફરક લાગવાનું કારણ જમીનનો વધારો નહીં પણ જમીનોની કિંમત વધવા માંડી છે તેનો છે.

સૂચનો :

(૧) જમીનની ધારણ શકિત કુટુંબદીઠ બહુ ઓછી છે અને તેમાં પણ ફેરફાર થતા રહે છે અને ગેરકાનૂની જમીનોની ફેરફ ફેરબદલી થયા કરે છે તેને રોકવી જોઇએ.

(૨) જમીનોને સરખી કરી સિંચાઇની વ્યવસ્થા ચેકડેમ દ્વારા ઊભી કરી શકાય તેવી શકયતાઓ છે. જેથી કૂવાનાં પાણી રોકી શકાય અને પાણીનું તળ ઊંચું લાવી શકાય.

(૩) ખેતી માટે માત્ર કુદરતી આધાર છે. તો સિંચાઇના સાધનો ઊભાં કરી સુધારેલ બિયારણ ખાતરો અને ઓજારોનો પ્રચાર અને પ્રસાર કરી તેનો લાભ લેતા કરવા જોઇએ.

(૪) બાગાયતી ખેતી તરફ વાળવા જોઇએ કારણ કે આ જમીન ફળઝાડોને માફક આવશે તો ચીકુ, આંબા, નાળિયેરી વગેરે ફળાઉ ઝાડો તેમના દ્વારા વવડાવી તે તરફ વાળવા જોઇએ.

(૫) અન્ય પૂરક આવક માટે પશુપાલન તરફ વાળવા જોઇએ. વારલીઓ પશુઓ રાખે છે. તો તે પશુઓની સ્થાનિક જાતો સાથે શંકર પધ્ધતિથી ઓલાદ સુધારી દૂધની આવક લેતા થાય તેવું કરવું જોઇએ.

(૬) ખજૂરીનાં ઝાડોનું પ્રમાણ ઘણું વધારે છે. જેનો ઉપયોગ તાડી માટે ખાસ કરવામાં આવે છે અને તેના પાનમાંથી સાદડીઓ બનાવી વેચે છે. તો આ ઝાડોમાંથી નીરા કેન્દ્ર ઊભું કરી નીરો એકત્ર કરવામાં આવે તો તાડી પીવાનું પ્રમાણ ઘટશે અને નીરોના પૈસા તેમને મળશે. આ ઉપરાંત ખજૂરીના પાનમાંથી સાદડી બનાવી હાટમાં વેચે છે. અહીંના વેપારી ૨૫થી ૫૦ પૈસામાં આ સાદડી લઇ લે છે. તો સહકારી મંડળી દ્વારા આ માલ ખરીદવામાં આવે તો તેના વ્યાજબી ભાવ મળે.

(૭) ઘાસ કાપવાની મજૂરીમાં મોટા ભાગનાં કુટુંબો જાય છે જેમાં ખાનગી કોન્ટ્રાકટરો વચ્ચે દલાલી રૂપે શોષણ કરે છે તો મજૂરોની સહકારી મંડળી દ્વારા વહીવટ થાય તો તેમને યોગ્ય મજૂરી મળે.

(૮) અનેક પ્રકારનાં ઔદ્યોગિક કારખાનાંને કારણે જ મજૂરો જાય છે તેમને કાયમી લાભો આપવામાં આવતા નથી. તેમજ મજૂરી ખૂબ ઓછી ચૂકવાય છે. તો તેમને કાયમીના લાભો મળે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

(૯) મરઘાં અને બકરાં આપવામાં આવે તો તેના દ્વારા પણ પૂરક આવક પ્રાપ્ત કરી શકાય.

(૧૦) યુવાન છોકરાઓને દરજીકામ, સુથારીકામ, લાઇટફીટીંગ, મોટર મીકેનીક વગેરે ધંધાઓની તાલીમ આપી સાધનો પૂરાં પાડવાં જેથી તે વ્યક્તિઓ કાયમી આવક મેળવી શકે.

(૧૧) દસ વર્ષના ગાળામાં શિક્ષણ વધી શક્યું નથી તો શિક્ષણ લેતા થાય તેની વ્યવસ્થા યોગ્ય રીતે ગોઠવવાની આવશ્યક બની જાય છે.

તુલનાત્મક સ્થિતિ ૧૯૭૦- ૧૯૮૦ :

| ક્રમ | વિગત | ૧૯૭૦ | ૧૯૮૦ |
|---|---|---|---|
| ૧. | કુલ કુટુંબ સંખ્યા | ૪૬ | ૩૩ |
| ૨. | સભ્ય સંખ્યા | ૩૨૦ | ૨૧૦ |
| ૩. | કુલ કામ કરનારા | ૨૧૫ | ૧૨૯ |
| ૪. | કુટુંબદીઠ જમીન (એકરમાં) | ૨.૩૩ | ૨.૨૫ |
| ૫. | સંયુક્ત કુટુંબ | ૨૪ | ૧૫ |
| ૬. | વિભક્ત કુટુંબ | ૨૨ | ૧૮ |
| ૭. | કુલ વસ્તીમાં શિક્ષણ | ૨૯ | ૨૦ |

| | | | |
|---|---|---|---|
| ૮ | કુટુંબદીઠ વાર્ષિક આવક | ૧૦૬૮.૨૨ | ૨૦૦૭.૪૦ |
| ૯. | માથાદીઠ વાર્ષિક આવક | ૧૫૩.૫૬ | ૩૧૫.૪૦ |
| ૧૦. | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૯૯૦ | ૧૭૩૯ |
| ૧૧. | માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૮૨ | ૧૪૪ |
| ૧૨. | કુટુંબદીઠ અસ્કયામત | ૧૯૦૭ | ૬૭૧૨ |
| ૧૩. | કુલ : દેવાદાર કુટુંબ | ૨૪ | ૩ |

...

# 'બાવચા'

(ગુજરાતની એક અજાણી અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન)

અહેવાલ લેખન : ચંદ્રકાન્ત પટેલ

સારદોહન : ચંદ્રકાન્ત પટેલ

## પ્રસ્તાવના :

ગુજરાતમાં આદિવાસીઓની વસ્તી ૩૭ લાખની છે. જેમાં ૨૮ જુદી જુદી આદિજાતિઓનો સમાવેશ થાય છે. આ જાતિઓ પોતાની આગવી અને વિશિષ્ટ સંસ્કૃતિ ધરાવે છે. આદિવાસી સમાજોમાં ગરીબી એટલા નીચા સ્તર સુધી જોવા મળે છે કે એના સભ્યો દિવસોના દિવસો સુધી એક ટંકનું ભોજન પ્રાપ્ત કરી શકતા નથી. આ તથા એવા બીજા આદિવાસી સમાજો માટે અલગ બંધારણીય જોગવાઇઓ કરી, તેમને ગરીબાઇના સ્તરમાંથી ઊંચે લાવવાના પ્રયત્નો વિવિધ વિકાસ યોજનાઓ દ્વારા કરવામાં આવી રહયા છે. ઉદ્દેશો ઊંચા હોવા છતાં વિકાસ યોજનાનું માળખું જાણે બરાબર ગોઠવાયું ન હોય તેવું લાગે છે. કારણ કે વિકાસ યોજનાઓના જે પરિણામો પ્રાપ્ત થવાં જોઇએ તે લાભો પૂર્ણ યોજનાને કારણે જેનો વિકાસ કરવાનો છે તે વ્યકિત કેન્દ્રમાં હોવી જોઇએ, તેને બદલે તે ભૂલાઇ ગઇ છે. પરિણામે આદિવાસી સમાજોમાં પણ ગરીબાઇના અનેક સ્તરો પડી ગયા છે. જેમાં તળિયામાં રહેલ ગરીબ સમાજો આજ સુધીમાં આ વિકાસ યોજનાઓથી વંચિત રહયા છે. ગરીબાઇ ઘટવાને બદલે વધતી જાય છે. તેમજ આ આદિવાસી સમાજોમાં જ અંદરો અંદર જુદા જુદા થ ગરીબાઇના સ્તર પર રહેલી જાતિઓમાં અંતર વધતું જાય છે.

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

બાવચાઓ કોણ છે, એ જાતિ ગુજરાતમાં કેવી રીતે આવી વસી એ વિશે કોઇ લેખિત પૂરાવા ભાગ્યે જ જોવા મળે છે. ઐતિહાસિક માહિતીમાં આ લોકોના વ બાવચા આગેવાનો વડીલોની વાતો ઉપરથી બાવચા એટલે બહાદૂર. આવો કોઇ બાવચા વ્યકિત શિવાજી મહારાજના લશ્કરમાં હતો. તેની બહાદૂરી પરથી બાવચા તરીકે ઓળખાયા. એટલે કે શિવાજી મહારાજના લશ્કરમાં પોતાના વંશજો હતા જે બાવચાઓની બહાદૂરીને કારણે લશ્કરમાં રાખેલા. સંજોગો પ્રમાણે સુરતની લૂંટ વખતે સુરત જિલ્લાના સોનગઢ, વ્યારા બાજુ વસેલા. ત્યારથી મહારાજા ગાયકવાડે લગ્ન પ્રસંગે નાચવા ગાવા તેડેલા અને ત્યારબાદ તેમના બગીખાનામાં ઘોડા સાચવણીની નોકરીમાં રહી ગયેલા. ત્યારબાદ ગુજરાતમાં જયાં જયાં ગાયકવાડી થાણાં હતાં ત્યાં બધે જ આ નોકરીએ રહેલા. એ રીતે હાલમાં ગુજરાતમાં વડોદરા, અમદાવાદ, ખેડા, ગોધરા, ભરૂચ, સુરત, મહેસાણા, સાદરા જેવા શહેરી વિસ્તારમાં વસેલા જોવા મળે છે.

અમદાવાદ, વડોદરામાં આ લોકોની વધારે વસ્તી જોવા મળે છે.

આ લોકોને ગામીતો જોડે સંબંધો હશે એ તેમના રીતરિવાજો અને રહેણીકરણી અને બોલી ઉપરથી ખ્યાલ આવી શકે તે જાણવું જોઇએ. અમદાવાદ અને વડોદરા જેવા તદ્દન શહેરી વિસ્તારમાં મોટા પ્રમાણમાં વસ્તી ધરાવતો અને ગ્રામ્ય વિસ્તારમાં નહિવત્ વસ્તી ધરાવતો સમુદાય વિષે લખાણ કે માહિતી નથી. તે દૃષ્ટિથી વિચારીને બાવચા જાતિનો અભ્યાસ કરવાનું પસંદ કર્યું.

વિસ્તાર :

ગુજરાતમાં બાવચા જાતિની વસ્તી ૧૯૬૧માં ૨૪૫૫ હતી. જે ગુજરાતની કુલ આદિવાસી વસ્તીમાં ૦.૦૭ ટકા હતી. આ જાતિ મૂળે મહારાષ્ટ્રથી આવી વસી હશે એવું બાવચા વડીલો, આગેવાનોના કહેવા ઉપરથી જાણવા મળે છે. આ જાતિ રાજકીય અને આર્થિક કારણોસર ગાયકવાડી રાજ્ય વખતે ગુજરાતમાં ગાયકવાડ વસાવેલી છે. જ્યાં જ્યાં ગુજરાતમાં ગાયકવાડી થાણું હતું ત્યાં ત્યાં આ લોકો વસેલા છે. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ખેડા, ગોધરા, સુરત, ભરૂચ, મહેસાણા, સાદરા વગેરે સ્થળોએ વસે છે. ૧૯૭૧માં તેમની ૨૩૪૫ની વસ્તી હતી. આ લોકોની મોટી વસ્તી અમદાવાદ, વડોદરા શહેરોમાં વસે છે. અમદાવાદમાં રાયખડ, વાડજ, જસોદાઇનીવાડી, કોચરબ વગેરે સ્થળોએ વસે છે. વડોદરામાં નવાપુરા, પાણીગેટ, પ્રતાપનગર, હજરાતપાગા, ટેકરા, સલાટવાડામાં જોવા મળે છે. આમ અમદાવાદ, વડોદરામાં વધારે વસ્તી હોવાથી એ બે વિસ્તારોને નિબંધ માટે પસંદ કર્યાં છે. આમાં અમદાવાદના ૫૪ અને વડોદરાનાં ૩૧ કુટુંબો અભ્યાસ માટે આવરી લેવાયાં હતાં. જેમનો સંપર્ક થયો નથી તેવાં બાકીનાં પણ આ લોકોનાં સંબંધીઓ છે.

અભ્યાસના હેતુઓ :

૧. માનવને સમાજજીવનનાં અનેકવિધ પાસાંઓનો અભ્યાસ કરવાનો મને ખૂબ રસ છે તેમાંથી આદિક સમાજ જીવનનાં જુદાં જુદાં પાસાંઓનો અભ્યાસ કરવાનો રસ છે. તેથી આવા એક નાના સમુદાયનો અભ્યાસ કરવા પ્રેરાયો.

૨. ગુજરાતમાં વસતા આદિવાસીઓમાં જે નાનાં જૂથો છે જેમાંથી કોટવાળિયા, કાથોડી, કોલઘા, સીદી, પઢાર વગેરેનો અભ્યાસ થયો છે, જ્યારે પોમલા, બાવચા જેવા શહેરી વિસ્તારોમાં મોટે ભાગે વસતા નાના આદિક જૂથો ધ્યાન બહાર હોઇ તેમના વિષે લેખિત માહિતી ઉપલબ્ધ નથી. તેથી આવી ગુજરાતના શહેરી વિસ્તારોમાં વસતી અજાણી જાતિના જીવનનો ખ્યાલ આપવાના આશયથી મેં બાવચા આદિવાસી જાતિ

અભ્યાસ માટે પસંદ કરેલ.

૩. આવા નાના આદિક જૂથોને પણ પોતાની આગવી સંસ્કૃતિ, સમાજરચના, સંગઠન હોય છે, શહેરી અસરથી તેમાં શું પરિવર્તન છે તે જાણવું જોઇએ.

૪. બીજી અગત્યની બાબત એ છે કે હાલમાં આ લોકોની ભારતમાં ત્રણ રાજ્યોમાં વસ્તી છે જેમાં મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને ગુજરાત છે. આમાં ગુજરાતમાં વસ્તી વધારે છે. જે ગુજરાતમાં ૧૯૬૧માં ૨૪૫૫ હતી[1] જે ૧૯૭૧માં ૨૩૪૫ જોવા મળે છે. આ વસ્તી ઘટાડો થયો તેની પાછળનાં કારણો જાણવાનો પણ મને રસ હતો.

૫. આ નાના આદિમ જૂથો માટે કેવા પ્રકારનાં વિકાસલક્ષી આયોજન બનાવીએ કે જેથી કરીને આ જાતિનો સર્વાંગી વિકાસ સંભવી શકે.

સંશોધનની પધ્ધતિઓ :

આ તપાસની પ્રાથમિક માહિતી ક્ષેત્રકાર્ય વ્દારા એકઠી કરવામાં આવી છે. જ્યારે વ્દૈતિયક માહિતી ગ્રંથાલયની મદદથી મેળવેલ છે.

પ્રાથમિક માહિતી માટે નીચેની જુદી જુદી પધ્ધતિઓ અને પ્રયુકિતઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧. અવલોકન નિરીક્ષણ :

બાવચા કુટુંબોની રહેણીકરણી, રીતરિવાજ, આર્થિક પ્રવૃત્તિઓ, તેમની પરિસ્થિતિ વિષયક માહિતી સહભાગી અને અર્ધસહભાગી ની નિરીક્ષણ વ્દારા એકઠી કરવામાં આવી છે

૨. મુલાકાત :

બાવચા જાતિની સંસ્કૃતિ, રીતરિવાજો, આર્થિક પ્રવૃત્તિ, મુશ્કેલીઓ, વિકાસ માટેનાં એ લોકોનાં સૂચનો વગેરેની ઊંડાણપૂર્વકની માહિતી માટે બાવચાઓના આગેવાનો, વડીલો અને અન્યની મુલાકાત લીધી હતી.

૩. અનુસૂચિ :

બાવચા કુટુંબોની આર્થિક, સામાજિક જાણકારી માટે મુખ્ય અને ગૌણ વ્યવસાય, તેમની આવક, ખર્ચ, દેવું વગેરેની માહિતી. આ ઉપરાંત આર્થિક, સામાજિક પરિસ્થિતિની ઊંડાણપૂર્વકની માહિતી માટે તપાસના દરેક સ્થળે જઇ પત્રકો ભરી માહિતી એકત્ર કરેલી છે.

---

૧ ગુજરાતના આદિવાસીઓ - વિમલ શાહ ૧૯૬૫

લૌકિક જીવન :

આ આખી બાવચા જાતિ મોટે ભાગે શહેરી વિસ્તારોમાં વસે છે, એટલે તેમની અર્થવ્યવસ્થા સમજવા માટે તેમની લૌકિક સંસ્કૃતિનો અભ્યાસ કરવો જરૂરી છે. કારણ કે લૌકિક જીવનની અસરો તેમના જીવનનિર્વાહ પર ઘેરી હોય છે. આ લોકોમાં જેઓ નોકરી કરે છે તેઓ પાસે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ છૂટક મજૂરી કરતાં કુટુંબો કરતાં પ્રમાણમાં વધારે છે.

ઘર :

નમૂનામાં લીધેલ ૮૫ કુટુંબોમાંથી ક્ષેત્રકાર્ય દરમ્યાન સંપર્ક કરેલાં આ કુટુંબોમાંથી ૭૪ કુટુંબો કાચાં મકાનોમાં વસે છે અને માત્ર ૧૧ કુટુંબો જ પાકા મકાનમાં વસે છે. જેમાં ૮૫ ઘરમાંથી ૫૬ તો એક ઓરડાની સંખ્યા, બાકીનાં બે ઓરડાની સંખ્યા ધરાવે છે. આ ઘર પણ મંદિરની કે સરકારી કે ગૌચરની જમીનમાં બનાવેલાં મોટે ભાગે જોવા મળે છે. ઘરનો એક ખંડ ૧૫'X૨૦' નો જોવા મળે છે. જેમાં લગભગ ૭થી ૧૧ સભ્યો રહે છે.

ઘરવખરી :

આ લોકોની આર્થિક સ્થિતિ સારી નથી જે તેમને સખત પરિશ્રમ છતાં ખાવાનું મળતું નથી, ત્યાં ઘરવખરી કેટલી હોય શકે ? અહીં ઘરવખરીનો ખ્યાલ આપવામાં આવ્યો છે. ખૂબ ગરીબ લોકો હોવાથી આવી સંપત્તિ ખૂબ ઓછી જોવા મળે છે. બાવચા લોકોનાં કુલ ૮૫ કુટુંબોમાંથી ૫૫ સાયકલ, ૫૦ કાંડા ઘડિયાળ, ૩૦ રેડિયા, ૬ પંખા જોવા મળે છે. સોના કરતાં ચાંદીનાં ઘરેણાં વધારે પ્રમાણમાં પહેરે છે. કાને બૂટીઓ, હાથે કડું, હાથની આંગળીએ વીંટી કોઈક પહેરે છે. પગે છડા, લગ્ન સમયે ગળામાં ચાંદીના હાર પહેરે છે. દહેજમાં ઘરેણાં આપવાનો રિવાજ નથી. પુરુષો ઘરેણાં પહેરતા નથી. આર્થિક ભીંસમાં આ લોકો પણ શાહુકાર-વેપારી પાસે ઘરેણાં મૂકે છે.

ખોરાક-પીણાં :

ખોરાકમાં આ જાતિ શાકાહારી અને માંસાહારી છે. સામાન્ય રીતે શહેરી અસરને કારણે ઘઉં, ચોખાનો ઉપયોગ વધ્યો છે. રોટલી, ભાત, દાળ, શાક બપોરે ખાય છે. કેટલાક રોટલા શાક ખાઈને જીવે છે. સાંજે ખીચડી, શાક, છાશ બનાવીને ખાય છે. લગ્ન અને ઉત્સવ પ્રસંગોએ લાડુ, લાપસી, શીરો વગેરે પણ ખાય છે. માંસાહારમાં બકરાં, મરઘાનું માંસ ખાય છે.જે સામાજિક કે ધાર્મિક પ્રસંગોએ પણ ખાય છે. પીણામાં દારૂ મહત્વનું જોવા મળે છે. જન્મ, લગ્ન, મરણ પ્રસંગે પણ દારૂ પીએ છે. ઉજાણી જેવા ધાર્મિક પ્રસંગે દારૂ પીએ છે. જો કે સ્વાગતમાં મહેમાનને ચા-પાણી કરાવે છે. દારૂનું પ્રમાણ ખૂબ વિશેષ જોવા મળે છે.

**આર્થિક જીવન :**

બાવચા લોકોનો મુખ્ય વ્યવસાય જેવું ભાગ્યે જ જોવા મળે છે. આ લોકોમાં કુટુંબમાંથી પુરુષ, સ્ત્રી કે બાળક નાના મોટા કોઇને કોઇ છૂટક કામો કરવા જાય છે. થોડા શિક્ષણ પામેલા જ સારી નોકરીઓ કરે છે. પટાવાળા, પ્રેસમાં મજૂરી, મિલમાં રંગકામ, હોટલમાં કામ, લારી ફેરવવી કે ઘરકામ કરવું એ રીતે કુટુંબના વ્યકિતઓનાં કાર્યો ગોઠવાય છે.

કુટુંબમાં મહદરો એક વ્યકિત કમાનાર હોય છે. બાકીનાં છૂટક મજૂરી કરીને થોડું ઘણુ મેળવી લાવે છે. ખર્ચમાં મોટે ભાગે ઘરખર્ચ વધાર જોવા મળે છે. બાકી સામાજિક ખર્ચાઓમાં જન્મ, લગ્ન અને મૃત્યુ જેવા પ્રસંગોએ ખર્ચા કરે છે. બચત ભાગ્યે જ જોવા મળે છે. કારણ કે આવકના પ્રમાણમાં ખર્ચ જોવા મળે છે. ધાર્મિક પ્રસંગોએ પણ ૧૦૦થી ૧૫૦ રૂપિયા જેટલો ખર્ચ જોવા મળે છે. દેવું પણ આ લોકોમાં સામાજિક તથા આકસ્મિક ખર્ચને લીધે થાય છે. જે શાહુકાર વેપારી, સગાંવહાલાંનું વિશેષ જોવા મળે છે.

જેઓ શિક્ષણ થોડું પામ્યા છે તે કંઇક અંશે આર્થિક રીતે જીવનચક્ર ચલાવે છે. બાકી-યથાવત છૂટક મજૂરી કરી જીવનનિર્વાહ ગરીબાઇની રેખા હેઠળ છે. આ સૌનો વિગતવાર ખ્યાલ આપવામાં આવ્યો છે.

**સામાજિક સંગઠન :**

કુટુંબ : બાવચા લોકોમાં પિતૃવંશીય, પિતૃસ્થાનીય વ્યવસ્થા જોવા મળે છે. પિતાની ઘરની જવાબદારી અને ફરજો મહત્વની જોવા મળે છે. વડીલ તરીકે વર્ચસ્વ ધરાવે છે. ઘરના દરેક સભ્યો તેની આજ્ઞા પાળે છે. માતા ઘરમાં જન્મ, લગ્ન અને ધાર્મિક પ્રસંગોએ મહત્વની ભૂમિકા બજાવે છે. ઘરમાં પતિ પુત્ર પછીની જવાબદાર વ્યકિત તરીકે ફરજ બજાવે છે.

આ લોકો પોતાના બાવચા જાતિમાં જ લગ્ન કરે છે. પરંતુ મામા ફોઇના સંતાનો સાથે લગ્ન સંબંધ બંધાતો નથી. એક સ્થળે રહેતા હોય છતાં લગ્ન કરે છે. આમાં પણ અમુક શહેરના બીજા શહેરમાં કન્યા આપે કે તે પણ ખરા. એક શહેરના બીજા શહેરમાં નથી આપતા એવું પણ જોવા મળે છે.

કુટુંબમાં પિતા, માતા કે કાકા કે અન્ય વડીલોને માનથી બોલાવે છે. મોટા ભાઇએ બહેનને પણ માનથી સંબોધન નાની વયના કરે છે. મામા ફોઇનાં સંતાનો, ભાભી દિયર અને નણંદ ભાભી વચ્ચે, મામી ભાણેજ, સાળા બનેવી, સાળી બનેવી વચ્ચે મશ્કરીના સંબંધો જોવા મળે છે. અન્ય જાતિ સાથેના સંબંધોમાં આ લોકોમાં આર્થિક, સામાજિક આદાન પ્રદાન જોવા મળે છે. લગ્ન સંબંધો પણ જોવા મળે છે. આને વીગતે ચર્ચવામાં આવ્યું છે.

જાતિપંચ :

લાલચા લોકોમાં હાલમાં પંચ નિષ્ક્રિય જોવા મળે છે. જાતિપંચ સામાજિક નિયંત્રણના એક સાધન તરીકે હાલમાં નિષ્ફળ છે. જેમ કે લગ્ન સંબંધો બાંધવામાં પહેલાં મહત્વનું સ્થાન ધરાવતું હતું તે આજે જોવા મળતું નથી. તેનું વ્યવસ્થિત બંધારણ કે કાર્યવાહી નથી.

સામાજિક રીતરિવાજો :

રજસ્વલા સ્ત્રીને છેટી બેઠી એવા નામે સંબોધવામાં આવે છે. સામાન્ય રીતે આવી સ્ત્રી રસોઇ બનાવવી, પાણી ભરવું, ભગવાનની પૂજાવિધિ કરવી વગેરે કાર્યો કરતી નથી. ચોથે દિવસે માથું ધોયા બાદ દરેક વસ્તુને સ્પર્શ કરી શકે છે. અને ઘરનાં તમામ કાર્યો કરી શકે છે.

જન્મ : સામાન્ય રીતે જન્મની વિધિ ઘરે કરવામાં આવે છે. અને સગાઇની વિધિ છોકરી પક્ષે ઘરે થાય છે. સગાઇની વિધિ સમયે ૬થી ૧૦ માણસો જાય છે. છોકરી માટે એક જોડ કપડાં, એકાદ ચાંદીનું ઘરેણું અને ૫થી ૧૧ રૂપિયા આપવામાં આવે છે. લગ્ન પાછળ સારી સ્થિતિ ધરાવતા એક હજારથી બે હજાર સુધીનો ખર્ચ કરે છે. લગ્ન બ્રાહ્મણ કરાવે છે. લગ્નનો ખર્ચ છોકરીપક્ષ તરફથી કરવામાં આવે છે. સુખી હોય તો છોકરાપક્ષ તરફથી કરવામાં આવે છે. હિંદુ લગ્ન પ્રમાણેની વિધિઓ આ લોકો કરે છે. બધા રિવાજો વિગતે નિબંધમાં આપ્યા છે.

મૃત્યુ : મૃત્યુ સમયે દાનકર્મ કરાય છે. ઠાઠડી વ્દારા લઇ જઇને બાળવામાં આવે છે. રડવા કુટવામાં ખાસ આવતું નથી. મરણ પાછળ બારમું કરવામાં આવે છે. તેની પાછળ કોઇ પાળિયો કે અન્ય વસ્તુ ઊભી કરવામાં આવતી નથી. ઉત્તરક્રિયા હિંદુઓ જેવી કરવામાં આવે છે. મરણ પાછળ ભૂત પ્રેત ડાકણની માન્યતામાં માનતા નથી. ભૂવા ભગતમાં માને છે. તેની પાસે બાધા માનતા રાખે છે. મરણ પાછળ ૩૦૦થી ૪૦૦ નો ખર્ચ કરે છે. મૃત્યુના રિવાજોની ચર્ચા નિબંધમાં કરી છે.

ધાર્મિક જીવન :

લાલચાઓ હિંદુ ધર્મ પાળે છે. હિંદુ ધર્મના દેવ દેવીઓની પૂજા વિધિ કરે છે. તેમની કુળદેવીમાં ચોસઠ જોગણીને વધારે મહત્વ આપે છે. નાની અને મોટી એમ બે જાત્રાણી આ લોકો ચૈત્ર માસમાં ઉજવે છે. આમાં દારૂ માંસ વગેરેનો ઉપયોગ કરે છે. તેમાં સામુહિક રીતે બેથી ત્રણ હજારનો ખર્ચ કરે છે. વ્યક્તિગત રીતે આશરે ૧૦૦થી ૧૫૦નો ખર્ચ વર્ષમાં કરે છે. આ સિવાય દેવલી માતા, કાળકા માતા, અંબા માતા, હનુમાન, ગણેશ વગેરેની પૂજા કરે છે. ઉત્સવો, તહેવારોમાં જાત્રાણી સિવાય હિંદુઓના હોળી, દિવાળી, જન્માષ્ટમી વગેરે ધામધૂમથી બ મનાવે છે. ભગત-ભૂવાનું આજે પણ મહત્વ છે. ભોગ બલિ જાત્રાણી વેળાએ ચડાવે છે. શુકન અપશુકનમાં માને છે. હિંદુ ધર્મની અસર જોવા મળે છે. આ લોકો નૃત્યના શોખીન

હતા પણ હવે શહેરી અસરથી એ જોવા મળતું નથી. આ બધું વિસ્તારથી નિબંધમાં વર્ણવ્યું છે.

શિક્ષણ : શિક્ષણની બાબતમાં આ લોકો શહેરમાં વસતા હોવા છતાં શિક્ષિત કરતાં અશિક્ષિતોનું પ્રમાણ વધુ છે. આર્થિક સ્થિતિ મોંઘવારી અને રહેઠાણના પ્રશ્નને કારણે અને કુટુંબદીઠ વધુ વસ્તી હોવાને કારણે શૈક્ષણિક પરિસ્થિતિમાં આ લોકોમાં જોઈએ તેટલો વધારો જોવા મળતો નથી. ઉચ્ચ શિક્ષણ પામેલા ખાસ જોવા મળતા નથી. ૮૫ કુટુંબમાંથી એસ.એસ.સી. પાસ થયેલા માત્ર ૬ પુરુષો અને એક સ્ત્રી માત્ર જોવા મળે છે. કોલેજમાં માત્ર ૪ પુરુષો ગયેલા જોવા મળે છે. ૮૫ કુટુંબોના ૪૪૪ સભ્યોમાંથી શિક્ષણ પામેલા ૮૩ પુરુષો અને ૧૩૬ સ્ત્રીઓ જોવા મળે છે. જ્યારે અશિક્ષિતમાં ૧૫૪ પુરુષો અને ૭૧ સ્ત્રીઓ જોવા મળે છે. શિક્ષણ ચાલુ છે એવા ૩૪ છોકરા અને ૨૫ છોકરીઓ જોવા મળે છે.

## ઉપસંહાર અને આયોજન :

આ જૂથ શરૂથી જ આર્થિક સ્થિતિથી કંગાળ રહી ગયું છે. વળી અમુક સામાજિક બદીઓ પણ જોવા મળે છે. જેના ઉપાયો માટે તેમજ તેમનો વિકાસ જલદી કઈ રીતે થઈ શકે તે માટે તેમના બુઝર્વા વર્ગ અને યુવાન મિત્રોએ જે વિકાસ માટેનાં સૂચનો બતાવ્યાં તેની ચર્ચા કરેલ છે. સાથો સાથ મારા અવલોકન દરમ્યાન મને જે તેઓની મુશ્કેલીઓ પ્રથમ દ્રષ્ટિએ લાગી તરી આવી તેને માટે શું કરી શકાય તે માટે એક વિકાસલક્ષી આયોજન પણ આપ્યું છે.

...

# પોમલા

(ગુજરાતની એક અજાણી અનુસૂચિત જનજાતિનું વિકાસલક્ષી સમાજમાનવશાસ્ત્રીય અધ્યયન)

અહેવાલ લેખન : ચંદ્રકાન્ત ઉપાધ્યાય
સારદોહન : ચંદ્રકાન્ત ઉપાધ્યાય

૧૯૭૧ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં ૩૮૦૧૫૧૬૨ આદિવાસી વસ્તી હતી. જે ભારતની કુલ વસ્તીના ૬ ટકા છે. દેશમાં ગુજરાત ચોથા નંબરે આદિવાસી વસ્તી ધરાવતો પ્રદેશ છે. ગુજરાતમાં ૧૯૭૧માં ૩૭ લાખ આદિવાસી વસ્તી હતી. આમાં પોમલા અનુસૂચિત જનજાતિની વસ્તી તો માત્ર ૩૦૦ હતી. એટલે કે ગુજરાતની કુલ આદિવાસી વસ્તીમાં એમનું પ્રમાણ માત્ર ૦.૦૬ ટકાનું હતું.

## તપાસનો વિસ્તાર :

પોમલા આદિવાસી એ એક નાનું જૂથ એકમ છે. જેની મુખ્ય વસ્તી સુરત, વડોદરા, ભરૂચ, અમદાવાદ અને ખેડા જિલ્લાના ખંભાત તાલુકામાં છે. આ જાતિની વસ્તી બહુ ઓછી હોવાથી અભ્યાસ એકમ તરીકે બધા જ વિસ્તારને એટલે કે અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ અને ખંભાતને પસંદ કરેલ.

'પોમલા' એ શબ્દ ક્યાંથી આવ્યો, તેમજ આ જાતિ ક્યાંથી આવી તે વિષે પોમલા લોકો માહિતી આપવા અશક્તિમાન છે. પરંતુ તેઓની ભાષા તેલુગુને મળતી આવે છે. તેથી તેઓ મૂળ દક્ષિણમાંથી આવ્યા હશે તેમ મનાય છે. આ ઉપરાંત તેમનો દેખાવ અને પહેરવેશ પણ તે પ્રકારનો છે. જો કે હાલ ઘણાં વર્ષોથી શહેરના અને સભ્ય સમાજના સંપર્કને કારણે પોશાકમાં પરિવર્તન આવી ગયું છે. વળી તેઓનો મૂળ ધંધો ખજૂરી-તાડના ઝાડમાંથી ટોપલા-ટોપલી બનાવવાનો પણ ચાલુ છે, જે ધંધાની અનુકૂળતા દરિયા કિનારાની આસપાસ વધારે રહે, આજે પણ તેઓની વસ્તી ખંભાત, સુરત બાજુ વધારે છે.

અગાઉ જણાવ્યા મુજબ ગુજરાતમાં ૧૯૭૧ની વસ્તી ગણતરી પ્રમાણે પોમલાઓની વસ્તી માત્ર ૩૦૦ હતી. ગુજરાતમાં આ જાતિનો વસવાટ આશરે બસો વર્ષથી છે. પહેલાં તેઓ ભટકતું જીવન જીવતા હતા તેથી તેમને વિચરતી જાતિ તરીકે ગણવામાં આવી હતી. પરંતુ ૧૯૫૬માં રાષ્ટ્રપતિએ જે કેટલીક જાતિઓને અનુસૂચિત જનજાતિ તરીકે ગણી તેમાં પોમલાનો પણ સમાવેશ થયો છે.

દેખાવ અને સ્વભાવ :

શરીરે મધ્યમ કદના અને કસાયેલા છે. રંગે કાળા તેમજ અમુક ઘઉંવર્ણા છે. સ્વભાવે શાંત, પ્રેમાળ અને અતિથિઓની સ્વાગતા કરે તેવા છે.

ભૌતિક જીવન :

ક્ષેત્રકાર્ય દરમ્યાન ૭૨ કુટુંબોનો સંપર્ક સાધેલ તેમાં ૧૫ કુટુંબો ભાડાના મકાનમાં રહે છે. બીજાં ૫૭ કુટુંબોને પોતાનાં મકાનો છે, જે સરકારી કે ગૌચરની જમીનમાં મકાન બાંધી રહે છે. મોટા ભાગનાં કુટુંબો એક ખંડનાં મકાનો ધરાવે છે. તે પણ લગભગ ૧૫'×૨૦' નાં હોય છે. જેમાં આશરે આઠથી દસ સભ્યો રહે છે.

ઘરવખરી બહુ અલ્પ પ્રમાણમાં છે. આખો દિવસ સતત પરિશ્રમ કરવા છતાં પેટ પૂરતું ખાવાનું મળતું નથી ત્યાં ઘરવખરીમાં તો શું હોય ? જીવન જરૂરિયાતનાં સાધનોમાં બે ત્રણ એલ્યુમિનિયમનાં વાસણો અને બે ત્રણ ગોદડાં છે. જે તેઓની ગરીબી દર્શાવે છે. કુલ ૭૨ કુટુંબોમાંથી બે ત્રણ કુટુંબો પાસે સાયકલ તથા કાંડા ઘડિયાળ છે.

ખોરાકમાં આ જાતિ શાકાહારી તેમજ માંસાહારી છે. બપોરના તેઓ રોટલા અને શાક લે છે. અનાજમાં જુવાર અને બાજરાનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરે છે. ખોરાકની ચીજવસ્તુઓ પણ રોજબરોજ સગવડતા પ્રમાણે ખરીદે છે. ઉત્સવ કે તહેવાર પ્રસંગે જો પૈસાની સગવડ હોય તો મીઠાઇ ખરીદે છે, બાકી લાપસી કે શીરો બનાવે છે. માંસમાં આ કોમ બકરા સિવાય અન્ય કોઇ પ્રાણીનું માંસ ખાતા નથી.

જીવન નિર્વાહનાં સાધનો :

પરંપરાથી આ જાતિનો વ્યવસાય તાડ અને ખજૂરીમાંથી ટોપલા, ટોપલી સાદડી અને સાવરણી બનાવવાનો છે. પરંતુ દિનપ્રતિદિન આ ધંધામાં ઓટ આવતી ગઇ. ટોપલા ટોપલીના ભાવો પણ નીચા ગયા. આજે ૨૦ ટોપલીના પોમલા સભ્યને રૂ. ૧-૨૫ મળે છે. તેમાં પણ મીઠાઇ માટે પુંઠાનાં બોક્સ આવવાથી આ ધંધાને મોટો ફટકો પડયો છે. અન્ય કોઇ વ્યવસાયનો અનુભવ ન હોવાથી સ્ત્રીઓ તો ટોપલી જ બનાવે છે, જયારે પુરુષો અન્ય ધંધા તરફ વળ્યાં છે. આજે તેઓના ધંધામાં ઘણી વિવિધતા છે. સાથો સાથ એક ધંધામાંથી પૂરતી આવક ન મળવાથી જીવનનિર્વાહ માટે અનેક પ્રકારના વ્યવસાયો કરે છે.

ટોપલા-ટોપલી :

આ જાતિનો મોટો વર્ગ આ ધંધો કરે છે. કુલ ૭૨ કુટુંબોમાંથી પાંચ સાત કુટુંબો એવાં છે કે જે ટોપલા ટોપલી બનાવતાં નથી.

નોકરી કરવી :

પરંપરાગત ધંધામાંથી ગુજરાન ન ચાલતાં આજે તેઓ સાળકામ, રંગકામ, વાહન ચલાવવાં, હીરા ઘસવાના કારખાનામાં, સુરતમાં બે ત્રણ ભાઈઓ જિલ્લા પંચાયતમાં અને બેન્કમાં પટાવાળા તરીકે નોકરી કરે છે. આ નોકરીમાં પણ તેમને રૂ. ૨૫૦થી ૩૦૦ મળે છે.

પગારીલા-ઓટો રીક્ષા :

સુરત, વડોદરા અને અમદાવાદમાં આ લોકો પગરીક્ષા અને ઓટો રીક્ષા ભાડે લઈને ચલાવે છે, જેમાં માસિક રૂ. ૨૦૦ મળે છે.

છૂટક મજૂરી :

આ કોમના ઘણા સભ્યો લુહારી કામ, ચાની લારી ચલાવવી, હોટલ બોય તરીકે તેમજ લાકડામાં છૂટક મજૂરી કરે છે.

આમ આજે આ લોકો ધંધામાં જુદા જુદા ધંધા કરે છે. કુલ ૭૨ કુટુંબોમાંથી ૪ કુટુંબો એવાં છે કે જે એક જ વ્યવસાય કરે છે. જ્યારે બાકીનાં કુટુંબો એક કરતાં વધારે વ્યવસાય કરે છે.

આવક :

પોમલાઓની કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ. ૫૩૯૧ હતી. જે માસિક કુટુંબદીઠ રૂ. ૪૪૯ અને વાર્ષિક માથાદીઠ રૂ. ૮૮૫ હતી.

વપરાશી ખર્ચ :

પોમલાઓ પોતાની જરૂરિયાતની પૂર્તિ માટે જે વિવિધ ખર્ચ કરતા હતા તેમાં કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૪૬૬૩ હતું. કુટુંબદીઠ માસિક ખર્ચ રૂ. ૩૮૯ અને માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૭૪૦ હતું. જ્યારે માથાદીઠ માસિક ખર્ચ રૂ. ૬૨-૦૦ હતું.

અહીં એક બાબતનો ઉલ્લેખ કરું તો પોમલાઓમાં ખર્ચ કરતાં આવક વધુ છે. પરંતુ પોમલા સમાજમાં પાંચ છ કુટુંબોની આવક વધુ હોવાથી સમગ્ર ચિત્ર આવું આવે છે. બાકી તેવાં કુટુંબોને બાદ કરતાં આવક કરતાં ખર્ચ વધી જાય છે. અને તેથી જ પોમલાઓનું દેવું સગાસંબંધીઓમાં વધારે છે.

સામાજિક સંગઠન :

પોમલા એ પિતૃસત્તાક, પિતૃસ્થાનીય અને પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા ધરાવતું જૂથ છે. કુટુંબનું કદ આશરે છ થી સાત વ્યક્તિઓ નું છે. કુટુંબમાં સંયુકતતાનું વલણ વધુ છે. પરંતુ પુત્રના લગ્ન બાદ ભૌતિક સંકડાશના કારણે કુટુંબનું વિભાજન થાય છે. છતાં સંયુકત કુટુંબની સંખ્યા સારી એવી છે.

સગાઇ સંબંધો બંને પ્રકારના લગ્ન પર આધારિત અને લોહી પર આધારિત જોવા મળે છે. ઘરજમાઇના પણ અમુક દાખલા છે.

સમાજની આંતરિક વ્યવસ્થા માટે જાતિપંચ જોવા મળે છે. જેમાં નથી કોઇ બંધારણ કે કાર્યવાહી, એ છેક નિષ્ક્રિય છે. પરંતુ દરેક સ્થળે પોમલા કુટુંબો મળી એક આગેવાન નીમે છે. જે પોતાના સમાજમાં થતા સામાન્ય ઝઘડાનું નિરાકરણ કરે છે. લગ્ન પ્રસંગોમાં હાજરી આપી પોમલા પ લગ્ન કરાવે છે. પરંતુ દિવસે દિવસે તેનું નિયંત્રણ ઘટવા લાગ્યું છે. આજ પંચ પાસે જવા કરતાં કોર્ટમાં જવાનું વધારે પસંદ કરે છે. એક શહેરના પોમલાનો બીજા શહેરના પોમલા સાથેનો સંબંધ સારો એવો છે.

સામાજિક રીતરિવાજ :

રજસ્વલા સ્ત્રીને 'અડકવું નહીં' એવા નામે બોલાવે છે. જે સ્ત્રી ઘરમાં રસોઇ બનાવવી, પાણી ભરવું, દેવ દેવીની પૂજા કરવી વગેરે કાર્યો કરતી નથી. પાંચમા દિવસે માથુ ધોયા બાદ દરેક કાર્ય કરી શકે છે.

સગર્ભા અવસ્થા દરમ્યાન કોઇ ખાસ પ્રકારનો ખોરાક આપવામાં આવતો નથી. સ્ત્રીની પ્રથમ સુવાવડ તેના પિયરમાં થાય છે. જન્મ બાદ કોઇ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી.

જન્મ પછીના છઠ્ઠા દિવસે તેઓ રોટલી અને સાત જાતનાં લીલોતરી શાક બનાવી નાનાં બાળકોને જમાડે છે. અને નામકરણ વિધિ કરે છે.

સામાન્ય રીતે છોકરો ૨૦થી ૨૧ વર્ષનો અને છોકરી ૧૫થી ૨૦ વર્ષની થાય ત્યારે સગાઇ કરવામાં આવે છે. આ વિધિ છોકરી પક્ષને ત્યાં કરવામાં આવે છે. સગાઇને માટે પ્રથમ પસંદગી મામા-ફોઇના છોકરાને અપાય છે. આર્થિક સંપન્નતા ઓછી હોવાથી ગામમાં સગાઇ કરવાનું વધારે પસંદ કરે છે. સગાઇની વિધિ સાંજના ચારથી પાંચ વાગ્યાના સમયે થાય છે. સગાઇની વિધિ પૂરી થયા બાદ દારૂની મીજબાની થાય છે. સગાઇમાં જે ખર્ચ થાય તે છોકરા પક્ષનાને ભોગવવાનો હોય છે.

લગ્ન :

લગ્નની ઉંમર ૧૫થી ૨૩ વર્ષના ગાળામાં વધુ જોવા મળે છે. લગ્ન જોડકાથી છે. બહુપત્નીત્વ કે બહુ પતિત્વ ઉપર સમાજમાન્ય નિષેધ છે. વળી આ જાતિમાં સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા વધારે હોવાથી ઘણાં પુરુષોને અન્ય જ્ઞાતિમાં પણ લગ્ન કરવાની ફરજ પડે છે.

લગ્નમાં કન્યાપક્ષને છોકરાપક્ષવાળા રૂ. ૧૨૫ દહેજ આપવું પડે છે. જાન છોકરાની છોકરીપક્ષના ઘરે જાય છે. જેમાં આશરે ૧૦૦ માણસો હોય છે. લગ્નમાં આશરે ૨૫૦૦થી ૩૦૦૦નો ખર્ચ થાય છે.

પતિ પત્નીને બનતું ન હોય તો બંનેની સંમતિથી છૂટાછેડા લેવામાં આવે છે. પુરુષની ઈચ્છા વિરુદ્ધ સ્ત્રી ભાગી જાય તો તેણીના પિતાએ દહેજ પાછું આપવું પડે છે. અને લગ્નનો ખર્ચ પણ પુરુષપક્ષે જ થયો હોય તે તેને આપવો પડે છે. પરંતુ પુરુષ પોતાની ઈચ્છાથી પત્નીને કાઢી મૂકે તો તેને દહેજ પાછું મળતું નથી. અને સામેથી ખાધાખોરાકીની અમુક રકમ આપવી પડે છે. આ જાતિમાં પુનઃલગ્ન થઈ શકે છે. દિયરવટુ-સાળીવટુ પણ થાય છે.

મૃત્યુ સંસ્કારમાં દાટવાની અને બાળવાની બંને પ્રથા છે. નાનાં બાળકોને દાટે છે, જ્યારે મોટાને અગ્નિદાહ આપે છે. પરંતુ હાલ લાકડાંની કિંમત વધવાથી ઘણાં કુટુંબો મોટી ઉંમરના મૃતદેહને પણ દાટે છે. મૃત્યુ પછીના પાંચમા દિવસ સુધી મૃત વ્યક્તિની પ્રિય હોય તેવી વસ્તુઓ તેને દાટવામાં કે બાળવામાં આવી હોય ત્યાં મૂકવામાં આવે છે. મૃત્યુ પછીના બારમા દિવસે બારમાની વિધિ કરવામાં આવે છે. જેમાં આશરે રૂપિયા ૩૦૦નો ખર્ચ થાય છે.

ધાર્મિક જીવન :

પોમલા લોકો હિંદુ દેવ દેવીઓ, ચોસઠ જોગણી, ભદ્રકાળી, અંબાજી, લક્ષ્મીજી, હનુમાન, રામ વગેરેને પૂજે છે. આ ઉપરાંત પોતાની આર્થિક પ્રવૃત્તિમાં કાળભૈરવ, નાકોટ દેવ, શેષનાગ વગેરેની પૂજા કરે છે. આ લોકો નિયમિત પૂજા કરતા નથી પરંતુ અમુક પ્રસંગોપાત ધૂપદીપ કરે છે.

હિંદુ સમાજમાં આવતા તહેવારો હુતાસણી, રામનવમી, જન્માષ્ટમી, દિવાળી વગેરે ઉત્સવો મનાવે છે. આ ઉપરાંત પોતાના ઉત્સવો જ્યાણી, બળિયાદેવની પૂજા, આર્થિક પ્રવૃત્તિના સંદર્ભમાં પૂજા-જાત્રા ઉજાણી વગેરે ઉજવવામાં આવે છે.

શહેરી સભ્યતાની અસરના કારણે ભૂત-પ્રેત, ડાકણ, ભૂવા, ભગતમાં ઓછી શ્રદ્ધા ધરાવે છે.

ઉપસંહાર અને આયોજન :

શિક્ષણ ઓછું અથવા નહિવત્ હોવાના કારણે વિકાસ યોજનાઓ વિષે કોઇ ખ્યાલ કે સમજ નથી. તેઓ પાસેથી એવું જાણવા મળ્યું કે આજ સુધીમાં તેઓને કોઇપણ પ્રકારનો યોજનાકીય લાભ મળ્યો નથી. આ ઉપરાંત મારા ક્ષેત્રકાર્ય દરમ્યાન મને એવા ઘણા અનુભવો થયા કે સરકારી અધિકારી વર્ગ પણ આ જાતિથી અજાણ છે.

પરંતુ હાલના તબકકે દિવસે દિવસે તેમના પરંપરાગત ધંધામાં ઓટ આવતી જાય છે તેથી આ જાતિને બચાવવા અને ટકાવવા માટે સઘન અને ત્વરિત પગલાં લેવાં ઘટે. એમના વિકાસ માટેના સૂચિત કાર્યક્રમો કંઇક આ પ્રકારના છે :

સૂચિત કાર્યક્રમો :

(૧) પોમલા લોકોનો પરંપરાગત ધંધો ટોપલા ટોપલીઓ બનાવવાનો છે. નાનાથી માંડી મોટી ઉંમરનાં દરેક સભ્યો તેમાં રોકાયેલા છે. તેથી આ ધંધા માટેની કાચી સામગ્રી સહકારી ધોરણે પૂરી પાડવી જોઇએ, અને તેમનું શોષણ અટકે તે માટે સહકારી મંડળી રચવી જોઇએ, જયાંથી ખરીદ વેચાણની વ્યવસ્થા કરવી જોઇએ.

(૨) પોમલા લોકોને અંબર ચરખાની તાલીમ આપવી જોઇએ, અંબર ચરખો કાંતવાથી તેઓ દિવસ દરમ્યાન રૂ.૩થી ૪ જરૂર મેળવી શકે છે. જયારે ટોપલીના વ્યવસાયમાંથી તેઓ દિવસ દરમ્યાન વ્યકિતગત રીતે માંડ બે રૂપિયા મેળવે છે.

(૩) આદિવાસીઓ માટે જે વિકાસ યોજના છે તેમાં મરઘાં આપવાનો પણ એક કાર્યક્રમ છે. જો દરેક પોમલા કુટુંબને પાંચ પાંચ મરઘાં આપવામાં આવે તો મરઘાંના બચ્ચાંમાંથી અને ઈંડામાંથી આવક મેળવી શકે.

(૪) દિવસે દિવસે પરિવર્તન આવતું જાય છે. પોમલા લોકો પણ તેમાં સહભાગી થવા ઇચ્છે છે. આથી જે સભ્યો સ્વતંત્ર રીતે વેપાર ધંધો કરવા ઇચ્છા ધરાવે તેમને જરૂરી સહાય-લોન આપી માર્ગદર્શન આપવું જોઇએ.

(૫) પોમલા યુવાનોને કાયમી કામ મળી રહે તે માટેના તાલીમવર્ગો શરૂ કરી આ યુવકોને સાયકલ રીપેરીંગ, કડિયાકામ, દરજીકામ, લુહારીકામ, સુથારીકામ, હીરા ઘસવા વગેરે કામો માટે તાલીમ આપવી જોઇએ. આવા તાલીમવર્ગનો જે ખર્ચ થાય તે સરકારે ભોગવવો જોઇએ અને તાલીમ પૂરી થયા બાદ જરૂરી સાધનો લોન પેટે આપવાં જોઇએ.

(૬) લિજ્જતના કેન્દ્રો તથા અન્ય સાહસિકોના ઉદ્યમે પાપડ ઉદ્યોગ વિકાસ પામતો જાય છે. આ જાતિની બહેનોને પણ એવું એકાદ કેન્દ્ર કરવામાં મદદ કરી તેમાં રોકવામાં આવે તો ઘણી બહેનોને કામ મળી રહે.

(૭) અભ્યાસમાં આવરી લીધેલ પાંચેય શહેરોમાંથી ઘણા યુવાનો પગરીક્ષા અને ઓટોરીક્ષા ચલાવે છે જે પોતાની માલિકીના નહીં હોવાથી ભાડે લે છે. જો સરકાર વ્દારા કે બેન્ક વ્દારા આ લોકોને લોન આપી મદદ કરવામાં આવે તો બે-ત્રણ વર્ષમાં સાધન પોતાનું કરી લે, અને કાયમી આવક પણ મેળવી શકે.

(૮) પોમલાઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે તેથી બાલવાડી જેવાં કેન્દ્રો ખોલવાં જોઇએ. જેમાં બાળકોને નાસ્તો, સ્લેટ, પુસ્તકો આપી પ્રોત્સાહિત કરવા જોઇએ.

(૯) પોમલા લોકોના બાળકો માટે એકાદ આશ્રમશાળા ખોલવી જોઇએ, કે જેથી શિક્ષણનો વ્યાપ વધશે. વળી આશ્રમશાળાના શિક્ષણ ઉપરાંત સામુદાયિક કેન્દ્ર તરીકે પણ કામ કરે કે જે વ્દારા પોમલાઓને અન્ય પ્રકારનાં માર્ગદર્શનો અને ગૃહઉદ્યોગોની તાલીમ કે અન્ય પ્રશ્નો માટેસમજણ આપી શકાય.

(૧૦) સરકાર તરફથી અપંગ વૃધ્ધોને માટે પેન્સન યોજના શરૂ કરવામાં આવી છે, પોમલા સુધી આ યોજના પહોંચી નથી. તો પોમલાને આ સુવિધાનો લાભ આપવો જોઇએ.

પોમલા માટે એક વિકાસ યોજના મૂકી છે, એ વિકાસ યોજનાનું બે વર્ષનું ખર્ચ આ પ્રમાણે છે.

| ક્રમ | વિગત | કુલ ખર્ચ |
|---|---|---|
| ૧. | મકાન બાંધકામ | ૨૪૦૦૦૦-૦૦ |
| ૨. | પીવાના પાણીની વ્યવસ્થા | ૪૮૦૦૦-૦૦ |
| ૩. | વીજળીની સગવડ | ૨૦૦૦૦-૦૦ |
| ૪. | મરઘાં ઉછેર | ૪૦૦૦-૦૦ |
| ૫. | હાથલારી, શાકભાજી માટેની લારી, ચાની લારી, છૂટક ધંધાઓ, માટેની યોજના | ૨૦૦૦૦-૦૦ |
| ૬. | ઓટોરીક્ષા | ૧૦૦૦૦૦-૦૦ |
| ૭. | પગરીક્ષા | ૧૫૦૦૦-૦૦ |
| ૮. | સીવણની તાલીમ | ૬૦૦૦૦-૦૦ |

| | |
|---|---|
| ૯. અંબર ચરખાની યોજના | ૪૦૦૦૦-૦૦ |
| ૧૦. ટોપલા-ટોપલીના ધંધા માટે | ૭૫૦૦૦-૦૦ |
| ૧૧. શિક્ષણ | ૧૫૦૦૦-૦૦ |
| ૧૨. આશ્રમશાળા | ૧૪૭૦૦૦-૦૦ |
| કુલ ખર્ચ | ૭૮૪૬૦૦-૦૦ |

ઉપર જણાવેલી યોજનાનું યોગ્ય રીતે સંચાલન કરવા એક ખાસ અધિકારીની નિમણૂક કરવી જોઈએ જેથી યોજનાનું અમલીકરણ અને પોમલાઓને જલદી લાભ મળી શકે. જેનો ફાયદો ફક્ત પોમલાઓને જ ન થતાં અન્યને પણ થશે.

...

( સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અધ્યયન)

અહેવાલ લેખન : ડૉ. સિદ્ધરાજ સોલંકી
સારદોહન : શ્રી ચંદ્રકાન્ત પટેલ

વાઘરીઓ એ ગુજરાતની એક પછાત જાતિ છે. જેનો સમાવેશ વિવિધ કાળે વિમુક્ત જાતિઓ, અર્ધ વિચરતી જાતિઓ તેમજ અન્ય પછાત વર્ગમાં કરવામાં આવેલો. કચ્છ જિલ્લાના વાઘરીઓને ૧૯૫૧માં કચ્છ જ્યારે ક વર્ગનું રાજ્ય હતું ત્યારે અનુસૂચિત જનજાતિની યાદીમાં મૂકવામાં આવેલા. ૧૯૫૬માં તે દ્વિભાષી મુંબઇ રાજ્યમાં ભળતાં તેમનો સમાવેશ કચ્છ પૂરતો આદિવાસીઓમાં કરવાનું ચાલુ રાખવામાં આવેલું. ૧૯૬૦માં ગુજરાત રાજ્ય અમલી બનતાં વાઘરીના સંદર્ભમાં કચ્છ જિલ્લા પૂરતી આ સ્થિતિ યથાવત રાખવામાં આવી છે. આ ઉપરાંત આ જાતિને બક્ષીપંચ હેઠળની આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે પછાત એવી ૮૨ પૈકીની એક જાતિ તરીકે પણ તાજેતરમાં સ્થાન અપાયું છે. અને તે રીતે તેના સર્વાંગી વિકાસમાં સહાયભૂત થઇ શકાય તે માટે વિકાસલક્ષી સૂચનો કરવાના આશયથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો છે.

વિવિધ વાઘરી જાતિઓમાંથી ક્ષેત્રકાર્ય કાળ દરમ્યાન પ્રત્યક્ષ સંપર્ક સાધીને તેઓના સાંસ્કૃતિક જીવનનાં વિવિધ પાસાઓને શક્ય તેટલાં યથાવત રીતે મૂકવાનો નમ્ર પ્રયાસ આ અહેવાલમાં કરવામાં આવ્યો છે. વાઘરીઓની અનેક પેટા જાતિઓ ભિન્ન ભિન્ન વિસ્તારોમાંથી જાણવા મળી છે. ગુજરાતના લગભગ બધા વિસ્તારોમાંથી અલગ અલગ શહેરો અને ગામડાંઓને પસંદ કરીને અભ્યાસ કર્યો છે. જેમાં ભરૂચ, વડોદરા, ખેડા, અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ અને જામનગર વગેરે જિલ્લાઓને આવરી લઇ વાઘરી જાતિની જે વિગતો એકત્રિત થઇ તે મૂકવામાં આવી છે.

વાઘરી એ કોઇ એક જ જાતિ કે જ્ઞાતિને આવરી લેતો શબ્દ નથી પણ એકી સાથે વિવિધ સાંસ્કૃતિક સ્તરની અનેકવિધ જ્ઞાતિઓને આવરી લેતો શબ્દ છે. આ શબ્દ હેઠળ આવરી લેવાની હોય તેવી સંખ્યાબંધ જ્ઞાતિઓની યાદી કેન્દ્રના સંશોધકોને મળી હતી, જેમાંથી કેટલીક વાઘરી જ્ઞાતિઓ નીચે પ્રમાણે છે.

૧. દાતણિયા (૨) પટ્ટણી (૩) કંકોડિયા (૪) સથવારા (૫) વઢિયારા (૬) કામળિયા (૭) ચૂનાળિયા (૮) ચૂનારા (૯) ફૂલમાળી (૧૦) વેડુ યા વેળુ કા વડુ કે ધાનાડિયા (૧૧) કચ્છી (૧૨) જંગી (૧૩)મારવાડી, મારવાડા, મોદીઆ (૧૪) ગામેઠી (૧૫)કાળરિયા (૧૬) કામળિયા (૧૭) મહીયા (૧૮) મોઢડિયા (૧૯) લાકડિયા (૨૦)ટોપલિયા, સથવારા, ગોદડિયા (૨૧) વાસિડિયા (૨૨) સળદિયા (૨૩) પોમ્ના, ઉતરિયા કે આસોરિયા

(૨૪) ઝીલોરા (૨૫) સાઓરિયા (૨૬) ગીલોરિયા (૨૭) અરણિયા (૨૮) નળપદા (૨૯) પાટણવાડિયા (૩૦) ગામીચા (૩૧) મડવો (૩૨) ધામધારી

વાઘરી નામકરણ અંગે અનેકવિધ માન્યતાઓ ક્ષેત્રકાર્ય દરમ્યાન મળી હતી.

૧ ૧. વાગુર અર્થાત 'જાળ' ખાસ કરીને પક્ષીઓ વગેરે પકડનાર સમુદાય માટે વપરાયેલો શબ્દ હોવાનું અનુમાન બાંધવામાં આવ્યું છે.

૨. વાઘરીનો એક અર્થ વાઘ -+- અરી એટલે કે વાઘના દુશ્મન તરીકે મતલબ કે તેના શિકારી તરીકે વાઘરીઓના પૂર્વજોને નવાજવામાં આવે છે.

૩. વાઘરીઓને ઉત્તર રાજસ્થાન અને હરિયાણાની સરહદ પર રહેતી બાગરી નામે ઓળખાતી એક જાતિના વંશજો હોવાનું પણ મનાય છે.

૪. પહેલાંના જમાનામાં તેમની પાસે 'વા સાથે વાતો કરે તેવી ઘોડી' હતી તેથી 'વાઘોડી'ના માલિક તરીકે તેમને વાઘરી કહેવામાં આવ્યા હોય અને તેમાંથી વાઘરી શબ્દ આવ્યો હવાનું મંતવ્ય છે.

૫. વાઘરીઓની ઉત્પત્તિ વિષે શકિતમાતાજી અને ભગવાનની પૂજા વખતે જે પૂજારીની જરૂર પડી તેમાં કામ કરવા આવેલા માણસોને અમુક નીતિ-નિયમોથી અળગા કરવામાં આવ્યા તેમાં જેઓ દૂર રહયા એવાને વાઘરી તરીકે ગણવામાં આવ્યા.

આમ બીજી પણ અનેક માન્યતાઓ ઉપરથી નામકરણ થયું એવું સંશોધકોએ નોંધ્યું છે.

વસ્તી :

------'પટણી' જાતિ વાઘરી કોમની કચ્છમાં વસ્તી ૧૫૦૦થી ૨૦૦૦ હોવાનું મનાય છે. મોટી વસ્તી ભૂજ અને માંડવી તાલુકાઓમાં વ જોવા મળે છે. આ લોકો ૨૦૦ વર્ષ પહેલાં ગુજરાતમાંથી સૌરાષ્ટ્ર-કચ્છમાં વસેલા છે એવું એ લોકો કહે છે. કચ્છમાં વાઘરીના ચાર પ્રકારો જોવા મળે છે (૧) કાબરિયા (૨) વઢિયારા (૩) સુવારિયા અને (૪) પટણી અથવા દાતણિયા.

સમગ્ર ગુજરાતમાં તેઓ માંડવી, અમદાવાદ (ગુલબાઇ ટેકરા, સુદરપુરા, નવા વાડજ ) જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ, નડિયાદ, ઉપલેટા, વડોદરા, મોરબી, ગારીયાધાર, શિહોર, ભાવનગર વગેરે શહેરોમાં પથરાયેલા જોવા મળે છે. દક્ષિણ ગુજરાતમાં તેઓનો વસવાટ જોવા મળતો નથી. તેઓ તે તરફ કયારેય જતા હોય તેવું માલુમ પડતું નથી. મારવાડીઓ વાઘરીઓના આધારભૂત આંકડા વિના આશરે ૩૩૫૦ કુટુંબો તો કેવળ અમદાવાદમાં જ જુદા જુદા સ્થળોએ વસવાટ કરે છે. આ ઉપરાંત આ લોકોના કહેવા પ્રમાણે

જયપુર, અજમેર, દિલ્હી, મુંબઇ, પાકિસ્તાન (કરાંચી) અને રાજસ્થાનના અન્ય વિસ્તારમાં તેઓની વસ્તી છે.

ગાગીયા–મહીયા–દીવાળા : સન ૧૮૯૬માં કચ્છમાં ગાંધીધામ પાસેના નાળયાઇર ગામે વસેલા.

કચ્છી–જુંગી : ગાંધીધામમાં ૫–૬ કુટુંબો સ્થાયી હોવાનું જોવા મળે છે. બાકી સમગ્ર કચ્છમાં વેરાયેલી અસ્થાયી પ્રજા છે. આશરે ૩૫ કુટુંબો છે.

સથવારા : ગુજરાતના કુલ ૮૪ ગામોમાંથી આવીને વસેલા છે. જેમાં ૪૪ ગામનાને સુવારિયા, ૮૨ ને દયાઇ અને ૮૪ ને ચોળાણી જેવી પેટા જાતિ તરીકે ઓળખે છે. આ લોકો માંડવી, ગાંધીધામ, ભુજ, નખત્રાણા, નલિયા વગેરે સ્થળે ૨૨૫થી ૨૫૦ જેટલાં કુટુંબોમાં વસે છે.

વઢિયારા : આ લોકો અંજાર, મુંદ્રા બાજુ રહે છે. શહેરમાં જે મોટે ભાગે વસવાટ. અંજારમાં ૨૦૦થી ૩૦૦ કુટુંબો વસે છે. આ લોકોની અંદાજે ૭૫૦ કુટુંબોની વસ્તી એટલે કે ૪૫૦૦થી ૫૫૦૦ જેટલી અંદાજાય છે.

મારવાડી : કચ્છમાં ૩૦૦ વર્ષ પહેલાં આવ્યા હોવાનું મનાય છે. રાજસ્થાન ભાટવાડાથી બનાસકાંઠા થઇને અંજાર, ભુજ થઇ માંડવી આવ્યા. માંડવીમાં ૨૦૦ કુટુંબોની વસ્તી જણાય છે. સમગ્ર ગુજરાતમાં માંડવી, અમદાવાદ (ગુલબાઇ ટેકરા, ભદ્રપુરા, નવાવાડજ) જામનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, વિરમગામ, નડિયાદ, ઉપલેટા, વડોદરા, ગારિયાધાર, શિહોર, ભાવનગર વગેરે જગ્યાએ પથરાયેલા છે. દક્ષિણ ગુજરાતમાં વસવાટ નથી. મારવાડી વાઘરી આશરે અઢારસોના આંકડા મિના અંદાજે ૩૩૫૦ કુટુંબો તો એકલા અમદાવાદમાં જ જુદા જુદા સ્થળોએ વસેલાં જોવા મળે છે. સમગ્ર ગુજરાત અને બહારની વસ્તી ૨૧૦૦૦ કુટુંબો આશરે કુટુંબદીઠ ૬ વ્યક્તિ ગણીએ તો પણ ૧,૨૫૦૦૦ જેટલી અંદાજે થાય. દરેક સ્થળે એક જ નામે ઓળખાતા નથી. રાજસ્થાનમાં મુગીયા તરીકે, સૌરાષ્ટ્રમાં ભાટીયા તરીકે, કચ્છમાં મારવાડી અને દિલ્હીમાં ભાઇલાલ તરીકે તેઓને ઓળખવામાં આવે છે. તેઓ પહેરવેશ, બોલી અને રહેણીકરણી તેમજ ધંધા વ્યવસાયમાં પણ જુદા જુદા છે. પાકિસ્તાનમાં તેઓને જનરાવાડ તરીકે ઓળખે છે. છપ્પનીયા દુષ્કાળ વખતે તેઓ સમગ્ર ગુજરાત અને બહાર વેર વિખેર વસેલા જોવા મળે છે.

લાકડિયા : મૂળ મારવાડ, રાજસ્થાન વતન. ધોળકા, ધંધુકા, બોટાદ, જામનગર, ભાવનગર અમદાવાદ વગેરે વસવાટ કરી ૭ પેઢી પહેલાં વસ્યા છે. ૧૯૫૬માં આવીને વસેલા. વસ્તી અંદાજે ૮૦૦૦ હોવાનો દાવો છે. ૧૩૦૦થી ૧૪૦૦ કુટુંબોની વસ્તી છે. દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત સમગ્ર જ્યાંત્યાં થોડી થોડી વસ્તી પથરાયેલી છે. ૮૦ વસ્તી કેવળ અમદાવાદમાં જ જોવા મળે છે.

ચૂનારા : ખેડા, વડોદરા, સૌરાષ્ટ્ર, પોરબંદર, જામનગર, ભાવનગર વગેરે જગ્યાએ તેમની વસ્તી છે. તેમનાં આશરે ૧૪૫૦ કુટુંબો છે. કુલ ૯૦૦૦ની અંદાજે વસ્તી છે.

ધાન ધાડિયા : અમદાવાદમાં શાહપુર, નારણપુરા, ઉપરાંત સીવીલ તરફ પણ જોવા મળે છે. આ લોકો મૂળ તો સાબરકાંઠા, બનાસકાંઠાના જોવા મળે છે.

દાતણિયા : મુખ્ય વસ્તી વડોદરા, ભરૂચ જિલ્લામાં જોવા મળે છે. અને આ સિવાય સૌરાષ્ટ્રમાં અને ખેડામાં પણ જોવા મળે છે. વડોદરામાં ૪૦૦ કુટુંબોની વસ્તી અંદાજે છે.

ફુલમાળી કે વાઘેલા વાઘરી : આ લોકોની વસ્તી જંબુસર શહેરમાં ૧ હજાર કુટુંબોની છે. આ સિવાય વડોદરા, આમોદ, ઉબેર અને બીજાં ગામોમાં પથરાયેલી છે. વસવાટ ૨૧૦ વર્ષના ગાળા દરમ્યાન જોવા મળે છે.

ભૌતિક સંસ્કૃતિ :

વાઘરીઓ સપાટ જમીનમાં લગોલગ રહે છે. પાકા ઘરો ભાગ્યે જ જોવા મળે છે. સમગ્ર તપાસ દરમ્યાન કોઈ કદ કોઈ વિસ્તારમાં જ પાકાં ઘરો જોવા મળ્યાં હતાં. બાકી સામાન્ય રીતે ડબ્બાના પતરાં, સીમેન્ટનાં પતરાં, સ્થિતિ હોય તો લોખંડનાં પતરાં ઘર પર છાવેલા જોવા મળે છે. ભીંતો પાકી ઘણાં ઓછાં ઘરોને જોવા મળી હતી. બાકી માટીની કે પતરાના ડબાની કે ઘાસની જોવા મળે છે. ઘરને એક જ બારણું હોય છે. બારી ભાગ્યે જ હોય છે. તેમાં જ ઘરનું રસોડું, પાણિયારું અને ઘરવખરી હોય છે. ફર્નિચર ખૂબ ઓછું જોવા મળે છે. ખાટલા સિવાય ભાગ્યે જ બીજી વસ્તુઓ જોવા મળે છે. જૂના કપડાંની ગોદડીઓ એક ઘોડી પર કપડાં, એલ્યુમિનિયમનાં ૫-૧૦ વાસણો, એક માટીનું વાસણ મળે છે. કેટલાકને ત્યાં સ્ટીલનાં વાસણ, એકાદ રેડિયો કે ઘડિયાળ પણ જોવા મળે. આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ઘરેણાં પણ ખૂબ ઓછાં જોવા મળે છે. સ્ત્રીઓ બુટિયાં, કડું, વીંટીઓ, દોરો વગેરે અને પુરુષો વીંટી પહેરતા જોવા મળે છે. બહેનો બનાવટી ઘરેણાં વધારે પહેરતી જોવા મળે છે.

**ખોરાક :**

સવારે ચા પીએ છે. બપોરે ... શાક રોટલો કે દાળ ભાત ખાય, સાંજે ખીચડી અથવા શાક રોટલો હોય છે. ઉત્સવ, તહેવારે શીરો, પૂરી બનાવે છે. સાથે દાળ, ભાત શાક પણ બનાવે છે. માંસાહારમાં માછલી, મરઘી, ઈંડાં, બકરું વગેરે ખાય છે. ઘણા જ વાઘરી ખાતા નથી.

**પહેરવેશ :**

બાળકો ચડી, બુસર્ટ અને છોકરીઓ ચડી ફ્રોક પહેરે છે. પુરુષો ધોતી કે ઝભ્ભો, યુવાનો પેન્ટ સર્ટ પહેરે છે. સ્ત્રીઓ ચોળી, ઘાઘરા પહેરે છે. બ્રેસીયર પહેરતા નથી. તથા અંદર ચડી પણ પહેરતા નથી.

**સંગીતનાં સાધનો :**

સંગીતનાં સાધનોમાં કોઈ કોઈ પાસે મંજીરા, ડાક કે ઢોલક જોવા મળે છે. જેનો ઉપયોગ માતાજીનાં ગીતો ગાવામાં કરે છે. શિકારનાં સાધનો નથી.

**છૂંદણાં :**

છૂંદણાંનો રિવાજ આ લોકોમાં બધે જોવા મળે છે. સ્ત્રીઓમાં ખાસ જોવા મળે છે. વેલ, કૃષ્ણ, હનુમાન, ફુલમણી વગેરેનાં છૂંદણાં જોવા મળે છે.

**જન્મ :**

પ્રસવ : સ્ત્રી સગર્ભા હોય ત્યારે ખોળો ભરવાનો રિવાજ આ લોકોમાં છે. સારો ખોરાક સ્થિતિને કારણે આપી શકતા નથી. સાસરે સુવાવડ થાય છે. દાયણ વ્દારા આ વિધિ કરાવાય છે. જરૂર પડે દવાખાને જાય છે. છઠ્ઠીની વિધિ કરાવીને બ્રાહ્મણ પાસે નામકરણ કરાય છે. વાળ ઉતારવાની વિધિ નવરાત્રી સમય કરવામાં આવે છે. જેને ઝડુ કહે છે.

બાળક ન થતાં હોય કે ગર્ભ રહેતો ન હોય ત્યારે ઉપાયો કરે છે. સત્યનારાયણની કથા, નાત જમાડવી, માનતા માને છે. દૂધ, ઘી, ચોખા કે મિઠાઈ વગેરે ન ખાવાની બાધા રાખે છે.

**લગ્ન :**

વાઘરીઓમાં લગ્ન નાની વયે કરાવી દેવાતાં હતાં, આજે સુધારો છે. લગ્નની સામાન્ય ઉંમર છોકરાની ૨૦ અને છોકરીની ૧૭-૧૮ વર્ષની ગણવામાં આવે છે. બહુપત્નીત્વનો રિવાજ નથી. માબાપની પસંદગીથી લગ્ન થાય છે. જો કે હવે છોકરા છોકરીને પૂછવામાં આવે છે.

લગ્ન વખતે તોરણ બેસાડવાની વિધિમાં પૂજન વગેરે થાય છે. પીઠી પણ મામી કે ભાભી ચોળે છે. વર આધુનિક પહેરવેશ પહેરી પરણવા જાય છે. કન્યાના લુગડામાં માથાનો દોરો કાંસકી, ચૂડી, કંકુની શીશી, તેલની શીશી, ઘરેણાં અને એક જોડ ચંપલ હોય છે. નક્કી કર્યા મુજબ ૨૫૦થી ૪૫૦ સુધીના રૂપિયાનું દહેજ અપાય છે. થાળી, વાટકો, લોટો, ૨થી ૪ જોડ કપડાં અને રોકડ ચાંલ્લો કન્યા સાથે લઇ જાય છે. ફુળદેવીએ પગે લાગે છે. વેવાઇ રંગછાંટણાં કરે છે. મોં મીઠાં કરે છે. ૭ દિવસે કન્યાનાં માવતર કન્યાને તેડવા જાય છે. ૧૦ દિવસ પછી જમાઇ જાતે તેડવા જાય છે.

છૂટાછેડા :

છૂટાછેડાનો રિવાજ છે. અણબનાવ, અડબીજા પર શંકા કે છોકરાં ન થતાં હોય ત્યારે છૂટાછેડા અપાય છે. રિવાજ મુજબ ૩૨ કે ૪૦ રૂપિયાનો દંડ ભરી પતિ છૂટાછેડા લઇ લે છે. પત્નીને છૂટાછેડા જોઇતા હોય તો પતિને ૨૪ કે જ્ઞાતિના રિવાજ મુજબ નક્કી થયે એ દંડ ભરીને છૂટાછેડા લઇ શકે છે. પતિપત્ની એક બીજાને છૂટાછેડા આપ્યા વિના બીજે લગ્ન કે નાતરૂ કરી શકતાં નથી.

પુનઃલગ્ન :

વિધવા સ્ત્રી કુવારા છોકરા સાથે લગ્ન કરી શકતી નથી. નાતરૂ કરી શકે છે. વિધુર પુરુષ ફરીવાર લગ્ન કરી શકે છે. છૂટાછેડા લીધેલ પુરુષ કુંવારી છોકરી સાથે લગ્ન કરી શકે છે. તેને કોઇ કોઇ મળી રહે છે. સ્ત્રીને છૂટાછેડા બાદ ભાગ્યે જ કુંવારો મળે. છૂટાછેડા લીધેલ કે વિધુર થયેલ પુરુષ વિધવા થયેલી સ્ત્રી સાથે નાતરૂ કરી શકે છે. નાતરામાં ખર્ચ લગ્ન કરતાં ઓછો થાય છે. અને લગ્ન જેવી ધામધૂમ કે વિધિઓ કરવામાં આવતી નથી. છૂટાછેડામાં એક બીજાને પંચ સમક્ષ લખાણ કરી આપવું પડે છે. જ્ઞાતિપંચ અત્યારે પણ મજબૂત છે. ભાગ્યે જ કોઇ કિસ્સો કોર્ટે જાય છે.

લગ્ન પહેલાં કે પછીના સ્ત્રી પુરુષના બીજા સ્ત્રી પુરુષ સાથેના સંબંધો જોવા મળે છે. જેમાં દિયર ભાભી કે કુટુંબ સિવાયના અન્ય સાથેના આવા આડા સંબંધો જોવા મળે છે. જેમાં પંચ દ્વારા નક્કી કરેલો ૬૦, ૫૧, ૧૦૧ દંડની જોગવાઇ છે. આવા સંબંધોથી ઝઘડા, લોહીયાળી કે મારામારી દંડ વગેરે થતું જોવા મળે છે. ઝઘડાનો અંત પંચ ન લાવે ત્યાં સુધી પંચનો ખર્ચ ઝઘડાવાળાઓ ઉપાડે છે. લગ્ન પહેલાં અને પછી આવા જાતીય સંબંધો જોવા મળે છે. તો કેટલીકવાર સમજાવી લગ્ન બીજે કરી દે છે.

<u>મૃત્યુ :</u>

દરેક સમાજની જેમ મૃત્યુ પ્રસંગે બધા રડે છે. સમાજના આજુબાજુના અને દૂરના તેમજ નજીકનાં સગાઓ આવે છે. અને ઠાઠડીમાં બાંધી બાળવાનો વિધિ પતાવે છે. નાનાઓને દાટવામાં આવે છે. સ્ત્રી હોય તો ચૂંદડી અને પુરુષ હોય તો નવું સફેદ કફન ઓઢાડી બાદમાં બાળવામાં આવે છે. દાનવિધિ વગેરે કરાય છે. ચાઠી વાળવી વગેરે કરતા નથી. પણ અસ્થિ વિસર્જન નજીકની નદીમાં કરે છે. સારું ખાવાનું કે લગ્ન કે ઉત્સવ પ્રસંગો વગેરે કરતા નથી. હોય તો બંધ રાખે છે. બારમુ કરવાનો રિવાજ છે. જેમાં નજીકનાં સાગાઓને જમાડવાં પડે છે. કૂટવાનો રિવાજ નથી. ખાંભી બનાવવામાં આવે છે. કેટલાક બનાવતા નથી. સૂતક વગેરે કરવામાં આવે છે. મૂછ દાઢી વગેરે . ઉતારે છે. માથાના વાળ પણ ઉતારી નાખે છે. વ્યકિત મરણ બાદ ભૂત પ્રેત કે ડાકણ થાય છે એવી માન્યતા આ લોકોમાં જોવા મળે છે. મરણ પાછળ ૪૦૦થી ૫૦૦ રૂપિયા સુધીનો ખર્ચ પણ થાય છે.

<u>વાઘરી કુટુંબ જીવન :</u>

આ સમાજમાં સંયુકત તેમજ કેન્દ્રીય બંને પ્રકારનાં કુટુંબો જોવા મળે છે. મોટે ભાગે લગ્ન બાદ વિભકત કુટુંબોમાં સંયુકત કુટુંબનું વિભાજન થાય છે. કેટલાંક કુટુંબોમાં સ્ત્રીનું વર્ચસ્વ જોવા મળે છે. સ્ત્રીનું વર્ચસ્વ છતાં સમાજમાં નિર્ણય અને વ્યવહાર પુરુષ કરે છે. ઝઘડા વાઘરી સમાજમાં સહજ જોવા મળે છે. ઝઘડા સમાજના વડીલો ઉકેલે છે. કુટુંબની અંદરના કુટુંબના વડીલો અને વ્યકિતગત મોટાઓના ઝઘડા વડીલો કે પંચ પાસે પણ પહોંચે છે. ઝઘડામાં ગાળાગાળી, મારામારી થતી હોય છે. દેવીઓને સંબંધી ગાળો ખાસ બોલે છે. પંચ પાસે દંડથી ખાસ ઝઘડો ઉકેલાઇ જાય છે. પતિપત્ની, ભાભી દિયર, નણંદ ભાભી, ભાઇ ભાઇ, છોકરાં ને મા કે બાપ વચ્ચેના ઝઘડા કુટુંબીઓ ઉકેલે છે. મિલકતના ઝઘડા પણ તેઓ ઉકેલે છે. નાછૂટકે પંચ પાસે ઉકેલવામાં આવે છે. આથી પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા છે. છતાં સ્ત્રીનું વર્ચસ્વ જોવા મળે છે. કુટુંબમાં મર્યાદાના સંબંધો પણ જોવા મળે છે. આ લોકોનું કુટુંબજીવન કજિયા કંકાસવાળું હોય છે. એવી સમાજ આગળ છાપ છે અને એ લોકોને એ સ્વાભાવિક છે.

<u>વાઘરીઓનું પરંપરાગત પંચ :</u>

પંચ એ પરમેશ્વર એ ઉકિતનો અમલ થતો જોવા મળે છે. પંચમાં વડીલો અને સામાજિક આર્થિક રીતે મોભાદાર વ્યકિતઓ જોવા મળે છે. કુટુંબના કે સમાજના વ્યકિતગત કે સામુહિક ઝઘડાઓના ન્યાય આપવાનું કામ કરે છે. લોકો તેને પૂછે નહીં ત્યાં સુધી ન્યાય આપે નહીં. પંચે બનાવેલા નિયમો વિરુદ્ધ કોઇ વર્તે તો તેનો બહિષ્કાર કરવામાં આવે છે.

અને તેનો દંડ લેવામાં આવે છે. કોઈ આ ન માને તો તેને સરકારી રાહે પંચ કોર્ટે ચઢે છે. અહીં પણ પંચનો કોઈ ઈન્કાર કરી શકતું નથી. તેની પકડ મજબૂત છે. એક ગામ અને બીજા ગામ વચ્ચેના ઝઘડા હોય તો સીમાડે ઉકેલે છે. ગામમાં નહીં. પોતાના સમાજના પ્રશ્નોના નિકાલ માટે તે હમેશાં જાગૃત રહે છે. પંચનો ચૂકાદો આખરી ગણાય છે. પછી ભલે તે લગ્ન બાબતનો હોય, છૂટાછેડાનો ઝઘડો હોય કોઈ ધાર્મિક, આર્થિક કે સામાજિક હોય પણ પંચનો ફેંસલો આખરી ગણાય છે. પંચ દ્વારા પાંચથી માંડીને ૫૦૦ રૂપિયા સુધીનો દંડ અને સજાની પણ જોગવાઈ છે. ગરમ તેલમાં હાથ બોળવા કે માતાના સમ ખવડાવવા કે લોખંડનો ગરમ સળીયો પકડાવવો વગેરે જોવાં મળે છે. કેટલાક પંચોના વિસ્તારીત પંચનાં બંધારણો જોવા મળે છે. જેમાં તેમના નીતિનિયમો ઘડેલા હોય છે.

<u>ધાર્મિક જીવન :</u>

હિંદુ ધર્મના જેટલા દેવો કે દેવીઓ છે આ બધાને વાઘરીઓ માને છે. અને તેની પૂજા કરે છે. કૃષ્ણ, રામ, હનુમાન, શંકર, સંતોષી માતા, અંબા માતા, ભવાનીમાતા, કાળકામા વગેરે. આ લોકો કેટલીક દેવીઓને કુળદેવી તરીકે અને કેટલાક દેવતાઓને કુળદેવતા તરીકે માનીને પૂજાવિધિ, બાધા માનતા કે ઉત્સવ પ્રસંગો વારતહેવારે ઉજવે છે. ધાર્મિક તહેવારોમાં નવરાત્રી, હોળી, રામનવમી, ઉતરાયણ વગેરે ઉજવે છે. સગવડ હોય તો સારું ખાવાનું બનાવી અને સારાં કપડાં પહેરી મનાવે છે. કેટલાક વાઘરીઓ ગણેશને પણ માને છે. કેટલાક બિહોતને મુખ્ય દેવ માને છે. પ્રસંગોપાત ભજનકિર્તનનો કાર્યક્રમ રાખે છે. ધર્મની દ્રષ્ટિએ હિંદુ ધર્મ જ પાળે છે. આ સમાજમાં ભૂવાનું મહત્વ ખૂબ છે. મંદિરમાં પૂજા, બાધાવિધિ, ભૂતપ્રેત, ડાકણની વિધિઓ ભૂવો જ કરે છે. પ્રસાદ, નૈવેદ્ય ભૂવો કહે તે કરવું પડે છે. ભૂવાનો વિરોધ કરતા નથી. ભૂવાનું આટલું માન છતાં પંચમાં હોતો નથી. ભૂવો દારૂ, માંસ ઘરમાં રાખતો થી. કે ખાતો નથી. બાકી મરઘાં, બકરાંના ભોગ બાધા માનતા કે ઉત્સવ ટાણે અપાય છે. વાઘરીઓમાં કેટલાકની અટક પ્રમાણે કુળદેવીઓ જુદી જુદી હોય છે. આ લોકો દેવ કરતાં દેવીને વધારે માને છે. ત્યાં ભોગ બલિ કે પૂજા વિધિ ભૂવા પાસે કરાવે છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન કેટલાક દેવ દેવીઓનાં નામ જાણવા મળ્યાં હતાં તેમાં શક્તિમાતા, જોગણીમાતા, શિહોરી મહીસાગરી, હડકમોહીની મેલડી, વહાણવટી વગેરે.

આર્થિક જીવન :

સમગ્ર ગુજરાતના વાઘરીઓની આર્થિક સ્થિતિ સારી જોવા મળતી નથી. તેઓ જુદા જુદા વ્યવસાયો દ્વારા પોતાની આર્થિક જીવન રચના ગોઠવે છે. અનેક નાના મોટા વ્યવસાયો કરે છે. દાતણ, ઘી, મધ, ધાણા, અખરોટ, લસણ વેચે છે. કેટલાક શાકભાજીના વ્યવસાય પાછળ છે. કેટલાક કોથા અને ખાલી ડબા લેવા અને વેચવાનો ધંધો કરે છે. કેટલાક લાકડાની મજૂરી કરે છે. ખેતમજૂરી પણ કરે છે. કેટલાક રેંકડી ચલાવે છે તો કેટલાક નાની મોટી ખેતી પણ કરે છે. દુકાન પણ કરતા જોવા મળે છે. સાવરણી લાવવાનો ધંધો તો વળી કેટલાક બીડી વાળવાનો ધંધો કરે છે. લાકડાં વેચવાં, ઢોર ઉછેરવાં તેને લેવાં વેચવાં વગેરેનો ધંધો પણ કરે છે. પાનનો ગલ્લો, જીનમાં મજૂરી અને કેટલાક ઘરફોડ ચોરી કરીને પણ જીવન જીવે છે. ટૂંકમાં અનેક નાના નાના ધંધાઓ કરીને ગુજરાતમાં જીવન વિતાવતી વાઘરી જાતિ છે.

આ વાઘરી જાતિની સ્થિતિ સારી નથી પરંતુ મજૂરી કરતી પ્રજાને કારણે ભૂખે મરતી નથી. થોડા ઘણા ભૂખે મરતા જોવા મળે છે. પરંતુ કોઈને કંઈ તો મળી રહે છે.

ખોરાકમાં રોટલો, છાશ, મરચાની ચટણી, દાળ, ભાત, ખીચડી વગેરે ખાય છે. અઠવાડિયે પંદર દિવસે એકાદવાર માંસાહાર પણ કરી લે છે. આ લોકોનાં મકાન સામાન્ય રીતે ત્રણથી ચાર પ્રકારનાં જોવા મળેલાં. પાકાં, ઈંટ સિમેન્ટના પતરાંવાળાં, કુબા ટાઈપ માત્ર ઘાસ વાંસ કે થોડાં લાકડાં હોય તેવાં. કેટલાક માંડ માંડ ખાવાનું પામી શકે છે. ૬૦થી ૭૦ ટકા ખોરાક પાછળ ખર્ચ થાય છે. ૪૦થી ૭૦ રૂપિયા વાર્ષિક સામાજિક ખર્ચ, ૧૦થી ૨૫ ધાર્મિક ખર્ચ અને ૨૦થી ૩૦ ટકા વ્યસનો પાછળ ખર્ચ કરે છે. દેવું ૧૫૦થી માંડીને ૫૦૦થી ૧૦૦૦ સુધીનું પણ જોવા મળે છે. આખા વર્ષ દરમ્યાન ૧૫ થી ૨૦ દિવસ લે ટંક કે એક ટંક ભૂખ્યા રહેવું પડે છે. બચત આ લોકોમાં જોવા મળતી નથી કારણ કે જે કમાય તે ખર્ચી નાખે છે. બીજા દિવસની ચિંતા કરતા નથી.

સૌથી કંગાળ દશા દાતણ વેચતા વાઘરીઓની જોવા મળે છે. કેટલાક પોતે અને તેમનાં બાળકોને ભીખ મંગાવીને પેટનો ખાડો પૂરે છે. તેથી તેમનો સામાજિક મોભો પણ નીચો છે. દાતણનો ધંધો બહુ ચાલે પણ નહીં કારણ કે આધુનિક જમાનો છે. કેટલીક સ્ત્રી વેશ્યા વ્યવસાય પણ કરે છે.

આવક :

વાઘરીઓ મોટે ભાગે જુદા જુદા વ્યવસાયો દ્વારા જુદા જુદા વિસ્તારોમાં ઓછી વત્તી આવક મેળવે છે. આગળ જોયું તેમ આ લોકોના વ્યવસાયો ઓછી મૂડીના અને નાના નાના જોવા મળે છે. ઉપરાંત તરત વળતર મળે તેવા છે. દાતણ વેચવાનો વ્યવસાયવાળા ૭થી ૧૫ રૂપિયાની વચ્ચે આવક મેળવે છે. મધ વેચનારને ૧૦થી ૧૨ રૂપિયા વધે એટલે ૨થી ૪ રૂપિયા નફો મેળવે છે. શહેરોમાં મજૂરી કરનારને ૭થી ૮ રૂપિયા મજૂરી મળે છે. જ્યારે ગામડામાં ૪થી ૫ રૂપિયા મળે છે. રેકડી ચલાવતા ખૂબ જ જૂજ વાઘરીઓને ૧૦થી ૧૨ રૂપિયા સહેજે મળી રહે છે. ઢોર ઉછેરમાં થોડા ઘણા વાઘરીઓ ૨થી ૩ રૂપિયા સુધીની દૈનિક આવક મેળવે છે. મચ્છીમારીની ૭થી ૧૦ રૂપિયાની આવક જોવા મળે છે. કોથળા વેચનાર લેનારને નંગે ૪૦થી ૫૦ પૈસા મળી રહે છે. જ્યારે ડબાનો લેવા વેચવાનો ધંધો કરતા આ લોકોને ૫૦ પૈસાથી ૭૦ પૈસા સુધીની આવક મળી રહે છે. શાકભાજી અને ફળોનો વેપાર કરનારને ૪થી ૬ રૂપિયા સુધીની દૈનિક આવક થતી હોય છે. ઢોરના વ્યવસાયવાળા (વાછરડા-બકરાં-પાડા) વાળાને ૩૦૦થી ૫૦૦ રૂપિયા સુધીની આવક જોવા મળે છે. છૂટક મજૂરીમાં રોકાયેલાને દૈનિક ૫થી ૬ રૂપિયા મળી રહે છે. ઢોર ચારવાં કે વાડી સાચવવી એમાં આ લોકોને ૮થી ૧૦ રૂપિયા આવક મળી રહે છે. નોકરી કરતા ખૂબ જ જૂજ વર્ગને ૪૦૦થી ૭૦૦ રૂપિયા સુધીની આવક મળી રહે છે. કેટલાક વાડાની શાકભાજી માટે જમીન ભાડે લઈને વ્યવસાય કરે છે. તેમને ૫થી ૧૫ રૂપિયા સુધીની દૈનિક આવક મળી રહે છે. બંગડી વેચવાના ધંધામાંથી ૪થી ૬ રૂપિયા સુધીની આવક દૈનિક મેળવે છે. જૂનાં કપડાં લેવાં આપવામાંથી ૧૦થી ૨૦ રૂપિયા સુધી મેળવે છે.

આ બધા આર્થિક શ્રમવિભાજનમાં સ્ત્રી પુરુષ એક બીજાને મદદ કરે છે. પછી ભલે શાકભાજીનો કે ડબા કોથળા કે મજૂરીનો ધંધો હોય, અથવા રેકડી ચલાવવી, ઢોર ઉછેરવા, મચ્છીમારી કરવી, દાતણ વેચવાં ગમે તે હોય સ્ત્રીઓ પુરુષોને મદદ કરતી જોવા મળે છે. દરેક કુટુંબમાંથી પુરુષ સ્ત્રી બંને એક અથવા અલગ અલગ ધંધા વ્યવસાયમાં જોડાયેલાં હોય છે. આ લોકોની આટલી આવક પણ વસ્તારી કુટુંબને કારણે ખૂબ જ ઓછી કહેવાય કારણ કે માંડ માંડ ભરણપોષણ થાય. મોટાભાગનાં કુટુંબોમાંથી રાત્રે સ્ત્રીઓ અને બાળકો ભીખ માગવા જાય છે. રાજ તેઓની આવકનું મોટું સર્ટિફિકેટ છે.

**ખર્ચ :**

આ લોકોને ધંધાકીય ખર્ચ ખાસ હોતો નથી. બસભાડું કે ગાડીરોકાણ ખર્ચ મર્યાદિત પ્રમાણમાં હોય છે. . ક્યારેક પૈસાના અભાવે બે પાંચ દિવસ ઘરે બેસી રહેવું પડે છે.

કૌટુંબિક ખર્ચ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ અને અંગત ખર્ચ બાદ કરતાં બહો ખર્ચ થઇ જાય છે. કેટલાક માંડ માંડ રોટલો મેળવે છે. કાલની ચિંતા તેઓને નથી. સામાજિક ખર્ચ, જન્મ, લગ્ન અને મરણના જોવા મળે છે. લગ્ન જેવા પ્રસંગ વધારે ખર્ચ કરે છે. ૧૫૦થી ૨૦૦નો ખર્ચ જોવા મળે છે. ધાર્મિક ખર્ચ દેવદેવીઓ માનતા ઉત્સવ પ્રસંગ વગેરેમાં ૧૦૦થી ૨૦૦ રૂપિયા સુધીનો ખર્ચ થઇ જાય છે. વ્યસનો ચા, બીડી, પાન, તમાકુ, દારૂ વગેરે પાછળ સરેરાશ કુટુંબદીઠ ૨થી ૪ રૂપિયા દૈનિક ખર્ચ થાય છે. ભૂખમરો ખાસ જોવા મળતો નથી. પરંતુ ચોમાસાના ચાર માસમાંથી કેટલાકને ૧૦થી ૨૦ દિવસ એક સમય જમીને વિતાવે છે. આ દિવસો દરમ્યાન તેઓની હાલત દયનીય અને નિ:સહાય જણાય છે. દેવું વ્યવસાયિક સરકારી, સહકારી મંડળીનું કે વેપારી શાહુકારનું ભાગ્યે જ હોય છે. સગાસંબંધી કે દુકાનદારનું હોય છે. ખાધાખોરાકી દવાદારૂનું ખર્ચ ૨૦૦થી ૫૦૦ જેટલું હોય છે. લેણું હોતું નથી. પછી બચતનો તો સવાલ જ રહેતો નથી.

**વાઘરી વિકાસ યોજના :**

વાઘરી જાતિ એ ગુજરાતમાં બહુલપણે હેઠળ આવરી લેવાયેલી ૮૨ જેટલી શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત જાતિઓનું હિંદુ જ્ઞાતિજૂથ છે. 'વાઘરી' જૂથ શબ્દ હેઠળ જુદા જુદા નામે ઓળખાતી લગભગ અઢી ડઝન જેટલી વિવિધ વાઘરી જાતિઓનો સમાવેશ થાય છે. રોટી વ્યવહાર આ જૂથોમાં જોવા મળે છે. બાકી બેટી વ્યવહાર અપવાદરૂપે જોવા મળે છે. તેમણે અનેકવિધ વ્યવસાયો જીવનનિર્વાહ માટે અપનાવ્યા છે. તેમ છતાં તેમના શૈક્ષણિક, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ માટે ઘણું કરવાનું ક બાકી રહે છે.

**શૈક્ષણિક વિકાસ :**

શહેરી વિસ્તારમાં વસે છે છતાં આર્થિક સ્થિતિને પરિણામે શાળા મહાશાળાએ બાળકો જતાં નથી. રોજી રોટી રળવા જવું પડે છે. શૈક્ષણિક વાતાવરણ વિરોધી ઝૂંપડપટ્ટી વિસ્તારોમાંના વસવાટને લીધે પરંપરાગત આર્થિક જીવનમાં અલ્પ ઉપયોગિતાના ખ્યાલને લીધે ગુજરાતની વિવિધ વાઘરી જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ અ ખૂબ જ નહીંવત છે. સમગ્ર વાઘરી જાતિમાંથી કેટલીકમાં તો એક પણ યુવાન ગ્રેજ્યુએટ ન હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. માધ્યમિક શાળાએ પણ કેટલાકમાં ગયા નથી. એવાં ઉદાહરણ છે. વિવિધ

વાઘરી જ્ઞાતિઓમાં શિક્ષણનું પ્રમાણ વધે તે માટે બધાં જ શૈક્ષણિક સ્તર પર તેમને મળતી મફત શિક્ષણની સઘળી સુવિધાઓ વિશાળ સ્તર પર વાસ્તવિક સ્વરૂપે પહોંચે તેવી વ્યવસ્થા રાજ્ય દ્વારા ગોઠવાવી જોઇએ. રાજ્યમાં વિવિધ સ્થળે આવેલા પછાતવર્ગનાં છાત્રાલયોમાં તેમનાં બાળકોને અગ્રીમતા અપાય. તેમના માટેની શૈક્ષણિક સુવિધાઓ સમયસર પહોંચે તેમજ ખાસ કરીને ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોનાં બાળકો શિક્ષણ લેતાં થાય તે માટે નિદાન પ્રાથમિક શિક્ષણ સ્તર પર તો નિયમિત શાળાએ મોકલતા બાળકોના વાલીઓને પ્રોત્સાહન રૂપે અનાજ યા રોકડ સહાય આપવાનું પ્રારંભમાં પ્રાયોગિક રૂપે મર્યાદિત વિસ્તારમાં અખતરો કરવાનું જરૂર વિચારી શકાય.

વાઘરીઓ તેમનાં જીવનનિર્વાહ અર્થે અનેકવિધ વ્યવસાયોમાં પડેલા છે. તેમના પરંપરાગત વ્યવસાયોમાં વધારે સહાયભૂત થઇ શકે તેવું તાંત્રિક શિક્ષણ યા માર્ગદર્શન મળે તેવા ઓછા ભણેલા યા નિરક્ષર લોકોને માટેના ધંધાકીય અભ્યાસક્રમોમાં તેઓ જોડાઇ શકે અને ત્યારબાદ તેમને તેમના વ્યવસાયિક વિકાસ માટેની અન્ય સુવિધાઓ સહેલાઇથી મળી શકે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઇએ. પરંપરાગત વ્યવસાય કે નવતર વ્યવસાયના સંદર્ભમાં તો પરંપરાગત શૈ શૈક્ષણિક તાલીમી સંસ્થાઓમાં તો પછાતવર્ગ બોર્ડ તરફથી સ્ટાઇપન્ડ અને અન્ય સુવિધાઓની વ્યવસ્થા કરવી જ જોઇએ. સાથે બિન પરંપરાગત રીતે પણ જો તાલીમ મેળવવા માગતા હોય તેવા તાલીમદાતા અને તાલીમ લેનાર બન્ને માટે યોગ્ય આર્થિક સુવિધાની ગોઠવણી પણ થવી જોઇએ.

વાઘરીઓ અનેકવિધ વ્યવસાયોમાં જોડાયેલા જોવા મળે છે. તેમના વ્યવસાયો મહદંશે પરંપરાગત રીતે નાના મૂડીરોકાણવાળા અને તેનું વળતર તરત આપી શકે તેવા મહદંશે હેતુપૂર્વક પસંદ કરવામાં આવે છે. આવા વ્યવસાયોમાં નાનાં મૂડી રોકાણો પણ તેઓની કંગાળ આર્થિક પરિસ્થિતિમાં ખૂબ જ અઘરા લાગે છે. આવા સંજોગોમાં તેમના વિવિધ વ્યવસાયોમાં બહુ મોટી કાનૂની યા વહીવટી કાગળ પરની આંટીઘૂંટીમાંથી પસાર થયા સિવાય શક્ય તેટલી સરળતાથી લોન મળી શકે તેવી વ્યવસ્થા જો વિશાળ પાયા ઉપર થાય તો તેમની વ્યવસાયિક ક્ષમતા વધારવામાં જરૂર સહાયભૂત થઇ શકે. આવી લોનના હપ્તા વગેરે વ્યવસાય મુજબ અનુરૂપ ગાળા દરમ્યાન પરિસ્થિતિ આધારિત રાખવા જોઇએ. લોન કે સહાયની પૂરી રકમ પ્રાપ્તકર્તાને સમયસર પૂરતા પ્રમાણમાં મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ. તેમનામાં પડેલી વેપારી કુનેહનો વિકાસ થાય તેવાં પગલાં ભરવાં જોઇએ. દા.ત. શાકભાજી વેચનાર, કપડાં વેચનાર, હાટડી કે દુકાન કરવા ઇચ્છતા હોય તેવાને વ્યવસાયિક અનુકૂળતાઓ કરી આપવામાં સરકારી યોજના સહાયભૂત થઇ શકે. કેટલાક વ્યવસાયિક તાલીમ અને તેની સાથે સંકળાયેલા સાધનને મેળવવા માટેની સરળ લોન તેની વ્યવસાયિક ક્ષમતા વધારવા સહાયભૂત થઇ શકે. દા.ત. કપડાંની ફેરી કરતા

માટેસંસ્થાની સહાય સરળ હપ્તે પછાતવર્ગ કલ્યાણ બોર્ડ કરી શકે. તેવા તાલીમમાં આવતા યુવાનોને સ્ટાઇપેન્ડ પણ આપી શકે.

વિવિધ વાઘરી જાતિઓમાં કેટલીક કલા કારીગરીનું કૌશલ્ય જોવા મળે છે. કેટલાક પરારની, માટીની ચીજવસ્તુઓ બનાવે છે. પ્રતિમાઓ પણ બનાવે છે. કેટલાક રમકડાં, આભૂષણ બનાવે છે. આ કારીગરોના વારસો જળવાય તેનો વિકાસ થાય માટે પ્રોત્સાહક સુવિધાઓ આપી જરૂરી નાણાંકીય અને ઇતર સહાય પૂરી પાડીને રાજ્ય સહાયભૂત થઇ શકે.

વાઘરીઓ આર્થિક રીતે કંગાળ છે છતાં બાળકોની સંખ્યા સવિશેષ છે. તેમની માન્યતા પ્રમાણે બાળકને આર્થિક ઉપાર્જનનું અંગ ગણે છે. વધુ બાળકોવાળી વ્યકિત સદભાગી વગેરે જે હકારાત્મક અભિગમ, તદન નીચા સ્તરે આર્થિક જીવન વિતાવવાની તૈયારી, શિક્ષણનો અભાવ વગેરે બાબતો આમાં ભાગ ભજવે છે. આ સમાજની નાડ પારખી કુટુંબ કલ્યાણ કેન્દ્રો દ્વારા સાચી સમજ, વિકાસ દ્વારા વસ્તી નિયંત્રણ લાવવું જરૂરી છે. આ માટે અસરકારક રીતે તેઓમાં ભાગ ભજવતા પંચ કે ભૂવા દ્વારા કાર્યક્રમો આપી આ કામ થઇ શકે. તો તેમાં નોંધપાત્ર પરિવર્તન લાવી શકાય. તેમ લાગે છે.

વાઘરીઓમાં કેટલીક બદીઓ છે. બીડી સ્ત્રી પુરુષ બંને પીએ, દારૂ પણ પીવાય છે. ભિક્ષાવૃત્તિ અને વધેલું માગીને ખાવાનું પણ, કારમી ગરીબાઇની છાયામાં ઉછર્યું છે. કેટલાક ચોરી છેતરપીંડી માટે પ્રખ્યાત જૂથો તેઓમાં છે. એક બાજુ સ્ત્રીઓમાં જાતીય સંબંધો અંગે કડક સામાજિક નિયંત્રણો અને કપરી કસોટીઓ ગોઠવી છે. તો બીજી બાજુ આર્થિક કંગાળ સ્થિતિને કારણે કેટલાક વેશ્યાવૃત્તિ તરફ પણ વળેલા છે. જ તે સમાજમાંથી ઊભી થતી નવજાગૃતિ એ સમાજને અંશતઃ મુકત કરી શકે. શૈક્ષણિક અને આર્થિક વિકાસ સૂચિત એમાં પૂરક હિસ્સો ભજવી શકે.

...

(ઠાકરડા, બારૈયા, પાટણવાડિયા જાતિના સામાજિક પછાતપણાનું એક માનવશાસ્ત્રીય અભ્યયન)

અહેવાલ લેખન : શ્રી ગીરિશ પંડયા
શ્રી શંકરભાઇ પટેલ
સારદોહન : શ્રી જશવંત ના. રાઠોડ

પ્રાસ્તાવિક :

ગુજરાત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણેલ ઇતરોની જાતિઓને બક્ષી કમિશન સૂચિત યાદીમાં મૂકેલ છે. જેમાં ઠાકોર (ઠાકરડા, બારૈયા, ધારાળા, પાટણવાડિયા)નો સમાવેશ કરેલ છે.

અભ્યાસનો હેતુ :

ગુજરાતમાં ઠાકોર જ્ઞાતિની વસ્તી મોટા પ્રમાણમાં છે. અને તે લગભગ આખાય ગુજરાતમાં ફેલાયેલી છે. 'ઠાકોર' સમાજ એ ગુજરાતમાં વિશિષ્ટ અને આગવી પ્રતિભા ધરાવનાર જ્ઞાતિ તરીકે ઇતિહાસમાં અને વાસ્તવિક જીવનમાં તેની પ્રતિતી કરાવે છે. આ ગૌરવશાળી સમાજના ગૌરવને સાચવવું હોય અને ગુજરાતની વસ્તીના બહુસંખ્યક ઠાકોર સમાજની જો ઉપેક્ષા કરવામાં આવશે તો ગુજરાતનું વિકાસચિત્ર કોઇપણ સંજોગોમાં સંપૂર્ણતા પ્રાપ્ત ન કરી શકે. આટલા મોટા અણવિકસિત સમાજને વિકાસચક્ર સાથે લીધા સિવાય ગુજરાત જેવાં પ્રગતિશીલ રાજ્યને કઠિનરૂપ લેખાય.

અભ્યાસ દરમ્યાન ક્ષેત્રકાર્યમાં પસંદ થયેલ ગામો સિવાય પણ અન્ય ઠાકોરની વસ્તી ધરાવતા ગામો અને ઠાકોર સમાજના આગેવાનોની મુલાકાતો લીધી હતી. જે વ્દારા ઠાકોરોનું ચિત્ર મળ્યું છે તે સમગ્ર સમાજમાં ગરીબી સર્વવ્યાપી દેખાઇ હતી. જેના પરિણામે સમગ્ર જીવન વ્યવહારોમાં ગરીબીના તાણાવાણા ગૂંથાયેલા પ્રતિત થયા છે.

અભ્યાસ પધ્ધતિઓ :

ઠાકોરોની વસ્તી સમગ્ર ગુજરાતમાં હોવાને પરિણામે સમગ્ર ગુજરાતને અભ્યાસમાં આવરી લેવું મુશ્કેલ હતું. જેથી ઠાકોરોની વધુ વસ્તી ધરાવતા જિલ્લાઓને પસંદ કર્યા. જેમાં મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા, પંચમહાલ અને ખેડા. આ ઉપરાંત શહેરી વિસ્તારમાં અમદાવાદ અને રાધનપુર શહેરને પસંદ કરવામાં આવ્યાં હતાં. જે જિલ્લાઓને પસંદ કર્યા તેમાં ઘનિષ્ટ ઠાકોરની વસ્તી ધરાવતાં તાલુકાઓ અને તેમાં પણ ઠાકોરોમાં જે અલગ અલગ સમૂહો છે તે દરેક સમૂહનું પ્રતિનિધિત્વ કરી શકે તેવા વિસ્તારોમાંથી ગામોની પસંદગી કરવામાં આવી

હતી. તે પસંદ થયેલાં ગામોમાં બે પ્રકારનાં ગામોને નજર સમક્ષ રાખ્યાં હતાં. એક તો માત્ર ઠાકોર વસ્તી ધરાવતાં ગામો અને બીજું ઠાકોરો અન્ય જ્ઞાતિઓ સાથે રહેતા હોય તેવાં ગામો. દરેક ગામમાંથી ૨૦થી ૨૫ કુટુંબો સ્તરિત નમૂના પધ્ધતિ દ્વારા પસંદ કરવામાં આવ્યાં હતાં.

વિસ્તાર પ્રમાણે પસંદ થયેલાં કુટુંબોની સંખ્યા :

| જિલ્લો | તાલુકો | ગામ | કુલ કુટુંબ |
|---|---|---|---|
| મહેસાણા | ચાણસ્મા | છાપાવાડા | ૨૫ |
| | ચાણસ્મા | રામપુરા | ૨૫ |
| | ખેરાલુ | કરીપુર | ૨૫ |
| | વિજાપુર | મહુડી | ૩૦ |
| | હારીજ | ખાખડી | ૨૫ |
| | સમી | મહમદપુરા | ૨૫ |
| | કડી | છાત્રાસરા | ૨૫ |
| | પાટણ | નોરતા | ૨૫ |
| ગાંધીનગર | ગાંધીનગર | રાંધેજા | ૨૫ |
| ખેડા | કપડવંજ | દોપટ | ૨૫ |
| | માતર | દથલી | ૨૫ |
| | બોરસદ | ગંભીરા | ૨૫ |
| | પેટલાદ | જોગણ | ૨૫ |
| પંચમહાલ | લુણાવાડા | ઢીંબોદરા | ૨૦ |
| સાબરકાંઠા | બાયડ | જીતપુર | ૨૦ |
| | પ્રાંતિજ | દોલતાબાદ | ૨૫ |
| | | કુલ | ૩૯૫ (૮૭.૮%) |
| બનાસકાંઠા | રાધનપુર શહેર | | ૨૫ |
| અમદાવાદ | અમદાવાદ શહેર | | ૩૦ |
| | | કુલ | ૫૫ (૧૨.૨%) |
| | | કુલ ૪૫૦ | (૧૦૦.૦૦%) |

માહિતીના એકત્રીકરણ માટે સંશોધકોએ પસંદ થયેલ દરેક ગામમાં દસથી પંદર દિવસ રહીને પ્રત્યક્ષ રીતે માહિતી એકત્ર કરી હતી. જેમાં અનેક સંશોધન પધ્ધતિઓ અને રીતોનો ઉપયોગ કર્યો હતો. જેમાં મુખ્યત્વે આ પ્રમાણે હતી :

૧. અનુસૂચિ ૨. મુલાકાત ૩. સહભાગી નિરીક્ષણ

૪. કિસ્સાઓ એકત્ર કરવાની પધ્ધતિ ૫. વંશાવળી

વિસ્તાર -ભૌગોલિક પૃષ્ઠભૂમિ :

'ઠાકોર' સમાજ એ બૃહદ સમાજ છે. તે ગુજરાતભરમાં ફેલાયેલ છે. તેના સમગ્ર જીવનવ્યવહારો પર પ્રાદેશિકતાની પૂરેપૂરી અસર છે.

મહેસાણા :

જિલ્લાનું મુખ્ય મથક મહેસાણા છે. ચાવડા વંશના રાજપૂત રાજા મેસાજી રાવલે સંવત ૧૨૧૭માં વસાવ્યું. જિલ્લામાં કુલ ૧૦૮૧ વસવાટવાળાં ગામો છે. કુલ ક્ષેત્રફળ ૯૦૨૭ ચો. કિ. મી. છે. જિલ્લાનો ઘણોખરો ભાગ સપાટ મેદાનો છે. ફકત ખેરાલુ તાલુકામાં તારંગાની ટેકરીઓ આવેલી છે. જમીન ગોરાડુ અને રેતાળ છે. આબોહવા સૂકી, ગરમ અને આરોગ્ય માટે સારી છે. વરસાદ ૨૪ ઈંચ જેટલો થાય છે. ખેતી એ મુખ્ય વ્યવસાય છે. મુખ્ય પાકો ઘઉં, બાજરી, જુવાર, કપાસ, તુવેર, મગ, મઠ, અડદ. આ ઉપરાંત શેરડી, બટાટા, રાઈ, સરસવ, એરંડા, જુ જીરૂ, ઈસબગુલ, તમાકુ અને વરિયાળી જેવા પાકો પણ સારા પ્રમાણમાં છે. ખેતીની સાથે મહત્વનો પૂરક ધંધો પશુપાલનનો છે. ગાંધીનગર જિલ્લાની રચના અમદાવાદ અને મહેસાણા જિલ્લાના ગામો લઈને કરવામાં આવી છે. જેથી ભૌગોલિક રચના સંપૂર્ણપણે મહેસાણા જિલ્લા જેવી છે.

સાબરકાંઠા : પ્રાકૃતિક રીતે જિલ્લાના બે ભાગ પડી જાય છે. એક તો ઉત્તર પૂર્વનો ડુંગરાળ વિસ્તાર અને બીજો દક્ષિણ પશ્ચિમનો મેદાની પ્રદેશ. ડુંગરાળ પ્રદેશમાં ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા, મેઘરજ અને ઈડર વગેરે તાલુકાઓનો સમાવેશ થાય છે. તાલુકાઓના કેટલાક ભાગ સમાય છે. જિલ્લામાં મધ્યમ કાળી, ગોરાડુ અને રેતાળ એમ ત્રણ પ્રકારની જમીન છે. ૧૨૭૧.૧૦ ચો. કિ. મી. જંગલ વિસ્તાર છે. મુખ્ય નદી સાબરમતી છે. ૬૦થી ૭૦ સે.મી. જેટલો વરસાદ પડે છે. ખેતી મુખ્ય ધંધો છે. બાજરી, જુવાર, મકાઈ, ઘઉં, ડાંગર, તલ, કપાસ, તુવેર, ચણા, મગફળી, શેરડી, સુરણ, આદુ વગેરે પાક થાય છે.

જિલ્લામાં આદિવાસીઓની ૮૦ હજાર જેટલી વસ્તી છે. જઓ મુખ્યત્વે ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં વસે છે.

ખેડા : જમીનનું તળ નદીઓએ ઘસડી લાવેલ ઠરેલા કાંપનું બનેલ છે. ખેડા જિલ્લાની મધ્યનો ભાગ ચરોતર કહેવાય છે. જમીન રસાળ અને ફળદ્રુપ છે. ખંભાતના અખાતની આસપાસનો ભાગ ભાલ નામે ઓળખાય છે. વાડાસિનોર તાલુકાની પડખેનો પ્રદેશ માળ તરીકે ઓળખાય છે. વરસાદ ૮૦૦ મી.મી. જેટલો થાય છે. ઉનાળાનું હવામાન સૂકુ અને ગરમ છે. શિયાળામાં હુંફાળુ અને ખુશનુમા રહે છે. મુખ્ય પાકો તમાકુ, શેરડી, ડાંગર, મગફળી, કપાસ, તલ, એરંડા, બાજરી, ઘઉં, બાવટો, કઠોળ, ફળફળાદિ પણ થાય છે.

ગુજરાતમાં ઠાકોરોની વસ્તી મોટા પ્રમાણમાં છે. જે લગભગ વત્તાઓછા પ્રમાણમાં આખાયે ગુજરાતમાં ફેલાયેલી છે, જેમાં અત્યારે મુખ્યત્વે ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વસ્તી છે. જે હાલના મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ, ગાંધીનગર અને ખેડા જિલ્લાઓ છે. આ વિસ્તારો ઘણા પ્રાચીન છે. મુખ્યત્વે ઉત્તર ગુજરાત ઠાકોરોની મૂળ વસાહત હોય તેવું લાગે છે. વર્ષો સુધી પાટણ ગુજરાતની રાજધાની તરીકે રહ્યુ છે. જેથી આવી લડવૈયા પ્રજા ગમે ત્યાંથી પાટણમાં આવીને વસી હશે. ત્યારબાદ ગુજરાતમાં ફેલાયેલી હશે. ખેડા જિલ્લાનાં ઘણાં ગામો બારૈયાઓએ વસાવેલાં છે અને તેમાં કેટલાંક ગામો તો મહેસાણા તરફથી આવીને વસાવનારનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

પૂર્વકાળમાં રાજપૂત જ્ઞાતિ હતી તેમનાં રાજ્યો તૂટવાથી તેઓ આસપાસથી ગુજરાતમાં આવી વસ્યા. પાટણ તરફની વસ્તીમાં ભળવાથી તેઓ રાજપૂત મટી ઠાકોર કહેવાયા. ઠાકરનો અપભ્રંશ 'ઠાકરડા' થયું. તેઓ ૧૬મા સૈકામાં ખેડા જિલ્લામાં જુદાં જુદાં ગામોમાં આવીને વસ્યા.

ઠાકોરોની ઐતિહાસિક ભૂમિકા :

'ઠાકોર' શબ્દ મૂળ ઠકરાત' પરથી આવેલો છે. 'ઠાકોર તરીકે ઓળખવામાં આવતા તેનું કારણ તેઓ મોટા જમીનદારો, ગરાસદારો, અને નાનાં મોટાં ગામોના ધણી હતા. આજે ઠકરાઈ રહી નથી, જમીનદારો પણ બહુ ઓછા રહયા છે.

ગુજરાતના ઠાકોરોને સમજવા ત્રણ શબ્દનો ભેદ સમજી લેવો આવશ્યક બને છે; રાજપૂતો (ગરાસિયા) ઠાકોર (ઠાકરડા) અને કોળીઓ. ત્રણે આજે અલગ અલગ જ્ઞાતિ તરીકે અસ્તિત્વ ધરાવે છે. ત્રણે જૂથમાં ઊંચા નીચાનું સ્તરીકરણ જોવા મળે છે. કોળી કરતાં ઠાકોર પોતાને

ઉંચા ગણે છે. અને ઠાકોર કરતાં રજપૂતો પોતાને ઊંચા ગણે છે. એક બીજા જૂથો વચ્ચે રોટી બેટી વ્યવહાર નથી. નીચેના સ્તરવાળા ઉપરના સ્તરવાળાને ત્યાં જમી શકે, પાણી પી શકે પણ ઉપરના સ્તરવાળા નીચેના સ્તરવાળાને ત્યાં ભોજન કે પાણી લેતા નથી. આ ત્રણે જ્ઞાતિઓ પોતાને 'ક્ષત્રિય' સાથે જોડે છે. જેમાં મૂળ અસલ રાજપૂતો જ ક્ષત્રિયો છે. બાકીના કાળક્રમે અનેક મિશ્રણોનો પરિપાક છે. જેમ કે બનાસકાંઠા, સાબરકાંઠામાં વસતા ગરાસિયા આદિવાસીઓની ઉત્પત્તિ રાસમાળના લેખક રજપૂત પુરુષો અને ભીલ કન્યાઓ વચ્ચે બંધાયેલા સંજોગોથી થાય છે. તેમ ઠાકરડા જ્ઞાતિ માટે પણ એ પ્રકારના ઉલ્લેખો થયેલા છે. અને કોળીઓ ઠાકરડામાંથી ખાવા પીવાના અને વધુ પડતા જુદા આચાર વિચારોને કારણે અલગ પડયા. જો કે ઠાકરડા અને કોળીઓ વચ્ચે સ્પષ્ટ ભેદ રેખા ખેંચવી મુશ્કેલ છે. છતાં બે અલગ અલગ અને સ્પષ્ટ જૂથો જુદા છે. છતાં ઊંચા પોતાની કન્યા પોતાનાથી ઊંચે આપે. રાજવંશીઓ કન્યાઓ રાજપૂતો જોડે આપે પણ લાવે નીચેથી. તેથી આમ નીચેના સ્તરવાળા તેમની નીચેથી લાવે એમ કરતાં કરતાં ઠાકોરોને નીચેના સ્તરવાળાનો સંબંધ કોળીઓ સાથે જોડાઇ જાય છે. ત્રણે જૂથો પોતાની ઉત્પત્તિ ક્ષત્રિયોમાંથી બતાવે છે. તેમજ તેમનામાં મળતી અટકો મૂળ રાજપૂત પુરુષોની છે. જેમ કે પરમાર, સોલંકી, વાઘેલા, મકવાણા, ચૌહાણ વગેરે.

જે જ્ઞાતિ વર્ણ વ્યવસ્થામાં બ્રાહમણો પછી બીજા નંબરનું સ્થાન ભોગવતી હતી તે કાળક્રમે અને આર્થિક વ્યવસ્થાના આધારે સામાજિક દરજ્જાની મુલવણી થતાં તેમજ માંસાહારને કારણે વાણિયા પટેલો જેવી જ્ઞાતિઓ સામાજિક દરજ્જાની રીતે તેમની ઉપર આવી ગઇ અને આ જ્ઞાતિઓ નીચે ગઇ છે.

ગુજરાતના રજપૂત કોળી ઠાકોરોની ટીપ આ પ્રમાણે છે :

---

ચુંવાળમાં, કુકાવાવ, ભંકોડા, છત્રિયાળ અને ડેકાવાડાના સોલંકીઓ, કટોસણ, ઝિંઝુવાડા અને પનારના મકવાણા. સાબરમતીના કિનારા ઉપરના ઘાટી અને વાઘપુરના રાઠોડ. ચરોતરના ઘોડાસરના ડાભી, મહીકાંઠામાંના આમલિયારાના ચૌહાણ, કાંકરેજના વાઘેલા. આ દરેક કુટુંબવાળા પ્રથમ કોળીયોના સંબંધમાં આવ્યા એટલે જ જાતિના તેઓ રજપૂત હતા તે જાતિથી જુદા થયા. જો કે માંડેથી ઘણાએ હિંદુઓની ઉજળી વર્ણને મળતી આવે તે પ્રમાણેનો ફેરફાર કરવો તથાપિ અગત્ય પડતી ગઈ તેમ તેમ કોળી લોકોની રીતભાત તેઓને દાખલ કરવી પડી.

ભૌતિક જીવન :

ઠાકોરોનો વસવાટ ગામમાં અલાયદો જોવા મળે છે. મુખ્યત્વે બે પ્રકારના વસવાટો મળે છે. જુદાં જુદાં ફળિયાં હોય છે જેને વાસ (વાહ) કહેવામાં આવે છે. જ્યારે કેટલાક ઘરો છૂટાછવાયાં પણ હોય છે. વાસમાં લીમડાનાં ઝાડ પણ જોવાં મળે છે. ગીચવાર મોટે ભાગે વસવાટ જોવા મળે છે.

ઘરે : ઘર સામાન્યતઃ સપાટ જમીનમાં બાંધવામાં આવે છે. મોટા ભાગનાં ઘર કાચાં અને એક ઓરડા સાથે ઓસરીવાળાં અથવા બે ઓરડાવાળાં ઘરો જોવા મળે છે. ઈંટનાં મકાનો સારી સ્થિતિવાળા જ બનાવી શકે છે. કુલ ૪૫૦ કુટુંબોનાં મકાનોમાંથી જમીન વિહોણા અને જમીનવાળા સમૂહ પ્રમાણે જોતાં જમીન વિહોણામાં ૯૮.૨ ટકાક કુટુંબોનાં ઘરો કાચાં હતાં જ્યારે ૧.૮ ટકા કુટુંબોનાં મકાનો પાકાં હતાં. દીવાલના પ્રકારમાં માટીની દીવાલો અને છાપરા પર દેશી નળિયાં પ્રમાણમાં વધુ જોવા મળે છે.

ઘરવખરી : ઘરવખરીની ચીજોમાં વાસણો, ખાટલા, ગાદલાં, ગોદડી, ઘરેણાં વગેરે મુખ્ય છે. વાસણોમાં સૌથી વધારે પિત્તળ અને એલ્યુમિનિયમનાં વાસણો જોવા મળતાં હોય છે. કુલ ૪૫૦ કુટુંબોનાં ઘરવખરીનાં ૧૩૯૬૨ સાધનો હતા. જે કુટુંબદીઠ સાધનસંખ્યા ૩૧ની થાય છે. જેમાં જોવા મળે છે કે ઓછામાં ઓછાં જીવન જરૂરિયાતનાં સાધનો છે. જરૂરિયાત હોવા છતાં ગરીબીને કારણે વસાવી શકતા નથી. કે વસાવેલ હોય તો પૈસાની જરૂર પડતાં વેચી મારે છે.

ઘરેણાં : ઘરેણાં સોના અને ચાંદીના જોવા મળે છે. વધુ પડતાં ચાંદીનાં ઘરેણાં હોય છે. સ્ત્રીઓ સામાજિક પ્રસંગે કે તહેવારે ઘરેણાં પહેરે છે. હાથમાં સોનાનું કડું, ગળામાં હાંસડી, પગમાં ઝાંઝર, કડલાં કે સાંકળાં, કેડમાં ચાંદીનો કંદોરો, કાનમાં દોપકું, લુટી, નાકમાં ચૂની પહેરે છે. આર્થિક પરિસ્થિતિ સારી હોય તો ઘરેણાં પહેરે છે. પહેલાંના સમયમાં પુરુષો કંદોરો, કાનમાં મરચી, હાથમાં કડુ, પગમાં બેડી કે તોડો પહેરતા હાલમાં પહેરતા નથી.

છૂંદણાં સ્ત્રીઓ છૂંદણાંની શોખીન હોય છે. હાથના કાંડા પર પોતાનું કે બહેનપણીનું નામ કોતરાવે છે. દેવની આકૃતિ પણ કોતરાવે છે.

પહેરવેશ : છોકરાઓ ચડી અને બુશર્ટ પહેરે છે. છોકરી ચોળી(કાપડું) ચણિયો પહેરે છે. ૬થી ૭ વર્ષની છોકરી ફ્રોક પહેરે છે.

પુરુષો ખમીશ, ધોતી, ટોપી પહેરે છે. અથવા ફેંટો બાંધે છે. શિક્ષિત યુવાનો પેન્ટ અથવા લેંઘો અને સર્ટ પહેરે છે. સ્ત્રીઓના પહેરવેશમાં ઘાઘરો, કબજો અને સાડો સાડલો વગેરે મુખ્ય છે. સામાન્ય રીતે ઘાઘરો, કબજો, સાડલો વગેરે લાલ લીલા રંગના ફુલવાળા કે ડીઝાઇનવાળા જોવા મળે છે. ઘાઘરો ઘેરવાળો અને ૧૦થી ૧૫ વાર કાપડમાંથી બનાવેલો હોય છે.

ખોરાક અને પીણાં :

ઠાકરડા જાતિમાં સવારના ખોરાકમાં ચા રોટલો હોય છે. બપોરના શાક રોટલો હોય છે. સાંજે મોટે ભાગે શાક અને ખીચડી બનાવી ખાતા હોય છે. કયારેક શાક રોટલો બનાવતા હોય છે. વાર તહેવાર અને ઉત્સવ જેવા પ્રસંગોએ શીરો, પુરી વગેરે બનાવી ખાય છે. કયારેક માંસનો પણ ઉપયોગ કરે છે. ઠાકોર સમાજમાં સવારે ચા પીવી મુખ્ય છે. બીજા નંબરના પીણામાં દારૂ છે. દારૂ મહેમાનગતિનું મુખ્ય પીણું છે.

વ્યસન : વ્યસનમાં બીડી, છીંકણી, ચા અને દારૂ મુખ્ય છે. દારૂ સ્ત્રી પુરુષો બંને પીએ છે. બીડી પુરુષો પીએ છે, જયારે છીંકણી સ્ત્રીઓ વધુ ઉપયોગ કરે છે.

આર્થિક જીવન :

ખેતી : સમાજની ગરીબી અનેક બાબતો પર આધાર રાખે છે. જેમાં જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ પણ જવાબદાર હોય છે. જુદા જુદા વિસ્તારોમાં ઠાકોરની આર્થિક સ્થિતિ જુદી જુદી જોવા મળે છે. જો કે મૂળમાં ઠાકોર સમાજનો લગભગ મોટો ભાગ ગરીબીની રેખા નીચે જીવન જીવે છે. આદિવાસી સમાજ પાસે તો જંગલ પણ કંઇક પૂરક આવક આપી શકે છે. જયારે ઠાકોર સમાજ પાસેથી થોડી ઘણી ખેતીની જમીન ચાલી ગઇ એટલે ખેતમજૂરી, મજૂરી પણ બારે માસ પૂરતી મળતી નથી.

જમીન : કુલ ૪૫૦ કુટુંબોમાંથી ૨૮૦ કુટુંબો પાસે જમીન છે. શહેરી વિસ્તારમાં રહેતા ઠાકોરો પાસે જમીન નથી. કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૩ એકર ૫ ગુંઠા આવેલ છે. તેમાં પણ માથાદીઠ જમીનનું પ્રમાણ જોઇએ તો માત્ર પાંચ ગુંઠા જમીન આવે છે. ૨૮૦ કુટુંબોમાંથી ૨૧૧ કુટુંબો જાતે જમીન ખેડે છે, ૩ કુટુંબો જમીન ગીરો રાખે છે અને ૩ કુટુંબો જમીન ભાડે ખેડે છે. ૪૧ કુટુંબોએ પૈસાની જરૂરિયાતના કારણે પોતાની જમીન ગીરો મૂકી છે. જયારે ૨૮ કુટુંબોએ પોતાની જમીન ભાડે ખેડવા આપી છે. આ સિવાય ખાનગીમાં મોટા ભાગનાં કુટુંબોની જમીન ગીરો મૂકેલી છે. જમીન ઓછી હોવી, જમીન ભાડે ખેડવા આપવી, ગીરો મૂકવી વગેરે કારણોને લીધે ખેતીનાં સાધનો પ્રમાણમાં ખૂબ ઓછાં છે. જયારે કેટલાંક કુટુંબો પાસે બિલકુલ સાધનો પણ રહયાં નથી.

ખેતીનાં ઓજારો :

તપાસેલાં ૨૮૦ કુટુંબોનાં નાનાં મોટાં કુલ ખેતીનાં ઓજારોની સંખ્યા ૧૩૧ જેટલી હતી. અત્યંત ગરીબી અને ટૂંકી જમીનને કારણે ખેતીનાં આવશ્યક સાધનો પણ વસાવી શકતાં નથી. જ્યારે જરૂર પડે ત્યારે માંગી લાવે છે. પિયતનાં સાધનો પણ ખૂબ ઓછાં છે. ઝડા, ચંપલાલ, સાબરકાંઠા વિસ્તારમાં પિયતનાં થોડાં સાધનો જોવા મળ્યાં હતાં. અપૂરતાં સાધનો ખેતી ઉત્પાદન પર અસર પહોંચાડે છે.

પશુઓ :

પશુઓની સંખ્યા જમીનવાળાં કુટુંબો કરતાં જમીન વિહોણાં કુટુંબો પાસે ઓછી જોવા મળે છે. તપાસ દરમ્યાન ૪૫૦ કુટુંબોનું કુલ પશુધન ૯૦૦ હતું. જેમાં જમીન વિહોણા ૧૭૦ કુટુંબો પાસે ૧૧૮ ની સંખ્યામાં પશુધન હતું. જે કુલ પશુધનની સંખ્યાના ૧૩.૧ ટકા થાય છે. જમીનવાળાં ૨૮૦ કુટુંબોના કુલ ૭૮૨ની સંખ્યામાં પશુધન હતું. જે કુલ પશુધન સંખ્યાના ૮૬.૯ ટકા થાય છે. જમીનવાળાં કુલ ૨૮૦ કુટુંબોમાંથી ૬૬ કુટુંબો પાસે ૧૩૨ બળદો હતા. બાકીનાં કુટુંબોને ખેતી કરવા માટે બીજાઓ પર આધાર રાખવો પડે છે. તપાસ કરેલા વિસ્તારના લગભગ બધા જ વિસ્તારમાં ગાય કરતાં ભેંસ ઉછેરનું પ્રમાણ વિશેષ જોવા મળે છે. પશુધન પૂરક આવક આપી શકે છે.

મિલકત :

૪૫૦ કુટુંબોની સ્થાવર જંગમ મિલકત વર્ગીકરણ કરતાં કુલ મિલકતમાંથી ૩૮.૫ ટકા જમીન, ૨૩.૩ ટકા ઘર, ૧.૩ ટકા ઝાડ, ૧૪ ટકા પશુઓ, ૬.૫ ટકા ખેતીનાં સાધનો, ૮ ટકા ઘરવખરીનાં સાધનો અને ૮.૪ ટકા અન્ય અસ્કયામતો હતી. ઠાકોર કુટુંબોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેઓ નવી મિલકતો ઊભી કરી શકતા નથી. પણ ચાલુ જીવનનિર્વાહ કે સામાજિક ધાર્મિક પ્રસંગો પર જમીન, પશુ, ઝાડ, ઘરેણાં કે ઘર સુધ્ધાં પણ વેચવાનો પ્રસંગ આવે છે.

શ્રમવિભાજન :

ઠાકોર સમાજનું શ્રમવિભાજન ચોક્કસપણે થયેલું જોવા મળે છે. સ્ત્રીઓ અને બાળકો પોતપોતાનું કાર્ય કરે છે.

ધંધાકીય વર્ગીકરણ :

ધંધાકીય વર્ગીકરણ જોતાં જમીન વિહોણાં ૧૭૦ કુટુંબોમાંથી ૯૨ કુટુંબો મજૂરી દ્વારા, ૧૯ કુટુંબો નોકરી દ્વારા, ૪૭ કુટુંબો મજૂરી અને પશુપાલન દ્વારા, ૬ કુટુંબો નોકરી અને મજૂરી દ્વારા, ૧ કુટુંબ નોકરી ધંધો તેમજ મજૂરી દ્વારા અને ૫ કુટુંબો ધંધો કરી આવક

મેળવતા હતાં.

જમીનવાળાં ૨૮૦ કુટુંબોમાંથી ૬૦ કુટુંબો ખેતી વ્દારા, મજૂરી વ્દારા ૩ કુટુંબો, મજૂરી અને ખેતી વ્દારા ૧૯૪ કુટુંબો, ખેતી અને નોકરી વ્દારા ૧૩ કુટુંબો, ખેતી અને ધંધા વ્દારા ૫ કુટુંબો અને નોકરી, ખેતી તેમજ ધંધા વ્દારા ૫ કુટુંબો આવક પ્રાપ્ત કરતાં હતાં.

આવક :

તપાસ દરમ્યાન ૪૫૦ કુટુંબોની કુલ આવક રૂપિયા ૧૪૯૯૦૭૬ હતી. ૩૨.૨ ટકા આવક ખેતી અને પશુપાલનની, નોકરીની આવક ૧૧.૦ ટકા, ધંધાની આવક ૩.૬ ટકા, ૪૯.૬ ટકા મજૂરીની આવક જયારે ૩.૬ ટકા આવક અન્ય સાધનો વ્દારા મેળવતા હતા. કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક આવક રૂપિયા ૩૩૩૧ થાય છે. અને કુટુંબદીઠ માસિક આવક રૂપિયા ૨૭૮ થાય છે. માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૫૩૦ અને માથાદીઠ માસિક આવક રૂ. ૪૭ થાય છે. એટલે કે સોએ સો ટકા કુટુંબો સરેરાશ આવક પ્રમાણે ગરીબીની રેખાથી પણ ઘણે નીચે છે.

ખર્ચ :

૪૫૦ કુટુંબોના કુલ ખર્ચમાંથી ખોરાકી ખર્ચ ૭૪.૦૮ ટકા થાય છે. જે કુટુંબદીઠ વાર્ષિક ખોરાકી ખર્ચ ૨૭૨૨ થાય છે. ખોરાકી ખર્ચ સાથેનો બધો જ કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂપિયા ૩૬૭૫ થાય છે. અને માસિક ખર્ચ રૂ.૩૦૬ થાય છે. માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૬૧૮ અને માથાદીઠ માસિક ખર્ચ રૂ.૫૨ થાય છે.

દેવું :

ખર્ચ કરતાં આવક ઓછી હોય દેવું કરવાની ફરજિયાત પરિસ્થિતિ ઊભી થાય છે. તપાસેલાં કુટુંબોમાંથી કુલ ૩૮૩ (૮૫.૧ ટકા) કુટુંબો દેવાદાર હતાં. જેમાં ૧૪૩ (૮૪.૧ ટકા) કુટુંબો જમીન વિહોણાં અને ૨૪૦ (૮૫.૭ ટકા) કુટુંબો જમીનવાળાં હતાં.

સામાજિક સંગઠન :

સમગ્ર ગુજરાતમાં ઠાકોરો ફેલાયેલા છે. ઠાકોર સમાજ આટલો બૃહદ હોવા છતાં એકસૂત્રે બંધાયેલો નથી. અનેક શાખા વિશાખાઓમાં વહેંચાયેલો છે. સમગ્ર ઠાકોરોમાં રોટી બેટી વ્યવહાર નથી. પણ પ્રાદેશિકતા પ્રમાણે પોતપોતાના વ્યવહારો ઊભા થાય છે. અને ચોક્કસ ગામો સાથે જ સગાઈસંબંધો જોડાયેલાં હોય છે. મોટા ભાગના સમાજમાં પ્રાદેશિકતા સાથે ચોક્કસ ગામોનો ગોળ પણ હોય છે. જેમાં બેંતાલીસ, બાવન, બાર, સત્તાવીશ કે ચોક્કસ ગામો નક્કી કરેલાં સાથે રોટી બેટી વ્યવહારથી જોડાયેલ હોય છે. જેમાં દીકરી આપવાનો વિસ્તાર અને છોકરી લાવવાનો વિસ્તાર પણ જુદા હોય છે.

ગોત્ર વ્યવસ્થા :

ઠાકોર સમાજમાં ગોત્ર વ્યવસ્થા જોવા મળે છે. મૂળ રજપૂતમાંથી એક યા બીજા સ્વરૂપે ઉતરી આવ્યા હશે અથવા રજપૂતોમાં જોવા મળતાં ગોત્રો અપનાવતા ગયા હશે. તેને પરિણામે રજપૂતોમાં જોવા મળતાં ગોત્રો ઠાકોરોમાં પણ છે.

સામાજિક રીતરિવાજ :

સામાજિક રીતરિવાજો વિસ્તાર પ્રમાણે જુદા જોવા મળે છે. મહેસાણા, સાબરકાંઠા અને ખેડામાં જુદા જુદા હોવાથી પ્રદેશ પ્રમાણે રીતરિવાજો અલગ અલગ છે. તેમજ આપવા લેવાના રિવાજોમાં પણ ફેરફાર જોવા મળે છે. હિંદુ વિધિ પ્રમાણે દરેક પ્રકારના રીતરિવાજ આર્થિક સ્થિતિ પ્રમાણે ઉજવવામાં આવે છે. ખોળો ભરવો, પ્રસૂતિ, છઠ્ઠીની વિધિ, બાબરી ઉતારવી, જીયાણુ વગેરે વિધિઓ કરવામાં આવે છે.

લગ્ન :

લગ્ન પહેલાં કુંવારી છોકરીઓ છૂટથી જાતીય સંબંધ બાંધી શકતી નથી. તેના પર સંપૂર્ણ પ્રતિબંધ છે. ઠાકોર સમાજમાં લગ્નની ઉંમર ૧૦થી ૨૨ વર્ષની ગણી શકાય. પુરુષો કરતાં સ્ત્રીની લગ્નની ઉંમર નાની છે. સ્ત્રીઓના લગ્ન ૧૦થી ૧૫ વર્ષના ગાળામાં થતાં દેખાય છે. વિસ્તાર પ્રમાણે જોતાં સાબરકાંઠા અને ખેડામાં બાળલગ્નોનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. લગ્ન અંગે ઠાકોર સમાજમાં ચોક્કસ પ્રકારની મર્યાદાઓ જોવા મળે છે. એક ગોત્રમાં લગ્નસંબંધ બાંધી શકાતો નથી.

છૂટાછેડા :

ઠાકરડા સમાજમાં છૂટાછેડા ખૂબ જ ઓછા થાય છે. છૂટાછેડા જલદી મળતા નથી. પરંતુ તે માટે સમાજના માણસોને બોલાવવા પડે છે. તેમને યોગ્ય લાગે તો છૂટાછેડા મળે છે. છૂટાછેડા લીધેલ સ્ત્રી સાથે અગર કુંવારી છોકરી સાથે પુરુષ બીજી વખત વિધિસર લગ્ન કરી શકે છે. દિયરવટુ તેમજ સાળીવટુ થઇ શકે છે.

મૃત્યુ :

મૃતદેહને બાળવામાં આવે છે. માણસના મૃત્યુ પછી રોવા કૂટવાનો રિવાજ ખૂબ છે. મોટું યા નાનું ગમે તે મરણ થાય તો પણ ખૂબ જ રડતા હોય છે. વૃદ્ધના મૃત્યુ પછી બારમાનો રિવાજ છે.

**ધાર્મિક જીવન :**

ઠાકોર સમાજ હિંદુ જ્ઞાતિ વ્યવસ્થાનો એક ભાગ હોવાથી હિંદુ સમાજમાં જે દેવ દેવીઓ -ની પૂજા વિધિ કરવામાં આવે છે તે જ દેવ દેવીઓની પૂજા વિધિ ઠાકોર સમાજમાં પણ કરવામાં આવે છે. તહેવારો પણ અન્ય હિંદુ જ્ઞાતિઓના જેવા છે.

**સમસ્યા અને સૂચનો :**

ગુજરાતમાં ઠાકોરોની સંસ્કૃતિ વિશિષ્ટ અને આગવી છે. જેઓ અત્યારે પણ રાજપૂત યુગમાં જીવતા હોય તેવા ભૂતકાળનાં સ્વપ્નો વાગોળી ગૌરવભેર જીવે છે. બે દિવસનો ઠાકોર ભૂખ્યો હોય તો પણ તેના વર્તાવ કે મોં પરથી કોઇ કળી ન શકે કે તે ભૂખ્યો હશે. જીવનનિર્વાહનાં સાધનો કે પરંપરાગત ધંધામાં પરિવર્તન થતાં રહયાં છે. જેને પરિણામે ગરીબો વધુ ગરીબ બનતા જાય છે. સમગ્ર રીતે જોઇએ તો ઠાકોરોમાં માત્ર એક બે ટકા કુટુંબો સિવાય બધાં અત્યંત ગરીબીમાં સબડે છે.

**સમસ્યાઓ :**

૧. રહેઠાણની સમસ્યા
૨. જમીનની સમસ્યા
૩. ખેતીની સમસ્યા
૪. મજૂરીની સમસ્યા
૫. આરોગ્યની સમસ્યા
૬. શિક્ષણની સમસ્યા

**આર્થિક વિકાસ :**

૧. ઘર ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં બિસ્માર છે. તો આરોગ્યપ્રદ ઘરોની વ્યવસ્થા કરવી જોઇએ.

૨. જમીનોની જે ફેરબદલી થઇ રહી છે તે અટકાવવી જોઇએ. જયારે પૈસાની જરૂર પડે જીવનનિર્વાહ માટે, સામાજિક ધાર્મિક પ્રસંગે જમીન સિવાય કોઇ જ આધાર નથી જેને પરિણામે જમીનનો ટુકડો દર વર્ષે જરૂરિયાત પ્રમાણે વેચતા અથવા ગીરો આપતા જાય છે.

૩. ખેતી માટે ખેતીનાં સુધારેલાં ઓજારો, બિયારણ, રાસાયણિક ખાતરો અને બળદો માટે લોન અને સબસીડીની વ્યવસ્થા કરવી જોઇએ. પિયતની સગવડ કરવી જોઇએ.

૪. જેમને જરૂરિયાત હોય તેવાં કુટુંબોને સારી ભેંસો લોન અને સબસીડીના ધોરણે આપવાની વ્યવસ્થા થાય તો જેઓ ખેતમજૂરી કે થોડીક જમીનો ધરાવે છે તેઓને પૂરક રોજી મળી શકે.

૫. ખેતમજૂરોને લઘુત્તમ વેતન મળવું જોઇએ.

૬. ઠાકોર સમાજમાં કેટલાક વિસ્તારમાં સ્ત્રીઓ કઇ કામ કરતી નથી તેમજ અન્ય કામ પણ મળતું નથી તો અનુકૂળ હોય તેવા ગૃહોદ્યોગો આપવા જોઇએ.

૭. ટેકનીકલ કલાઓની તાલીમ આપવી જોઇએ.

૮. બાલવાડીઓ ખોલવી જોઇએ તથા છાત્રાલયો શરૂ કરવાં જોઇએ. તથા આશ્રમશાળાઓ અને પ્રૌઢ શિક્ષણના વર્ગો શરૂ કરવા જોઇએ.

૯. ગરીબીને કારણે અનેક પ્રકારની બિમારીઓથી પિડાય છે. તો આરોગ્યની સુવિધા કરવી જોઇએ.

...

પાના -૭૪

અહેવાલ લેખન : ભારતીબહેન દેસાઇ

સારદોહન : ભારતીબહેન દેસાઇ

ગુજરાતની આદિવાસી વિકાસ યોજનામાં ખેતી, વન, સિંચાઇ, સહકાર, વાહનવ્યવહાર વગેરે માટે આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ બહુ મોટી સંખ્યામાં રાજ્યનાં ખૂબ જ ઊંડાણના જંગલ વિસ્તારમાં આવેલા આદિવાસી અરજદારો સુધી પહોંચી શકે એ રીતે સહકારી મંડળીઓ, સ્વૈચ્છિક માન્ય સંસ્થાઓ તેમજ પ્રોજેક્ટ એડમિનિસ્ટ્રેટર દ્વારા આ યોજનાઓનો અમલ કરે છે. આ યોજના હેઠળ ખેતી ઉત્પાદન વધારવાની દ્રષ્ટિએ ૨૦ કાર્યક્રમો છે. ખેત ઉત્પાદન વધારવામાં ઉપયોગી થઇ પડે તેવા કાર્યક્રમોમાં એક કાર્યક્રમ આદિવાસી ખેડૂતોને, મજૂરોને રાહત દરે લાભ બળદ આપવાનો છે. આના પાછળનો ઉદ્દેશ એ છે કે ઘણાખરા આદિવાસી ખેડૂતોની સ્થિતિ એટલી બધી નબળી છે કે તેમની પાસે જમીન ખેડવા બળદ પણ હોતા નથી અને પાયાની આ જરૂરિયાત માટે બીજા ઉપર આધાર રાખવો પડે છે. આ યોજના હેઠળ જેને જરૂર હોય એવા આદિવાસી ખેડૂતોને બળદદીઠ ૫૦% અથવા રૂ.૫૦૦ એ બેમાંથી જે ઓછી રકમ હોય તે આપવાનું નક્કી કર્યું છે. અને બાકીના ૫૦%ની લોન આ યોજના હેઠળ આદિજાતિ વિકાસ નિગમ તે વિભાગની સહકારી મંડળી અથવા માન્ય સંસ્થા દ્વારા અપાય છે. આ લોન જે અપાય છે તેમાંથી આદિવાસી ખેડૂતોને લાભ થયો છે ? થયો હોય તો કોને થયો છે ? કેટલો થયો છે ? લોનનો યોગ્ય ઉપયોગ થયો છે ? આ માહિતી લેવાની આવશ્યકતા થઇ પડી હોવાથી તેનું મૂલ્યાંકન કરવાનું નક્કી કરવામાં આવ્યું.

અભ્યાસના ઉદ્દેશ :

૧. બળદની લોનનો લાભ કઇ જાતિ દ્વારા વધુ લેવામાં આવ્યો છે.

૨. જે લોકોએ લોન લીધી છે તેની આર્થિક પરિસ્થિતિ કેવી છે.

૩. લોન લેવામાં અને ભરપાઇ કરવામાં તેમને નડતા પ્રશ્નો

૪. લોન મેળવવાની પ્રક્રિયા

૫. લોન લીધા પછી તેમની આર્થિક સ્થિતિમાં આવેલા ફેરફારો

૬. લોન જરૂરિયાતવાળાને મળી છે કે નહીં તેની જાણકારી

૭. જે સંસ્થા દ્વારા લોન અપાય છે તેનો અભિગમ.

વિષયનો ટૂંક સમયમાં અને તલસ્પર્શી અભ્યાસ થઇ શકે એ ખ્યાલથી સુરત જિલ્લાના માંગરોલ તાલુકામાં વસતી મુખ્ય આદિવાસી જાતિમાંથી ૮૮ વસાવાના, ૧૦ ચૌધરીના અને ૨ કુટુંબો ગામીતના એમ ૧૦૦ કુટુંબોનું સર્વેક્ષણ કર્યું. આ માટે માંગરોલ તાલુકાના વાડી, ઝંખવાવ, લડકુવા, ઈસનપુર, ઉમરપાડા, બીલવણ, વડપાડા, પીનપુર, ઉચવણ, ચોવટ એમ દસ ગામોની પસંદગી કરી. આમાં ૭૫ કુટુંબોને ગ્રામ સમાજ સેવા વર્તુળ દ્વારા લોન અપાઇ હતી, જ્યારે ૨૫ કુટુંબોને જંગલ મંડળી દ્વારા લોન અપાઇ હતી. આ સર્વેક્ષણમાં જે નિદર્શનમાં ૧૦૦ કુટુંબો લીધા હતાં તેનો અભ્યાસ પ્રશ્નાવલી સાક્ષાત્કાર વ્યકિતલક્ષી અને નિરીક્ષણ એમ ચાર પદ્ધતિના ઉપયોગ દ્વારા કર્યો.

આદિવાસી પેટા યોજના દ્વારા રાહત દરે બળદ આપવાની જે યોજના છે તેની કાર્યવાહી નીચે મુજબ છે :

ખેડૂત કે ખેતમજૂરનો દાખલો તલાટી પાસે લઇ ખેડૂત કે ખેતમજૂર અરજીપત્રક ભરીને સહકારી મંડળીને કે માન્ય સંસ્થાને આપે છે. સહકારી મંડળી દ્વારા ખેડૂત અને ખેતમજૂર બંનેની અરજી થઇ શકે છે ત પરંતુ માન્ય સંસ્થા દ્વારા ફકત ખેડૂતની જ અરજી થઇ શકે છે. અરજી આવ્યા પછી સહકારી મંડળી કે માન્ય સંસ્થા નિગમના ઠરાવ પ્રમાણે અરજી માન્ય કરે છે. ત્યાર પછી પરિપત્ર ક્રમાંક અબક/૧૩૮૦ ધિરાણ અને વાણિજ્યના જે પત્રકો નંબર ૧ અને ૨ (જે તે મંડળીની પરિસ્થિતિ અંગેના પત્રકો) છેલ્લા ત્રણ વર્ષના હિસાબ પત્રકો, તારીજ, વેપાર, નફા તોટા, સરવૈયુ વગેરે સાથે જેટલી અરજીઓ આવી હોય તે ભેગી કરી તાલુકા વિકાસ અધિકારીની ઓફીસમાં મોકલે છે. ત્યાર પછી તાલુકા કક્ષાએ અરજી પત્રકો, તલાટીના દાખલા પત્રકો અને સહકારી મંડળીના ફોર્મ તપાસવામાં આવે છે. ખેતમજૂર માટે એક જ દાખલા પત્રક હોય છે. જ્યારે ખેડૂત માટે બે હોય છે. દરખાસ્ત કરનારના ૧૦૦ રૂપિયા બાકી હોય ત્યાં સુધી તે દરખાસ્ત કરી શકે છે. ૧૦૦૦થી વધુ હોય તો તેને ફાઇલ કરવામાં આવે છે.

કોઇપણ સંસ્થા ધિરાણની માગણી કરે તો તેણે સબસીડીના ફોર્મ ભરવા પડે છે. બધાં જ ફોર્મ તાલુકા વિકાસ અધિકારી દ્વારા જ મંજૂર થાય છે એવું નથી. કેટલીક મંડળીઓ આદિવાસી વિકાસ નિગમ પાસે સીધા મંજૂર કરાવી દે છે.

બળદ પસંદ થયા પછી ઢોર ડૉકટર અને વીમાનો એજન્ટ જઇ કડી પહેરાવે છે. પછી જ સબસીડી મળી શકે છે. એટલે સબસીડી મેળવવા વીમો ઉતરાવવો અને બળદની ચકાસણી કરાવવી ફરજિયાત છે.

બળદની ખરીદી ખેડૂત જાતે નથી કરતો પણ સોસાયટીના મંત્રી અને કમિટીના સભ્યો જ મંડળી માટે જેટલા બળદ મંજૂર થયા હોય તેટલા ખરીદી લાવે છે. પછી ધિરાણ મેળવનાર ખેડૂત આવી પસંદ કરી લે છે. કેટલીકવાર ખેડૂત બળદ લેવા માટે સાથે પણ જાય છે.

નિગમ આ બળદ તગાવી ઉપર અંકુશ રહે તે માટે દરેક પ્રોજેકટ એડમિનિસ્ટ્રેટર વિભાગમાં વિસ્તરણ અધિકારી મૂકે છે.

તાલુકા પંચાયત દ્વારા પણ બળદ માટે તગાવી અપાય છે. પણ તે તાલુકાના ફંડમાંથી અપાય છે. બેન્કો પણ બળદ માટે લોન આપે છે. પરંતુ તેનું પ્રમાણ નહીવત્ છે, કારણ કે વસૂલાતનો પ્રશ્ન બળદમાં વધુ રહેતો હોય છે.

બળદ લોન માટેના ચાર વર્ષના હપ્તા અને ચાર ટકાનું વ્યાજ હોય છે. પરંતુ કુદરત આધારિત ખેતી હોવાને કારણે ખેડૂતનું વર્ષ નિષ્ફળ જાય તો હપ્તા અને વ્યાજ નિયમિત ભરાતા નથી. આપણે બળદની રાહત દરે લોન મળે તેનો સ્વીકાર કરીએ તો સાથે સાથે એ જાણવું પણ જરૂરી છે કે બળદ કેટલો ઉપયોગી છે અને બળદને કયા પ્રકારના રોગો લાગુ પડે છે

બળદ કૃષિતંત્ર અને અર્થતંત્રને સધ્ધર બનાવનારું મહત્વનું અંગ છે. રેલવે અને મોટરલારીના પ્રમાણમાં તે ખર્ચાળ નથી. પ્રાચીન સંસ્કૃતિનું મૂળભૂત અંગ છે. બળદ બારે માસ કોઇપણ પ્રકારની કાર્યવાહીમાં સંકળાયેલું જ રહે છે. બળદની કામગીરીને ત્રણ તબક્કામાં વિચારી શકાય. (૧) ખેતીના કામમાં (૨) ઘરકામમાં (૩) અન્ય કામમાં. આ ઉપયોગી બળદ સાજો રહે તો જ ઉપયોગનો રહે માટે તેને જે પ્રકારની બિમારી આવે છે તે પણ ઉલ્લેખનીય છે. બળદને જે બિમારી આવે છે તેમાં મુખ્યત્વે કાળિયો તાવ, ગળસૂંઢો, ખરવાસા, મોવાસા, ખરમન, આફરો, ચકરી અને શીંગડાનું કેન્સર છે. મોટે ભાગે આ બિમારી માટે ઘરઘથ્થુ ઇલાજ થતા હોય છે. પણ હવે સરકાર તરફથી પશુચિકિત્સા કેન્દ્રો ચાલે છે. આ રીતે મારી તપાસ હેઠળના સર્વેક્ષણનું પશુચિકિત્સા કેન્દ્ર માંગરોળમાં છે. તેમાં ૧૯૮૦-૮૧ દરમ્યાન બહારના દર્દી તરીકે ૧૧૪૩ ઢોરને દવા આપી હતી. દવા ઘરે લઇ જઇ પાનારની સંખ્યા ૭૨૧ હતી. ગળસૂંઢાનો રોગ ૨૬ બળદને થયો હતો તેમાંથી ૧૪ બળદ મરી ગયા હતા. જયારે ચકરી ૧૬ ઢોરને આવી હતી તેમાંથી ૧૦ મરી ગયાં હતાં.

બળદની સારવાર માટે વિસ્તરણની જરૂર છે. આજે પણ આદિવાસી ભૂવા ભગતમાં માને છે. ગામમાં ૨૦થી ૨૫ ઢોર મરી જાય પછી જ વેટરનીટી ડૉક્ટર પાસે આવે છે.

બળદની ઉપયોગિતા જોયા પછી તેને રાહત દરે બળદ મળે છે તે યોગ્ય છે. પણ જે કુટુંબોમાં તે અપાયા છે તેની સામાજિક આર્થિક સ્થિતિ તપાસીએ તો ખ્યાલ આવે કે તગાવી યોગ્ય રીતે અપાઇ છે કે નહીં. માંગરોલમાં જંગલ અને ડુંગરાળ પ્રદેશમાં રહેનાર આદિવાસી જાતિમાં વસાવા મુખ્ય છે. અને આ પ્રદેશની બીજી આદિવાસી જાતિના પ્રમાણમાં આર્થિક રીતે તે પછાત છે. લોન લેનારાઓમાં પણ તેમની સંખ્યા વધુ છે.

સર્વેક્ષણ થયેલા ૧૦૦ કુટુંબોની ૬૯૩ સંખ્યામાં ૩૨૭ પુરુષો અને ૩૬૬ સ્ત્રીઓ છે. ૧૪ વર્ષથી નીચેનાં બાળકોની ટકાવારી ૪૨.૨૮ છે. ૧૫થી ૫૦ની વયમર્યાદામાં ૫૩.૮૨ ટકા લોકો આવે છે જ્યારે ૬૦ વર્ષથી ઉપરના લોકોની ટકાવારી ૩.૯૦ ટકા છે. સર્વેક્ષણના કુટુંબોનું સરેરાશ કદ ૬.૯ નું છે.

અહીં શિક્ષણનું સ્તર સારું છે અને તેમાં પણ ચૌધરી આદિવાસી જાતિમાં શિક્ષણનો દર ઉંચો છે. આ પ્રદેશમાં ૩૪.૦૫ ટકા શિક્ષિત છે જ્યારે ૬૫.૯૫ ટકા અશિક્ષિત છે. અલબત્ત ૨/૩ ભાગ અશિક્ષિત છે પણ બીજાના પ્રમાણમાં સારું કહી શકાય.

સર્વેક્ષણના ૧૦૦ કુટુંબોની કુલ મિલકત રૂ. ૨૧૮૪૧૪૦ છે એટલે કુટુંબદીઠ મિલકત રૂ. ૨૧૮૪૧.૪૦ છે. જેમાં ૬૧.૨૮ ટકા જમીનની, ૧૮.૩૬ ટકા પશુની, ૧૩.૧૬ ટકા મકાનની અને અન્ય ૬.૨૦ ટકા છે. જેમાં ખેતીનાં સાધનો, ઘરવખરી વગેરે આવે છે.

મોટા ભાગનાં કુટુંબો પાસે ૧૦ એકરથી ઓછી જમીન છે. કુટુંબદીઠ સરેરાશ જમીન ૭.૭૦ એકર છે. વ્યક્તિદીઠ જમીનનું કદ ૧.૫ એકર છે. આમ બદ બળદ લોન લેનાર મોટા ભાગનાં નાનાં કુટુંબો છે. ૨૦ એકરથી વધુ જમીનવાળાં ફક્ત ૫ કુટુંબો જ છે. અહીંની જમીન પથ્થરાળ અને ઓછી ફળદ્રુપ હોવાથી ૫ એકરથી વધુ જમીન ધરાવનાર પણ નબળો ખેડૂત છે. સર્વેક્ષણ હેઠળના ૪ કુટુંબો પાસે જમીન નથી. તેઓ બીજાની જમીન ખેડવામાં અને જંગલમાંથી લાકડું લાવવા માટે બળદનો ઉપયોગ કરે છે. ૧૦૦ કુટુંબોમાંથી ૮૫ કુટુંબોએ વારસામાં જમીન મેળવી છે. ફક્ત ૧૧ કુટુંબોએ જમીન ખરીદી છે, ૪ કુટુંબો પાસે તો જમીન છે જ નહીં. આ બતાવે છે કે આ વિસ્તારના આદિવાસીની આર્થિક સ્થિતિ એટલી નબળી છે કે તેઓ બચત કરી મિલકતમાં ઉમેરો કરી શકતાં નથી.

૪૫ ટકા કુટુંબોએ પોતાની જમીન પર મકાન બાંધેલા છે, જ્યારે ૫૫ ટકા કુટુંબોએ - તો આદિવાસીઓને સરકાર તરફથી અપાતી ગામતળની જમીન પર જ મકાન બાંધ્યાં છે. આ મકાનની સરેરાશ કિંમત ૨૮૭૫ રૂપિયા છે.

સર્વેક્ષણનાં ૧૦૦ કુટુંબો પાસે રૂ. ૪૪૦૯૭૧ ની કિંમતના ૬૭૮ પશુઓ છે. એટલે કુટુંબદીઠ રૂ. ૪૪૦.૯૭નાં પશુ છે. પશુઓમાં કિંમતની દ્રષ્ટિએ અનુક્રમે ૫૪.૫૧ટકા બળદ, ૩૧.૨૬ ટકા ભેંસ બાકીના ૧૪ ટકામાં ગાય અને બીજાં પશુઓ આવે છે. અહીં ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે આદિવાસી પેટા યોજના અન્વયે બળદ અને ભેંસની તગાવી અને રાહત દરે લોન મળતી હોય છે. અને આદિવાસીઓ તેનો ઉપયોગ કરે છે. તેથી જ તેમની પાસે આ બંને પ્રકારનાં પશુ જોવા મળે છે. આ વિસ્તારમાં બીજી મહત્વની બાબત એ છે કે જે એવાં પશુઓ છે તેની આવક નજીવી છે. કારણ કે ગાય, ભેંસ, બકરીને આદિવાસીઓ જંગલમાં ચરવા છોડી દે છે. દૂધ માટે જે ખાસ પ્રકારનો ચારો આપવો જોઇએ તે અપાતો નથી. અહીંના આદિવાસી કુટુંબમાં દુઝતાં ઢોર હોવા છતાં તેમને ત્યાં એક ટીપું દૂધ જોવા મળતું નહોતું. આમ મિલકતની દ્રષ્ટિએ ગણાય છતાં આર્થિક રીતે સહાયભૂત થાય એવાં પશુ નથી.

આ ૧૦૦ કુટુંબોમાં જે ૨૧૯ બળદો છે તેમાં ૧૬૯ લોન દ્વારા મળેલા છે. જ્યારે બાકીના ૫૦ પોતાની માલિકીના છે. અને એ રીતે કહી શકાય કે જેને જરૂરિયાત છે તેને જ બળદ આપવામાં આવ્યા છે. જે બળદો લોનમાં અપાયા હતા તેમાંથી ૭ મરી ગયા છે અને ૧ બળદ ખોવાઇ ગયો છે.

ખેતીનાં બીજાં સાધનોમાં એક સિવાયના બધાં કુટુંબો પાસે લાકડાનું હળ છે, ફક્ત ૧૨ કુટુંબો પાસે બે અને એક કુટુંબ પાસે ત્રણ હળ છે. ૩૬ કુટુંબો પાસે ગાડાં છે, ૬૪ કુટુંબો પાસે ગાડાં નથી. આમ બળદનો ગાડા દ્વારા જે ઉપયોગ થવો જોઇએ તે ખાસ થતો નથી. ૧૩ કુટુંબો પાસે કુવાની સગવડ છે, ૮૭ કુટુંબોને આ સગવડ નથી. આમ આ વિસ્તારની વરસાદ પર આધારિત ખેતીને આ સગવડના અભાવના કારણે ખેતીમાં સારી એવી અસર પડતી જોવા મળે છે. ખેતીનાં નાનાં સાધનો લગભગ બધા પાસે છે. આધુનિકરણ માટેનાં યાંત્રિક સાધનો કોશ, રહેંટ, ઓઇલ એન્જીન, ટ્રેક્ટર, ઇલેક્ટ્રીક મોટર, લોખંડનાં હળ વગેરે આ વિસ્તારના કોઇ ખેડૂત પાસે નથી. આનું કારણ એ છે કે તેમની આર્થિક સ્થિતિ એટલી બધી નબળી છે કે તેઓ વધુ કિંમતનાં ખેતીનાં સાધનો વસાવી શકતાં નથી.

અને બીજું કારણ એ પણ છે કે તેમનું આધુનિકરણ તરફનું વલણ પૂરતા પ્રમાણમાં જાગૃત થયું નથી.

સર્વેક્ષણના કુટુંબોની આવક ખર્ચની પરિસ્થિતિ :

સર્વેક્ષણના કુટુંબોનો મુખ્ય ધંધો ખેતી છે. ખેતી ઉપરાંત, ખેતમજૂરી, પશુપાલન, નોકરી વગેરે ધંધામાં પણ રોકાયેલા માલુમ પડે છે. પૂર્વ વિભાગ જ્યાં જંગલ છે ત્યાં જંગલમજૂરી કરતા જોવા મળે છે. સર્વેક્ષણ હેઠળના કુટુંબોમાંથી ૭૧ ટકા ખેતી કરે છે, ૧૯.૧૧ ટકા ખેતમજૂરી, ૪.૬ ટકા જંગલ મજૂરી, ૩ ટકા નોકરી અને ૨.૩ ટકા અન્ય વ્યવસાયમાં રોકાયેલા છે. ૧૦૦ કુટુંબોની વાર્ષિક આવક રૂ.૩૦૪૯૨૩ છે. એટલે કુટુંબદીઠ વાર્ષિક આવક રૂ.૩૦૪૯.૨૩ છે. એટલે માથાદીઠ વાર્ષિક આવક રૂ.૪૪૦ છે. અને માથાદીઠ માસિક આવક રૂ.૩૬.૬૭ છે. આમ આ વિસ્તારના લોકો પણ બધા આદિવાસી વિસ્તારોની જેમ ગરીબાઇ રેખા નીચે જીવે છે.

આ લોકોની જે કુલ આવક છે તેમાંથી ૪૧.૪૬ ટકા ખેતીની, ૪૨.૨ ટકા મજૂરીની, ૯.૨૭ ટકા નોકરીની, ૩.૦૭ ટકા ગૃહોદ્યોગની અને ૨.૩૮ ટકા અન્ય છે. ખર્ચની રીતે જોઇએ તો આ લોકોનો મોટાભાગનો ખર્ચ ખાદ્યખોરાકી, કપડાં અને જોડા પાછળ થાય છે. જ્યારે દૂધ, શાકભાજી, શિક્ષણ પાછળ નજીવું ખર્ચ છે. કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૩૬૪૪.૫ છે. જ્યારે માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૫૨૬ છે. માથાદીઠ માસિક ખર્ચ રૂ.૪૩.૮ છે. મોટાભાગની તેમની ખરીદી રોકડની છે. આમ માથાદીઠ ખર્ચ કરતાં આવક થોડી છે તેથી તેમને દેવું કરવું પડે છે. આમ બચતનો પ્રશ્ન હોઇ શકે નહીં છતાં ૧૩ કુટુંબોની આવક ખર્ચ કરતાં વધુ હતી તેથી કુલ રૂ.૧૬૭૬૫ ની બચત થઇ હતી. કુટુંબદીઠ ૧૨૮૯.૬૩ રૂ.ની બચત હતી.

કુલ ૧૦૦ કુટુંબોમાંથી બચત કરનારાં ૧૩ સિવાયનાં બાકીનાં ૮૭ દેવાદાર કુટુંબો છે. તેમનું કુલ દેવું રૂ.૭૬૨૮૮નું છે. એટલે કુટુંબદીઠ દેવું રૂ.૮૭૬.૯ છે. જે દેવું છે તે અનુક્રમે ૪૨.૦૮ ટકા સરકારી તગાવીનું, ૧૪.૫૨ ટકા સહકારી મંડળીનું, ૭.૧૩ ટકા શાહુકારનું, ૬.૧૮ ટકા બેન્કનું અને ૩૦.૦૯ ટકા સગાંવહાલાં અને અન્યનું દેવું છે. સરકારી દેવું વધુ છે કારણ કે પેટા યોજના અન્વયે જે લાભ આપવામાં આવે છે તે લાભ આદિવાસીઓ વ્દારા લેવાય છે. બીજા નંબરે સહકારી મંડળી છે એ બતાવે છે કે આદિવાસીઓમાં સહકારી ધિરાણ લેવાની જાગૃતિ આવવા માંડી છે અને શાહુકારના શોષણનો પ્રતિકાર કરવાનું શીખવા માંડયા છે તેથી શાહુકારનું દેવું ઘટવા માંડયું છે.

સર્વેક્ષણ થયેલાં કુટુંબોમાંથી ૧૬.૪૫ ટકા સ્વાવલંબી, ૪૩.૬૫ ટકા કમાનાર આશ્રિત છે. આમ ૫૯.૬૦ ટકા લોકો કોઇ નહીં તો કોઇ પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા છે. નોંધનીય બાબત એ છે કે ૧૪ વર્ષની નીચેનાં જે બાળકો બિન કમાનાર આશ્રિતમાં છે તેની ટકાવારી બિન કમાનાર આશ્રિત કરતાં વધુ છે. આ બતાવે છે કે બાળકોમાંથી કેટલાક કોઇપણ પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા છે. સ્ત્રીઓમાં ફક્ત ૭.૬૯ ટકા સ્વાવલંબી છે. મોટા ભાગની કમાનાર આશ્રિત છે. આદિવાસી સમાજમાં પુખ્ત વયની સ્ત્રી પોતાના પતિને આર્થિક ઉપાર્જનમાં સહાયભૂત થતી હોય છે. આમ સ્ત્રી અને પુરુષ બંને આર્થિક ઉપાર્જનમાં પોત પોતાનો યથાયોગ્ય ફાળો આપતા હોવા છતાં તેમની આર્થિક સ્થિતિ નબળી જ રહેવા પામી છે તે ચિંતાજનક બાબત છે.

હવે તગાવી લોન અંગે જે માહિતી છે તે જોઇએ. જે તગાવી લોન લેવામાં આવી હતી તેમાંથી ૨ કુટુંબોએ ૭૭-૭૮ દરમ્યાન ૨૭ કુટુંબોએ ૭૮-૭૯ દરમ્યાન, ૩૦ કુટુંબોએ ૭૯-૮૦ દરમ્યાન અને ૪૧ કુટુંબોએ ૮૦-૮૧ દરમ્યાન લોન લીધી. મોટે ભાગે ખેતીના કામ માટે બળદની જરૂરિયાત હોવાથી લોન લેવામાં આવી હતી. ૯૬ ટકા સભ્યો બળદનો ઉપયોગ ખેતીમાં કરતા હતા. બળદની લોન લેવાની બાબતમાં આદિવાસીઓને મંડળી કે સંસ્થાની અધિકૃત વ્યકિતઓના સહકારથી સરળતાથી પ્રાપ્ત થઇ શકી હતી. મોટે ભાગે તો લોન માગણી કર્યા પછી ૬થી ૮ મહિનામાં મળી જતી હતી. કોઇક જ્યાએ વર્ષથી વધુ સમય ગયો છે. વેપારીઓ વેચવા આવ્યા હતા અથવા સંસ્થાકે મંડળીની અધિકૃત વ્યકિતઓ ખરીદવા ગઇ હતી. પરંતુ દરેકને પોતાને મનપસંદ બળદ પ્રાપ્ત થયો હતો અને એમાં કોઇ જાતનું કમિશન આપવું પડયું નહોતું. બળદનો ઉપયોગ દરેક પોતે જ કરતા હતા. ફક્ત ૯ વ્યકિતઓએ થોડા સમય માટે ભાડે ખેડવા આપ્યો હતો. મોટા ભાગનાં કુટુંબોને બળદ મળવાથી ૨૦૦થી ૧૦૦૦ રૂપિયા ફાયદો થયો છે. ફક્ત વર્ષ નબળું પડવાથી ફાયદો દેખી શકાયો નથી, તેથી હપ્તા ભરવામાં ઢીલાશ આવી છે અને વીમો પણ પુનર્જીવિત કરી શકાયો નથી. બળદની લોન મળ્યા પછી લગભગ બધાએ જ બળદ લીધો હતો ફક્ત બે કિસ્સામાં સરખી જોડ ન મળવાથી બળદ લીધા નો'તા. આ લોકોની સરકારી કે બિન સરકારી સંસ્થાઓ વિષેની જાણકારી ઘણી જ ઓછી છે. ફક્ત બળદ લોન જે સંસ્થાએ અપાવી તે સંસ્થાઓને ત્યાર પછી જાણતા થયા છે. આદિવાસી પેટા યોજનાનો પણ આટલો પ્રચાર છતાં ૩૨ ટકા લોકો જ આનો લાભ લે છે. આ વિચારવા યોગ્ય બાબત છે.

મૂલ્યાંકનની દ્રષ્ટિએ એ જાણવું જરૂરી બને છે કે બળદ આપવાની જે પ્રક્રિયા છે તેમાં કઇ સમસ્યાઓ ઊભી થાય છે અને તેનો ઉકેલ શું હોઇ શકે. આ માટે બળદ સહાય આપનાર સંસ્થા અને તેની કાર્યવાહીમાં સામેલ એવી એજન્સીઓની અમે મુલાકાત લીધી હતી. તેના આધાર કહી શકાય કે આદિવાસી વિસ્તારમાં રહેતા લોકોની આર્થિક સ્થિતિ નબળી હોય છે, મોટે ભાગે તે ગરીબાઇ રેખા નીચે જીવતા હોય છે, તેમની આવકનું મુખ્ય સાધન ખેતી અને મજૂરી હોય છે; અને એને માટે બળદ રૂપી સાધનની જરૂરિયાતછે છે. તે વાત નિર્વિવાદ છે. કારણ કે બળદ ન હોય તો તેણે બળદ ભાડે લાવવો પડે છે અથવા વારતીયું કરવું પડે. વળી બળદની જરૂરિયાત સમયે બળદ ન મળે તો પણ યોગ્ય પાક લઇ શકાય નહીં. સર્વેક્ષણના ૧૦૦ કુટુંબોમાં ૩૦ કુટુંબો પાસે જ બળદ હતો તેમાં ૧૬ પાસે તો ફક્ત એક જ બળદ હતો. એટલે ૧૪ કુટુંબો જ એવા હતાં કે જેને બળદ લોન ન મળી હોત તો બળદ વિના ચલાવી શકત. આમ ૮૬ ટકા કુટુંબોને તો બળદ મળવાથી રાહત મળી જ છે. તેથી લોન તો યોગ્ય રીતે જ અપાઇ છે.

વળી જે લોન અપાઇ છે તેના દ્વારા જ બળદ જ ખરીદાયો છે. અમારા સર્વેક્ષણમાં એક પણ દાખલો એવું નથી કે જયાં આદિવાસીના નામે બિન આદિવાસીએ બળદ ખરીદો હોય. બળદની જરૂરિયાત છે તેને અને યોગ્ય વ્યક્તિઓને લોન મળી છે એ હકીકત હોવા છતાં પણ બળદ માટેની લોનની કાર્યવાહી ખરીદી અને વસુલાતમાં કેટલીક ત્રુટીઓ રહેવા પામી છે, તે જો નિવારવામાં આવે તો નિગમનો સહાય દરે બળદ આપવાનો કાર્યક્રમ વધુ સફળ થઇ શકે. તે માટે નીચેનાં સૂચનો આપી શકાય :

સૂચનો :

(૧) નિગમના વિસ્તરણ અધિકારી પાસે ઘણા તાલુકા હોવાથી તે ચકાસણીમાં પૂરતો સમય ફાળવી શકતા નથી તેથી તાલુકાદીઠ એક અધિકારી હોવા જોઇએ.

(૨) બળદ લોન માટે સરકારી નિયમ પ્રમાણેના સરકારી અધિકારીઓએ ખરીદી વખતે હાજર રહેવું જોઇએ.

(૩) સરકારી તંત્રે નિગમના કાર્ય સાથે સહભાગી બનવું જોઇએ.

(૪) સરકારી નિગમ અને બળદ લોન આપનાર સંસ્થા વચ્ચે સંકલનનો અભાવ દેખાય છે તે દૂર થવો જોઇએ.

(૫) બળદની કિંમતમાં ગોલમાલ થાય એ શકયતા હોવાથી બળદની ઉંમર અને આરોગ્ય પ્રમાણે બજાર કિંમત નક્કી થવી જોઇએ.

(૬) તાલુકા કે પેટા યોજના દ્વારા સર્વેક્ષણ કરી જો બળદ લોન અપાય તો યોગ્ય પ્રમાણમાં વહેંચણી શકય બને.

(૭) બળદની માગણી અને લોન વચ્ચેનો જે સમય ગાળો વધુ રહે છે તે ઓછો થવો જોઇએ.

(૮) વેટરનીટી ઓફીસર કડી પહેરાવવા જવા માટે જે વિલંબ કરે છે તે દૂર કરવા તેને અનુકૂળતા કરી આપવી જોઇએ. બની શકે તો દરેક તાલુકા કલ્યાણ નિગમનો એક વેટરનીટી ઓફીસર હોવા જોઇએ જે યોગ્ય રીતે ચકાસણી કરી શકે.

(૯) દરેક આદિવાસી ક્ષેત્રમાં ફરતુ પશુ દવાખાનું હોવું જોઇએ કે જે મહિનાના ૨૦ દિવસ તાલુકામાં ફરવાનું રાખે છે અને પશુની ચિકિત્સા કરતા રહે તેથી પશુમાં થતા રોગોને મૂળથી જ દૂર કરી શકાય અને પશુધન વેડફાતું અટકાવી શકાય.

(૧૦) માન્ય સંસ્થાઓ સેવાના રાહ પર ચાલતી હોય છે તેથી તેમની પાસે કર્મચારી ઓછા હોય છે એટલું જ નહીં તેમની પાસે વહીવટી સ્ટાફ પણ પૂરતો હોતો નથી. આથી નિગમે તેમને આ કાર્ય માટે સારો વહીવટદાર રાખવા વહીવટીખર્ચ પેટે થોડી રકમ આપવી જોઇએ.

(૧૧) જંગલ મંડળી દ્વારા જે ધિરાણ અપાય છે તેના હપ્તા મજૂરી પેટે અથવા અન્ય કોઇ રીતે વસુલ થાય છે. જયારે માન્ય સંસ્થા પાસે આવી કોઇ સગવડ ન હોવાને પરિણામે તેઓ નિયમિત હપ્તા ન ભરનાર ખેડૂતને કંઇ કરી શકતા નથી. તેથી ઘણી વસુલાત બાકી રહે છે. વળી માન્ય સંસ્થા પાસે શૈક્ષણિક અને બીજી જવાબદારી હોય છે તેથી આ વધારાની જવાબદારી અદા કરવામાં પણ તેમને મુશ્કેલી પડતી હોય છે. તેઓ વસુલાત ન કરાવી શકે તેથી બીજી લોન ન મેળવી શકાય અને જરૂરિયાતવાળાને બળદ અપાવી ન શકાય તેથી જે વસુલાત કરાવી શકે તેવી સંસ્થા દ્વારા બળદ લોન અપાય તો તે વધુ યોગ્ય રહે.

(૧૨) બળદ લોન સાથે વીમા બાબત સજાગતાની પણ જરૂરિયાત છે. તેથી હપ્તા સાથે વીમો પુનર્જીવિત કરાવવાનું પણ ધ્યાનમાં રાખવું જોઇએ.

અન્ય સૂચનો :

(૧) તાલુકા કલ્યાણ નિગમ દ્વારા માણસ મૂકવામાં આવે તો નિગમને ૨ ટકા ખર્ચ વધુ થાય તેથી બેન્ક લોન અને નિગમ આપે તે લોન વચ્ચે ૨ ટકાનો વહીવટ ખર્ચનો તફાવત રાખવો જોઇએ.

(૨) સરકારી મશીનરીમાં લાગણી, નિષ્ઠા, તત્પરતાની જરૂર છે.

(૩) બેન્કોએ પણ ૨૦ મુદ્દાના કાર્યક્રમને ધ્યાનમાં લઇ આદિવાસીઓને બળદની લોન રાહત દરે આપવા બાબતમાં સક્રિય બનવું જોઇએ.

...